
॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ગ્રંથમાળા - ૧૮

# સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીનું

# જીવન દર્શન




: પ્રસિદ્ધ કર્તા :

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ

વડતાલધામ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૧૮

# સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીનું જીવન દર્શન

શ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદીના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮
આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

: લેખક :
સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી - સાહિત્ય વિશારદ, વડતાલધામ.

: પ્રકાશક :
**મુખ્ય કોઠારીશ્રી**
વડતાલ ટેમ્પલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડ વતી,
મુખ્ય કોઠારીશ્રી ડૉ. શા. સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D. Litt.)
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

**વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા - ૧૮**
**સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીનું જીવન દર્શન**

---

**પ્રકાશક તથા સર્વ હક્ક :** શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ
મુ.પો. વડતાલ. તા. નડિયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)
Email : vadtaldhamvikas@gmail.com
Website : www.vadtalmandir.org

---

**પ્રકાશન તિથિ :** વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ - સં. ૨૦૮૧, તા. ૭ થી ૧૫ નવેમ્બર -૨૦૨૪.

---

**લેખક :** સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી - સાહિત્ય વિશારદ, વડતાલધામ

---

**સંપાદક :** શાસ્ત્રી અમૃતવલ્લભદાસ

---

**આવૃત્તિ :** પ્રથમ

---

**પ્રત :** ૧૦૦૦

---

**મૂળ કિંમત :** ₹ ૭૦/-

---

**વેચાણ કિંમત :** ₹ ૩૦/-

---

**સૌજન્ય :** પ.ભ. શ્રી જીજ્ઞેશભાઈ ચીમનભાઈ પટેલ (કંડારી, હાલ. પુના)

---

**પ્રાપ્તિ સ્થાન :** શ્રી હરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર, વડતાલધામ. ફોન : + ૯૧ ૭૨૦૩૦૯૨૬૨૦

---

**મુદ્રક :** હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ
મો : ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો : ૯૮૨૫૮ ૫૦૫૫૯
Email : hgppl1008@gmail.com

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# આશીર્વાદ પત્ર

सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ७८-१२०१०

ता.१२-१०-२०२४

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદ પૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ વડતાલ મંદિરમાં નિવાસ કરી નિત્ય પ્રાતઃ કથાનું રસપાન કરાવી મહારાજની નિષ્ઠા દ્રઢ કરાવી રહેલા શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી દ્વારા શ્રીજી મહારાજના હૈયાના હાર સમાન તેમજ પરિપાક પ્રેમની મૂર્તિ એવા પરમહંસીય પરંપરાના આભૂષણ સમાન સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદજી સ્વામીનું સંક્ષેપમાં જીવન-કવનનું આલેખન કરી વડતાલધામ ખાતે ઉજવાય રહેલા શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત ''સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીનું જીવન દર્શન'' નામનું પુસ્તક વડતાલ મંદિર દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે. તેમને અમે બિરદાવીએ છીએ.


તેમજ શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના કરીએ છીએ કે, દરેક સત્સંગીમાત્રને જીવનનો પથદર્શન કરે તેવી અભ્યર્થના સહ, આ કાર્યમાં સહભાગી બનનાર તમામ ઉપર ભગવાનની નિરતીશય કૃપા વરસતી રહે તેવી પ્રાર્થના સહ અમારા અતિ ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

રાકેશપ્રસાદ

આચાર્ય મહારાજશ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हरिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिंप्रणमाम्यह त्वाम् ॥

# સમર્પણ



**સદ્‌ગુરૂ શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી - ધોલેરા**

જેમણે વડતાલ ગાદીનાં આચાર્ય પાસે સદગુરુ શ્રી ભાયાત્માનંદ સ્વામીની પરંપરામાં સંતદીક્ષા ગ્રહણ કરી છે. જેમણે સ્વગુરુની અનુવૃત્તિમાં જીવનપર્યંત દેવસેવા-ભજન સ્મરણ કરી સ્વજીવન કૃતાર્થ કરેલ છે. દેવનો અતૂટ મહિમા એમની રગેરગમાં હોવાથી સત્સંગમાં એમણે "મહિમામૂર્તિ" આ હુલામણા નામથી સત્સંગ સમાજ ઓળખે છે. જેમણે શરીરે સાથ આપ્યો ત્યાં સુધી ગામડાઓમાં પરિભ્રમણ કરી અનેક મુમુક્ષુઓને ભગવાન સન્મુખ કર્યા છે. ધંધુકા મંદિરમાં રહી વર્ષો સુધી સત્સંગ અને મંદિરનું સંવર્ધન અને સંપોષણ કરેલ એવા **સ.ગુ. સ્વામી શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામીનાં** કરકમળમાં આ ગ્રંથપુષ્પ અર્પણ કરતાં અમો સહૃદય હર્ષની લાગણી અનુભવીએ છીએ.

કોઠારી સાધુ દેવપ્રકાશદાસ
ચેરમેનશ્રી, વડતાલધામ

શાસ્ત્રી સાધુ સંતવલ્લભદાસ
મુખ્ય કોઠારીશ્રી, વડતાલધામ

# પ્રકાશક તરફથી

હે વહાલા સંતો - ભક્તો ! સંસાર સાગરનાં ભયંકર તોફાનમાં, ચઢાવ-ઉતારમાં સારાં પુસ્તકો પ્રકાશ આપવા માટે સહાયતા કરે છે. તેથી ઉત્તમ વિચારો અને શ્રેષ્ઠ ભાવનાઓ જાગૃત થાય છે. આ પ્રકારે સદ્‌ગ્રંથો આત્માના ઉદ્ધાર માટેનું એક માધ્યમ છે.

કોઈપણ ધર્મ હોય કે કોઈપણ સંપ્રદાય હોય, સાહિત્ય અને સદ્‌ગ્રંથો વિના એનું પોષણ થઈ શકતું નથી. સદ્‌ગ્રંથો જ તે સંપ્રદાયની પ્રગતિનું અવિભાજ્ય એક અંગ છે, ચિરકાળ સુધી જે તે સંપ્રદાયની પહેચાન તે સંપ્રદાયના સદ્‌ગ્રંથોથી જ થાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાય પણ સાહિત્યનો ખજાનો છે. નાનાં - મોટાં અનેક સદ્‌ગ્રંથો આ સંપ્રદાયમાં વિદ્યમાન છે. જેમ સમુદ્ર વિશેષ ઘુઘવાટા કરે છે, તેમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ અનેક નાનું - મોટું સાહિત્ય પ્રકાશન થતું જ રહે છે, તેમાં બે પુસ્તકોનો વધારો થતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

વર્તમાન સમયમાં વડતાલ મંદિરનાં ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે, ત્યારે શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞા અને આશીર્વાદથી વડતાલ ટેમ્બલ બોર્ડ

કમિટીના ત્યાગી - ગૃહી તમામ સભ્યો દ્વારા આજે જ્યારે સમગ્ર સત્સંગમાં **શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલધામ સં. ૨૦૮૧** નો સોનેરી અવસર આવી રહ્યો છે ત્યારે આ મહામહોત્સવના ઉપક્રમે સાહિત્યની અનેક શ્રૃંખલાઓ પ્રકાશિત થઈ રહી છે. એમાં આ **"સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીનું જીવન દર્શન"** પુસ્તિકા **અઢાર (૧૮)**માં પુષ્પરૂપે પ્રકાશિત કરવાનું નિર્ધાર્યું છે.

આ પુસ્તકના લેખક **સદ્‌ગુરુ સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજીએ (સાહિત્ય વિશારદ)** નંદ સંતોમાં અગ્રણ્ય એવા **"સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીનું જીવન દર્શન"** લેખન કરીને સાહિત્ય - સેવામાં ઉમેરો કરેલ છે. આ બદલ વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ, સર્વે દેવો, પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ સર્વ સંતો-ભક્તો લેખક ઉપર વિશેષ રાજી થાય એ જ અભ્યર્થના સાથે જય શ્રી સ્વામિનારાયણ.

**ચેરમેનશ્રી :**
પ.પૂ.કો. દેવપ્રકાશદાસજી સ્વામી
વડતાલધામ

**મુખ્ય કોઠારીશ્રી :**
પ.પૂ.શા. સંતવલ્લભદાસજી સ્વામી
(Ph.D., D. Litt.)
વડતાલધામ

# લેખક તરફથી નિવેદન

હે વહાલા સંતો-ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનના સમકાલિન સમયમાં આશરે ત્રણેક હજાર જેટલા સંતો હતા. તેમાં સો (૧૦૦) ઉપરાંત મુખ્ય સંતો હતા. તેમાં એક આગેવાન સંત એટલે પ્રેમની મૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી હતા.

પૂજ્યપાદ સચ્ચિદાનંદ સ્વામી ચીંથરે વીટાયેલું રત્ન હતું ! જેમ કે ઝવેરી સિવાય સાચા હીરાને બીજી વ્યક્તિ ઓળખી શકે નહિ, તમે સચ્ચિદાનંદ સ્વામીને પણ સામાન્ય વ્યક્તિ ઓળખી શકતા નહિ, કારણ કે સ્વામી સ્થૂળદેહે કરીને ખેતી-વાડીનું કામ કરતા હતા.

પ્રેમમૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી તનથી ખેતી કરી પ્રગટ પ્રભુ શ્રીહરિનો રાજીપો મેળવતા હતા, એ આ પુસ્તક વાંચવાથી ખ્યાલ આવશે. તનથી સેવા કરતા અને મનથી શ્રીજી મહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખતા; આ એમની વિશેષ ઓળખાણ હતી.

આ નાનકડા પુસ્તકનું યજમાનપદ પુના નિવાસી **પ.ભ.શ્રી જીજ્ઞેશભાઈ ચીમનભાઈ પટેલે** સ્વીકાર્યું છે, તે બદલ તેઓના સમગ્ર પરિવાર ઉપર વૃત્તાલય વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણદેવ તેમજ પ.પૂ.આચાર્ય મહારાજશ્રી રાજી થાય એ પ્રાર્થના કરું છું.

આ નાનકડું પુસ્તક લખવા બદલ મને પણ સર્વેનો રાજીપો મળતો રહે તથા આ પુસ્તકનું સંપાદન અમારા મંડળના **શાસ્ત્રી અમૃતવલ્લભદાસજી**એ કર્યું છે, તે બદલ તેમને પણ સર્વે આશીર્વાદ આપે.

**શ્રી હરિકૃષ્ણ મહારાજ** તથા **લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ** પ્રસંગે આ પુસ્તક પ્રકાશિત કરવા બદલ વડતાલ મંદિરના **ચેરમેન દેવપ્રકાશ સ્વામી** તથા **મુખ્ય કોઠારી શાસ્ત્રી ડો.સંતવલ્લભ સ્વામી**નો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**લિ : સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ, વડતાલધામ**
**સંવત્ ૨૦૨૪ શ્રાવણ સુદ-૧૫ રક્ષાબંધન**
**તા.૧૯-૮-૨૦૨૪**

# આભારના અધિકારી

આરાધ્ય ઈષ્ટદેવ વૃત્તાલય વિહારી, અનંત મુક્તોના ધ્યેય-ઉપાસ્ય, ભક્તવત્સલ કલ્પતરુ **શ્રી હરિકૃષ્ણ મહારાજ** તથા મહાપ્રતાપી **શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવો**ની અસીમ કૃપાથી તથા **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદથી તથા **સદ્‌ગુરુ મહામુનિવર સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની** પરંપરાના સંત, શાસ્ત્રાભ્યાસી, ભજનાનંદી પ.પૂ. સદ્.શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામીની શુભ પ્રેરણાથી

**અ.નિ.ચીમનભાઈ હરજીભાઈ પટેલની પુણ્ય સ્મૃતિમાં**

**ગં.સ્વ.** : **રમાબેન ચીમનભાઈ પટેલ**

**સુપુત્ર** : **જીજ્ઞેશ ચીમનભાઈ પટેલ**

**ધર્મપત્ની** : **શિતલબેન જીજ્ઞેશ પટેલ** તથા

**સુપૌત્ર** : **શ્રીજી જીજ્ઞેશભાઈ પટેલ**

**ગામ** : **કંડારી** (હાલ પુના)

તરફથી આ ગ્રંથ પ્રકાશનમાં આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. તો આ સમગ્ર પરિવાર પર શ્રીહરિજી મહારાજ તથા સંતો-હરિભક્તોની કૃપાદ્રષ્ટિ કાયમ રહે એવી પ્રાર્થના સાથે હાર્દિક અભિનંદન.

**લી. સ્વામી શુકદેવપ્રસાદદાસ તથા**
**સ્વામી શ્યામવલ્લભદાસ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ.નં. |
| --- | --- | --- |
| ૦૧. | સચ્ચિદાનંદ સ્વામીનું જીવનદર્શન | ૧૫ |
| ૦૨. | મોટાભાઈની મદદે મહારાજ પધાર્યા | ૧૭ |
| ૦૩. | મરેલા જાણી મસાણમાં લઈ ગયા ! | ૧૯ |
| ૦૪. | દિવ્યરૂપે આવી લઈ ગયા ! | ૨૧ |
| ૦૫. | હીરાભાઈ કંટાળી ગયા ! | ૨૩ |
| ૦૬. | દીક્ષા આપી સચ્ચિદાનંદ નામ પાડ્યું | ૨૫ |
| ૦૭. | સ્વામીને વાડીએ રહેવાની આજ્ઞા કરી | ૨૭ |
| ૦૮. | સ્વામીની સામર્થીનો પરિચય | ૨૯ |
| ૦૯. | સ્વામીએ સત્તાવીશ રૂપ ધારણ કર્યાં ! | ૩૦ |
| ૧૦. | શ્રીજી મહારાજ શાક-બાટી જમ્યા | ૩૨ |
| ૧૧. | સ્વામી ગોલોક-ધામમાં ગયા | ૩૪ |
| ૧૨. | રાધા વાવ ખોદવાની આજ્ઞા | ૩૬ |
| ૧૩. | ૨૦૦ પાર્ષદોની શ્રીહરિએ રક્ષા કરી | ૩૮ |
| ૧૪. | શ્રીજી મહારાજે વાવની અંદર જઈ... | ૪૦ |

| ક્રમ | વિષય | પેજ.નં. |
|---|---|---|
| ૧૫. | નિત્યાનંદ સ્વામી ઉપર રાજીપો | ૪૨ |
| ૧૬. | મૂર્તિમાન મહાદેવ પધાર્યા | ૪૪ |
| ૧૭. | રાધા વાવે સદાવ્રત શરુ કરાવ્યું | ૪૬ |
| ૧૮. | સ્વામીના સ્નેહને કારણે ખૂબ જમ્યા | ૪૮ |
| ૧૯. | કાળ પુરુષ સાથે કુસ્તી કરી ! | ૫૦ |
| ૨૦. | સ્વામીએ કામને ઉદરમાં બંધ કર્યો ! | ૫૨ |
| ૨૧. | સ્વામી માટે દર્શનની છૂટી | ૫૪ |
| ૨૨. | આજીવન સેવા કરી રાજીપો મેળવ્યો | ૫૬ |
| ૨૩. | સ્વામીએ કાળ થકી રક્ષા કરી | ૫૮ |
| ૨૪. | સાઠ માણસોની રસોઈ સ્વાહા... | ૬૦ |
| ૨૫. | સ્વામીનો સંકલ્પ મૂર્તિમાન થયો ! | ૬૨ |
| ૨૬. | સચ્ચિદાનંદ સ્વામી વેદ બોલ્યા ! | ૬૪ |
| ૨૭. | ઘેલા નદી કિનારે શાકોત્સવ કર્યો ! | ૬૭ |
| ૨૮. | સ્વામીએ ઈન્દ્રદેવને પગની લાત મારી ! | ૬૯ |
| ૨૯. | પ્રગટ પ્રભુની પ્યાસ બુઝી નહિ ! | ૭૧ |
| ૩૦. | ભક્ત અને ભગવાનની એકતા ! | ૭૩ |
| ૩૧. | બે રસોઈની જલેબી-મોતીયા જમી ગયા | ૭૫ |

| ક્રમ | વિષય | પેજ.નં. |
|---|---|---|
| ૩૨. | કૈલાસમાંથી બીલીપત્ર મંગાવ્યા | ૭૭ |
| ૩૩. | જાતે રોટલા બનાવી જમવાનું કહ્યું | ૮૧ |
| ૩૪. | ઘંટીને ઘસરકે રે, વાલો મારો... | ૮૩ |
| ૩૫. | સ્વામીએ અનેક નિયમો લીધા | ૮૫ |
| ૩૬. | સ્વામીને દિવ્ય દર્શન થયું | ૮૭ |
| ૩૭. | ગુરુ-શિષ્ય બે ગુચ્છ લાવ્યા | ૮૯ |
| ૩૮. | સિદ્ધાનંદ સ્વામીની સમજણ | ૯૧ |
| ૩૯. | સ્વામીનાં નાક-કાનમાંથી લોહી.... | ૯૩ |
| ૪૦. | પ્રસાદીની રાબ પીવડાવી | ૯૫ |
| ૪૧. | મહારાજ વઢે તો હેત વધે ! | ૯૭ |
| ૪૨. | શ્રીજીએ દૃષ્ટાંત આપી સમજાવ્યા | ૯૯ |
| ૪૩. | ગુરુ-શિષ્ય ઉપર મહારાજનો રાજીપો | ૧૦૧ |
| ૪૪. | ખરા ઉપાસકનો ધર્મ કયો ? | ૧૦૩ |
| ૪૫. | ઉલટી કરી બીરંજ બતાવ્યો ! | ૧૦૫ |
| ૪૬. | કેરીઓ જમાડવાનો ભાવ, પરંતુ.... | ૧૦૭ |
| ૪૭. | રજપૂતે સંતોની રક્ષા કરી | ૧૦૯ |
| ૪૮. | ચમત્કારથી ચીંચોડો ફેરવ્યો ! | ૧૧૧ |

| ક્રમ | વિષય | પેજ.નં. |
|---|---|---|
| ૪૯. | સ્વામી પાસે ચાર વેદ બોલાવ્યા | ૧૧૫ |
| ૫૦. | ગળામાં બે નાગ વીંટાઈને બેસતા ! | ૧૧૭ |
| ૫૧. | સ્વામીએ અંતર્યામીપણું બતાવ્યું | ૧૧૮ |
| ૫૨. | સત્સંગનો ખપ કેવો રાખવો ? | ૧૧૯ |
| ૫૩. | અન્નકૂટ-સમૈયામાં સમાધિ | ૧૨૧ |
| ૫૪. | ભમરાઓનાં મોટાં ભાગ્ય ! | ૧૨૩ |
| ૫૫. | સ્વામીએ કેવું વરદાન માગ્યું ? | ૧૨૫ |
| ૫૬. | મંદિરમાં પથરા લાવવાની સેવા | ૧૨૭ |
| ૫૭. | મહારાજે અરબી ભાષામાં વાત કરી | ૧૨૯ |
| ૫૮. | વૃક્ષોના જીવોને ધામમાં મોકલ્યા | ૧૩૧ |
| ૫૯. | સચ્ચિદાનંદ સ્વામીને સેવાનું અંગ | ૧૩૩ |
| ૬૦. | શ્રીહરિએ મહાદેવના દર્શન કરાવ્યાં | ૧૩૫ |
| ૬૧. | સ્વામીને જમાડ્યા, એટલે ચોરાશી પૂરી | ૧૩૭ |
| ૬૨. | સ્વામીનાં ૧૦૦ રૂપો થયાં ! | ૧૪૦ |
| ૬૩. | ઘોડીમાં પ્રવેશ કરી પછાડ્યા ! | ૧૪૨ |
| ૬૪. | સ્વામી ધામમાં પધાર્યા | ૧૪૪ |

૧

# સચ્ચિદાનંદ સ્વામીનું જીવનદર્શન

હે વહાલા સંતો-ભક્તો ! ઐશ્વર્યમૂર્તિ હોવા છતાં ગઢડામાં રાધાવાડીએ રહીને ખેતી કરીને પ્રગટ પ્રભુનો રાજીપો મેળવનારા સ્નેહમૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી હાલાર પ્રદેશના અર્થાત્ જામનગર જિલ્લાના 'મોડા' ગામના વતની હતા. તેઓ વાઘેલા ક્ષત્રિય હતા. તેમની કદાવર કાયા હતી. તેમનું નામ દાજીભાઈ હતું. પરંતુ પરિવારજનો તેમને 'મોટાભાઈ'ના હુલામણા નામથી બોલાવતા હતા.

દાજીભાઈ નાનપણથી જ જડભરતની જેમ વર્તતા હતા ! જડભરતને વ્યવહારિક બુદ્ધિ હોવા છતાં એક સામાન્ય ગાંડો માણસ વર્તન કરે એવી રીતે વર્તતા હતા - એ જ રીતે દાજીભાઈ પણ વર્તતા હતા. તેના કારણે પરિવારના લોકો એની સ્થિતિને ન જાણી ગાંડાની સાથે જેવું વર્તન કરે એવું જ વર્તન દાજીભાઈ સાથે કરતા હતા. દાજીભાઈ પણ પરિવારના લોકો પ્રત્યે ઉપેક્ષા-ભાવથી વર્તી પોતાની મસ્તીમાં રહેતા હતા.

હે ભક્તો ! એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ મોડા ગામમાં પધાર્યા હતા. ત્યારે દાજીભાઈ ઉર્ફે મોટાભાઈ પ્રગટ પ્રભુનાં દર્શન કરવાં આવ્યા. આવીને મનોહર મૂર્તિના દર્શન કર્યા, ત્યાં તો તેમનું મન પ્રભુના સ્વરૂપમાં આકર્ષાયું, એના કારણે પ્રગટ પ્રભુની મૂર્તિ અંતરમાં ઉતરી ગઈ ! પછી તો ત્રણેય અવસ્થામાં મોટાભાઈ મૂર્તિને દેખવા લાગ્યા. તેથી દેહનું ભાન પણ ભૂલી જવા લાગ્યા અને જ્યાં-ત્યાં ફરવા લાગ્યા. એટલે ઘરના લોકોએ ઓરડામાં પૂરી તાળું મારી દીધું. તોપણ દિવાલ સોંસરવા નીકળી ગયા ! અર્થાત્ નિરાવરણ દેહ થઈ ગયો. આ પ્રસંગની નોંધ લેતા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પોતાની કલમે લખે છે કે -

"એક સચ્ચિદાનંદ સંત, અચરજકારી છે;
મહા મોટા સાધુ અત્યંત અચરજકારી છે.
તેને રુંધ્યા ઘરમાં ઘાલી, અચરજકારી છે;
રાખી ચોકી તાળાં આલી, અચરજકારી છે.
તેમાંથી નીસરી ગયા, અચરજકારી છે;
તાળાં તેમનાં તેમ રહ્યાં, અચરજકારી છે.
ભૌતિક દેહ અભૌતિક થયું, અચરજકારી છે;"

(- હરિસ્મૃતિ : ૭)

૨

## મોટાભાઈની મદદે મહારાજ પધાર્યા

હે વહાલા સંતો-ભક્તો ! જ્યારથી મોટાભાઈને શ્રીજી મહારાજની મૂર્તિ હૃદયકમળમાં દેખાવા લાગી, ત્યારથી તેઓને મનભાવન મૂર્તિનાં દર્શન થયા જ કરતા હતા ! આવી તેમની સ્થિતિ બંધાઈ ગઈ હતી ! ખાવા-પીવાનું પણ ભૂલી જતા હતા. પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજ સિવાય બીજે ક્યાંય ભાવ થતો નહિ, તેના કારણે બીજા કોઈ દેવ-દેવીનો ભાર પણ પડતો નહિ ! જો ક્યારેક મૂર્તિ અંતરમાં ન દેખાય તો આંખ વિગેરે નવ દ્વારમાંથી રૂધિર નીકળવા લાગતું હતું !

મોટાભાઈની આવી સ્થિતિ જોઈ તેમના સંબંધીઓએ ભુવાઓને બોલાવ્યા. તેથી તેઓએ આવીને મોટાભાઈને અનેક પ્રકારના પ્રશ્નો પૂછવા લાગ્યા. પરંતુ મોટાભાઈને તો પ્રગટ પ્રભુ સિવાય કોઈનો ભય હતો નહિ, તેથી શ્રીહરિજીની મૂર્તિ ધારીને મૌન રહી બેસી રહ્યા. તેના કારણે ભુવાઓ ધુણવા લાગ્યા ! અને કહેવા લાગ્યા : ‘‘મોટાભાઈ ! અમને કાંઈક પરચો આપો તો તમારી ભક્તિ સાચી માનીએ, જો કાંઈ ચમત્કાર નહિ બતાવો તો દેવી આગળ બકરાં મારી હિંસા કરીશું.’’

ભુવાઓની વાત સાંભળી મોટાભાઈ અકળાઈને મુંઝાવા લાગ્યા; તે જ સમયે શ્રીહરિ દિવ્યરૂપે પ્રગટ થયા અને બોલ્યા : ‘‘અરે દુષ્ટો ! તમે મારા પ્યારા ભક્ત

મોટાભાઈને ભય પમાડો છો ? કોને પરચો જોઈએ છીએ ? જેને ચમત્કાર જોઈએ તે આવો મારી પાસે હું પરચો બતાવું.''

આ રીતે કહીને મહાપ્રભુ શ્રીહરિએ ત્યાં બેસીને ધૂણી રહેલાં ભુવાઓના વાસામાં બે બે સોટી મારી અને હાથમાં ખુલ્લી તલવાર લઈને બોલ્યા : ''આવો, જેને વધારે પરચો જોવો હોય તો હું બતાવું.'' જેમ પ્રહલાદજીની રક્ષા કરવા શ્રીહરિએ વિકરાળ નૃસિંહરૂપ ધારણ કર્યું હતું તેમ મોટાભાઈની રક્ષા કરવા પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજે પણ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું ! તે જોઈને ભુવાઓ ભય પામ્યા અને ભાગી ગયા !''

હે ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે દિવ્યરૂપે પધારી મોટાભાઈની મદદ કરી છે, એવું નજરો-નજર જોનારાં મોડા ગામનાં નરનારીઓ તત્કાળ સમીપે આવીને પ્રગટ પ્રભુની માફી માગવા લાગ્યા અને કહેવા લાગ્યાં : ''હે સ્વામિનારાયણ ! આજ પછી ક્યારેય પણ અમો તમારા ભક્તને હેરાન નહિ કરીએ. અમને માફ કરો.'' આ પ્રસંગની નોંધ લેતા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં લખે છે કે -

''તેની વા'ર કરવા મહારાજ, આવ્યા અલબેલો મહારાજ;
કહે આવો પરચો હું આપું, પાપી મસ્તક તમારાં કાપુ.
એવું સાંભળી ભાગ્યા છે ભુવા, માન્યું મનમાં જે હવે મુવા;
બીજા આવી લાગ્યા હરિ પાય, એમ કરી સેવકની સહાય.''

- પ્ર. - ૧૩૪

3

# મરેલા જાણી મસાણમાં લઈ ગયા !

હે વહાલા સંતો-ભક્તો ! એક વખત મોડા ગામમાં મોટાભાઈને ખબર પડી કે, 'પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજ ગઢપુરથી નીકળી કચ્છ-ભુજ પધારી હરિભક્તોને દર્શનનું તથા કથા-વાર્તાનું સુખ આપી રહ્યા છે.' આવું સાંભળીને તેમને પ્રભુનાં દર્શનની તાલાવેલી લાગી ! તેથી કોઈપણને પૂછ્યા વગર મોડા ગામથી પગપાળા ચાલતા-ચાલતા જોડીયા બંદર આવ્યા.

એ સમયે સાગર-માર્ગે કચ્છમાં જવાતું હતું, તેથી કચ્છમાં જનાર વહાણમાં તેઓ બેસી ગયા. પછી વહાણ ભરાતાં ખારવા લોકો તેને ચલાવતા-ચલાવતા આગળ વધવા લાગ્યા. તે સમયે મોટાભાઈના મનમાં પ્રગટ પ્રભુનાં દર્શનની તીવ્ર તાલાવેલી લાગી. એટલે તેઓ શ્રીહરિની મૂર્તિ ધારવા લાગ્યા, તેથી સમાધિ થઈ ગઈ !

આવું દૃશ્ય જોઈને વહાણમાં બેઠેલાં સૌ વિચારવા લાગ્યા કે, 'આ વ્યક્તિ એટેક આવવાના કારણે મૃત્યુ પામેલ છે. માટે અત્યારે એક બાજુ સુવડાવી મૂકો. જ્યારે જમીન-વિભાગ આવે ત્યારે નીચે ઉતારી એનો અગ્નિ સંસ્કાર કરી દેશું.'

આ રીતે રાહ જોતાં-જોતાં ત્રણ દિવસ જતા રહ્યા, તો પણ સમાધિ ઉતરી નહિ ! એ સમયે સમુદ્ર કિનારો આવી ગયો. એટલે મોટાભાઈના દેહને પણ કપડાંની ઝોળીમાં સુવડાવી નીચે ઉતારી ફરીને તપાસ કરી, પરંતુ શ્વાસ ચાલતો ન હતો તેમજ નાડી પણ બંધ હતી !

હે ભક્તો ! ત્યારે તે ગામના લોકો ભેગા થયા અને મોટાભાઈને મૃત્યુ પામેલા જાણી સ્મશાનમાં લઈ ગયા અને ત્યાં લાકડાંની ચિતા ગોઠવી એની ઉપર સુવડાવી અગ્નિ મૂકવાની તૈયારી કરી ! ત્યાં તો અંતર્યામી પ્રભુને ચિંતા થઈ : ‘‘અરે ! આ અજ્ઞાની લોકોને એમ છે કે મોટાભાઈ મૃત્યુ પામ્યા છે, તેથી હમણા સળગાવી દેશે, માટે મારે જલ્દી જઈ મોટાભાઈના પ્રાણ બચાવવા જોઈએ.’’

આ પ્રમાણે મનોમન વિચારી તરત જ પ્રગટ પ્રભુ શ્રીહરિ દરિયાકાંઠે સ્મશાનઘાટમાં પ્રત્યક્ષ પધારીને કહેવા લાગ્યા : ‘‘આ ભક્તરાજ મોટાભાઈ મોડા ગામના સત્સંગી છે. એમને સમાધિ થયેલ છે, પરંતુ તમે લોકો એમને મરેલા જાણી બાળવા તૈયાર થયા છો.’’ આ રીતે કહી મોટાભાઈને જગાડ્યા, ત્યાં તો આળસ મરડીને બેઠા થયા ! આ દૃશ્ય જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા ! તે સમયે જ શ્રીજી મહારાજ અદૃશ્ય થઈ ગયા ! પછી મોટાભાઈ ભુજ આવ્યા અને શ્રીજી મહારાજનાં દર્શન કરી થોડા દિવસ સાથે રહી પાછા પોતાને ઘેર આવ્યા.

# ૪

## દિવ્યરૂપે આવી લઈ ગયા !

હે વહાલા સંતો-ભક્તો ! ભક્તરાજ મોટાભાઈની મનની વૃત્તિ મહારાજની મૂર્તિમાં રહેતી હોવાથી તેમને દેહનું ભાન રહેતું નહિ, તેથી અનેકવાર સ્વયં શ્રીહરિજી આવીને તેમની રક્ષા કરતા હતા. એવો જ એક પ્રસંગ બીજો બન્યો કે, અંતર્યામી એવા શ્રીજી મહારાજે આવીને એમના પ્રાણ બચાવ્યા.

એક વખત મોટાભાઈ શ્રીજી મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને ચાલ્યા જતા હતા, પરંતુ તેમને દેહનું ભાન ન હોવાને કારણે નદીમાં પડ્યા ! એ સમયે તે નદીમાં ઘોડાપુર આવેલ હોવાથી મોટાભાઈ તણાવા લાગ્યા. ત્યાં તો તરત જ અંતર્યામી પ્રભુ ત્યાં પાણી ઉપર પ્રગટ થયા અને મોટાભાઈને તણાતા બચાવીને નદી કાંઠે મૂકીને કહેવા લાગ્યા : ''મોટાભાઈ ! દેહનું ભાન કેમ રાખતા નથી ? આમ કેમ ગાંડાની જેમ વર્તો છો ? હવે ધ્યાન રાખજો.'' આ રીતે ઠપકાના રૂપમાં સલાહ આપી અદશ્ય થઈ ગયા. આ સમયે જો શ્રીજી મહારાજ રક્ષા કરવા ન પધાર્યા હોત તો અવશ્ય મોટાભાઈનું મૃત્યુ થવાનું હતું !

હે ભક્તો ! એકવાર મોટાભાઈ શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરતા હતા.

ધ્યાનમાં એવા ગુલતાન બની ગયા કે પોતાના શરીરનું પણ ભાન ભૂલી ગયાં અને એક ગાંડા માણસની જેમ વિચરણ કરવા લાગ્યા. તેમની આ સ્થિતિનું એમના પરિવારને જ્ઞાન ન હોવાથી મોટાભાઈને ગાંડા ગણવા લાગ્યા ! પછી એમને પકડી પગમાં બેડી પહેરાવી. ત્યારે દિવ્યરૂપે આવી શ્રીજી મહારાજે બેડી ભાંગી નાખી ! પછી ઓરડામાં પૂરી બંધ કરી દરવાજાએ મોટું ખંભાતી તાળું મારી સંબંધીઓ સૂઈ ગયા.

મોટાભાઈ તો મૂર્તિમાં મશગુલ બની ગયા હોવાથી તનભાન ભૂલી ગયા હતા. તેથી શરીરની પીડાનો અનુભવ થતો ન હતો. પરંતુ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણથી પોતાના મહાન ભક્ત મોટાભાઈનું બંધન જોઈ શકાયું નહિ, તેથી રાત્રે દિવ્યરૂપે મોડા ગામમાં મોટાભાઈના ઘેર પધાર્યા અને પોતાની સાથે લઈ ગયા ! આ બાજુ મોડા ગામમાં સવારે ઊઠીને કુટુંબનાં નરનારીઓએ ઓરડો ખોલી અંદર જઈ જોયું ત્યાં તો ઓરડો ખાલી જોયો ! આ પ્રમાણે પોતાના મહાન ભક્તની મહારાજે રક્ષા કરી. આ પ્રસંગને નિષ્કુળાનંદ સ્વામી પોતાના ગ્રંથમાં લખે છે કે -

“પિંડ બ્રહ્માંડ ન રહ્યું ભાન, કરતાં શ્રીજી મહારાજનું ધ્યાન;
જાણી બાવરા બેડી પહેરાવી, ભાંગી બેડી અલબેલે આવી.
ત્યારે ઘરમાં ઘાલી દીધું તાળું, રાખ્યું રખવાળે રખવાળું;
તે માંહીથી વા’લો કાઢી ગયા, તાળાં કમાડ તે દીધાં રહ્યાં.”

(- ભક્તચિંતામણિ : પ્ર. ૧૩૪)

# ૫

## હીરાભાઈ કંટાળી ગયા !

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજ રાત્રે આવી મોટાભાઈને દિવ્યદેહે પોતાની સાથે ગઢપુર લઈ ગયા, એનો ખ્યાલ આવતા પરિવારના લોકો ગઢડા આવીને મોટાભાઈને મોડા ગામ લઈ ગયા અને નજરકેદ રાખવા લાગ્યા. પરંતુ મોટાભાઈ તો મહારાજની મૂર્તિમાં મસ્ત બનીને રહેતા હતા.

સમય જતાં એકવાર શ્રીજી મહારાજ જાળીયા ગામ હીરાભાઈને ઘેર પધાર્યા હતા. રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં વરજાંગ-જાળીયા ગામ આવેલ છે. ત્યાં હીરાભાઈ ઠક્કર વગેરે અનેક સત્સંગીઓ રહેતા હતા. તેના આમંત્રણને માન આપી શ્રીજી મહારાજ તેમને ત્યાં પધાર્યા હતા. આ વાતનો ખ્યાલ આવતાં આજુબાજુનાં ગામડાંઓના હરિભક્તો દર્શન કરવા ત્યાં આવવા લાગ્યા.

હે ભક્તો ! આ વાતની ખબર પડી ગઈ છેક જામનગર જિલ્લાના મોડા ગામમાં મોટાભાઈને ! તેથી તુરંત ત્યાંથી પગપાળા ચાલતા-ચાલતા જાળીયા આવ્યા ! હીરાભાઈને ઘેર આવી પ્રગટ પ્રભુને દંડવત્ કરી પ્રાર્થના કરી કહેવા

લાગ્યા : ‘‘હે મહારાજ ! મારે હવે ત્યાગી થવું છે, માટે કૃપા કરી મને સાધુ કરો. સંસાર મને દાવાનળ સમાન લાગે છે.’’

આવું સાંભળી મહાપ્રભુ શ્રીહરિજી બોલ્યા : ‘‘હે મોટાભાઈ ! સમય આવશે ત્યારે તમને સંતની દીક્ષા આપીશું, પરંતુ હમણાં તો તમે અહીયાં જાળીયા ગામમાં જ રહો.’’ એમ કહીને હીરાભાઈ ઠક્કરને મહારાજે કહ્યું : ‘‘ભક્તરાજ હીરાભાઈ ! આ મોટાભાઈ મહાન મુક્ત છે, માટે તેમને તમે તમારી વાડીએ રાખજો તેઓ રીંગણીનું રખોપું કરશે. તેને મુંઝાવા દેશો નહિ અને જો મુંઝાય તો અમને કાગળ (પત્ર) લખીને જણાવજો.’’

ત્યારબાદ શ્રીજી મહારાજે મોટાભાઈને ભલામણ કરીને કહ્યું : ‘‘આ હીરાભાઈ કહે તેમ કરજો.’’ ત્યારે મોટાભાઈએ હા કહી. પછી શ્રીજી મહારાજ ગઢડા પધાર્યા. આ બાજુ જાળીયામાં મોટાભાઈ હીરાભાઈની વાડીએ રહી રીંગણીનું રખોપું કરવા લાગ્યા અને સાથોસાથ મહારાજની મૂર્તિનું ચિંતન તેમજ નામ સ્મરણ કરવા લાગ્યા.

વાડીમાં રીંગણાં થાય એ વેચીને હીરાભાઈ પરિવારનો ઘરખર્ચ કાઢવા લાગ્યા. તેઓ દરરોજ ઘેરથી બે ટાઈમનું ભોજન (ભાત) લઈ વાડીએ જઈ મોટાભાઈને આપી આવતા હતા, પરંતુ બે ટાઈમનું ભાત તો મોટાભાઈ એક સાથે જમી જતા હતા. પછી સાંજે ભૂખ લાગે એટલે વેચવા માટે તૈયાર કરેલ રીંગણાંની ગાંસડીઓ છોડી બધાં જ રીંગણાં ખાઈ જાય. આ રીતે દરરોજ બધાં જ રીંગણાં ખાઈ જવા લાગ્યા, તેથી હીરાભાઈ કંટાળી ગયા !

૬

# દીક્ષા આપી સચ્ચિદાનંદ નામ પાડ્યું

હે વહાલા સંતો-ભક્તો ! મોટાભાઈ શ્રીજી મહારાજની મૂર્તિને ધારીને રીંગણાં જમતાં હતા એને કારણે એને દેહનું ભાન રહેતું નહિ, તેના કારણે રીંગણાંનો મોટો ઢગલો પડ્યો હોય તો પણ બધાં જ રીંગણાં ખાઈ જવા લાગ્યા ! તેથી રીંગણાં વેચવાનું બંધ થઈ ગયું, એટલે હીરાભાઈની આવક પણ બંધ થઈ ગઈ, તેને લીધે કુટુંબનું ભરણ-પોષણ કરવાનું પણ કઠીન થઈ ગયું.

પછી હીરાભાઈએ શ્રીજી મહારાજના નામે ગઢપુર પત્ર લખ્યો અને તે પત્ર આપવા માટે મોટાભાઈને જ મોકલ્યા. તેથી જાળીયાથી ચાલતા-ચાલતા મોટાભાઈ ગઢડા આવ્યા અને શ્રીજી મહારાજને દંડવત્ પ્રણામ કરી હીરાભાઈએ લખેલ કાગળ આપ્યો. પત્ર વાંચીને મહારાજ મંદમંદ હસવા લાગ્યા અને મોટાભાઈને પોતાની પાસે ગઢડામાં રાખી રાધાવાવ વાડીએ ખેતી કરવાની તેમજ રખોપું રાખવાની જવાબદારી સોંપી વાડીએ મોકલ્યા.

હે ભક્તો ! 'દુર્ગપુર માહાત્મ્યમ્' ગ્રંથના ચોપનમાં અધ્યાયમાં મોટાભાઈનો એક પ્રસંગ લખવામાં આવેલ છે, તે આપ સર્વેને જણાવી રહ્યો છું. એકવાર

પ્રગટ પ્રભુ શ્રીહરિ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા ત્યારે દાદા ખાચરનાં બેન પાંચુબા ત્યાં આવ્યાં અને શ્રીજી મહારાજને પંચાંગ પ્રણામ કરીને કહેવાં લાગ્યાં : ''હે મહારાજ ! મોટાભાઈ નામના જે હરિભક્ત આવ્યા છે, તેને હું આપની આજ્ઞાથી જમાડું છું, પરંતુ હું જેટલા રોટલા પીરસું તે બધા જ રોટલા આપને સંભારતા-સંભારતા જમી જાય છે, તો પણ જમીને તૃપ્ત જ થતાં નથી, તેથી હું રોટલા બનાવી-બનાવીને થાકી જાઉં છું, એટલે હવે મોટાભાઈને જમાડવા માટે બીજી બાઈઓ રાખવી પડશે.''

પાંચુબાની વાત સાંભળી શ્રીહરિજીએ મોટાભાઈને બોલાવ્યા અને સવાલ કર્યો : ''તમે સિદ્ધ સમાધિવાળા છો, તેથી કહો કે આજે કેટલા રોટલા જમ્યા ?'' ત્યારે મોટાભાઈએ કહ્યું : ''મેં કેટલા રોટલા આજે ખાધા કે હું દરરોજ કેટલા રોટલા જમું છું એની મને કાંઈ ખબર નથી. હું તો તમારી મૂર્તિમાં વૃત્તિ રાખીને જેટલું પીરસે એટલું જમ્યા કરું છું. જમતા-જમતા કેવળ આપની મૂર્તિ જ મને દેખાય છે, બીજું કાંઈ દેખાતું નથી.''

આ પ્રમાણે કહીને મોટાભાઈએ વિનંતી કરીને કહ્યું : ''હે મહારાજ ! મારે ત્યાગી બનવું છે, તેથી મને સાધુની દીક્ષા આપો.'' પછી શ્રીહરિએ મોટાભાઈને દીક્ષા આપી સચ્ચિદાનંદ સ્વામી નામ પાડી કૃપાનંદ સ્વામીના સંતમંડળમાં રહેવાની આજ્ઞા કરી.

૭

# સ્વામીને વાડીએ રહેવાની આજ્ઞા કરી

હે વહાલા સંતો-ભક્તો ! દાજીભાઈ ઉર્ફે મોડા ગામના મોટાભાઈ સંત બની સચ્ચિદાનંદ સ્વામી બન્યા. પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજે તેમને કૃપાનંદ સ્વામીના મંડળમાં રહી ગામડાંઓમાં વિચરણ કરવા જવાની આજ્ઞા કરી. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી કહેવા લાગ્યા : ''હે મહારાજ ! હે દયાનિધિ ! મારું મન આપના સ્વરૂપમાં પ્રેમાસક્ત છે, તેથી હું આપનો વિયોગ સહન નહિ કરી શકું, માટે મને આપની સાથે ગઢપુરમાં જ રાખો.''

આવું બોલતા-બોલતા એમની આંખોમાંથી આંસુઓ વહેવાં લાગ્યાં અને મૂર્છિત થઈ ગયા ! ત્યારે લાડુબાએ કહ્યું : ''હે મહારાજ ! આપની મૂર્તિમાં પ્રેમાસક્ત મનવાળા સચ્ચિદાનંદ સ્વામીને દુઃખી ન કરો. એમના ઉપર કૃપા કરીને અહીંયાં જ રહેવા દો. સ્વામીને આપની સમીપમાં જ રાખો.''

લાડુબાની વિનંતી સાંભળી દયાળુ પ્રભુ બોલ્યા : ''હે સચ્ચિદાનંદ સ્વામી ! તમારે હવે અહીં ગઢડામાં જ રહેવું. પરંતુ તમે અહીં રહીને શું કામ કરશો ? તે મને કહો.'' ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું : ''હે મહારાજ ! આપનાં ભક્ત

લાડુબાના કહેવાથી જ આપે મને અહીં રહેવાની હા કહી છે, તેથી હું દરરોજ લાડુબાનું કામ કરીશ.''

હે ભક્તો ! સ્વામીની વાત સાંભળી પ્રગટ પ્રભુ શ્રીહરિએ સ્વામીને કહ્યું : ''તમારે હવે કાયમ માટે લાડુબાની પીપળાવાળી વાડીએ રહેવું અને તે વાડીનું રક્ષણ કરવાનું તેમજ ત્યાં રહીને ભજન કરતાં કરતાં સેવા કરવાની; આ અમારી આજ્ઞાનું તમારે કાયમ માટે પાલન કરવાનું. તમારે અમારાં દર્શન કરવા દરરોજ આવવું, પરંતુ દર્શન કરીને પછી વાડીએ જતું રહેવાનું, આવી અમે આજ્ઞા કરીએ છીએ.''

શ્રીહરિની આજ્ઞા સાંભળી સ્વામી રાજી થયા અને પીપળાવાળી વાડીએ ગયા. પછી બીજા દિવસે ઘેલા નદીનું જળ ભરીને દરબારગઢમાં આવ્યા અને શ્રીહરિને સ્નાન કરાવ્યું. ત્યારે લાડુબાએ વસ્ત્રો-આભૂષણો લાવીને દાદાખાચરને આપીને કહ્યું : ''દાદાભાઈ ! આ વસ્ત્રો વગેરે સચ્ચિદાનંદ સ્વામીને આપીને કહો કે, તેઓ મહારાજને ધારણ કરાવે.'' પછી સ્વામીએ શ્રીજી મહારાજને વસ્ત્રો પહેરાવ્યા અને શણગાર કરી આરતી ઉતારી.

હે ભક્તો ! સ્વામીનો ભાવ જોઈ ભગવાન શ્રીહરિ બહુ રાજી થયા અને સ્વામીને ભેટી પ્રસાદીનો હાર પહેરાવી રાજીપો દર્શાવ્યો. પછી સ્વામીને પ્રસાદીનો થાળ આપ્યો. તે જમીને સ્વામી વાડીએ ગયા. આ પ્રમાણે સ્વામી વાડીમાં સેવા કરતાં અને દરરોજ દરબારગઢમાં આવી શ્રીહરિનાં દર્શન કરી આનંદ પામતા હતા.

## ૮

# સ્વામીની સામર્થીનો પરિચય

હે વહાલા સંતો-ભક્તો ! એક વખત ગઢપુરમાં સચ્ચિદાનંદ સ્વામી પાસે ટુટીયું (એક પ્રકારનો એ સમયનો રોગ) મૂર્તિમાન રૂપ ધારણ કરીને આવ્યું અને સ્વામીને કહેવા લાગ્યું : “હે સાધુરામ ! આજે તો તમારા શરીરમાં પ્રવેશ કરીને તમારા પ્રાણ લેવા છે !” આ પ્રમાણે કહીને તે રોગ પ્રકાશરૂપે થઈ સ્વામીના શરીરમાં પ્રવેશ કરી નાભિકમળમાં જઈને બેસી ગયું !

સિદ્ધ દશાવાળા આવા મહાપુરુષોમાં અપાર સામર્થી હોય છે, એ ન્યાયે સચ્ચિદાનંદ સ્વામીમાં પણ બહુ સામર્થી હતી. તેના કારણે સ્વામીએ પોતાની સામર્થી દ્વારા પોતાના હાથ-પગની નાડીઓ તાણી લીધી ! ત્યાર પછી અંતરમાં જઠરાગ્નિ પ્રગટાવી ! એટલે ટુટીયું બળવા લાગ્યું ! એટલે બૂમો પાડી પુકાર કરતાં-કરતાં માફી માગી કહેવા લાગ્યા : “હે સ્વામીજી ! મને છોડી દ્યો. હવે કોઈ દિવસ હું તમારી છેડ નહિ કરું, તમે તો મોટા સંત છો.”


હે ભક્તો ! આ પ્રમાણે કેટલીક વિનંતી કરી ત્યારે સ્વામીએ તેને મુકી દીધું, તેથી તે ટુંટિયું સ્વામીને પગે લાગી, માફી માગીને જતું રહ્યું. તો કહેવાનું એ છે કે, ‘સચ્ચિદાનંદ સ્વામી અપાર-ઐશ્વર્યવાળા મહાપુરુષ હતા.’

# સ્વામીએ સત્તાવીશ રૂપ ધારણ કર્યાં !

હે વહાલા સંતો-ભક્તો ! ગઢપુરમાં લાડુબાની પીપળાવાડીમાં શ્રીજી મહારાજની આજ્ઞાથી સચ્ચિદાનંદ સ્વામી રહીને સેવા કરતાં હતા તેમજ વાડીના પાકની રક્ષા કરતા હતા.

એકવાર પીપળાવાડીમાં સચ્ચિદાનંદ સ્વામીએ રીંગણી વાવી હતી. તેમાં રીંગણાં બહુ થયાં હતાં, એટલે રીંગણાં ચોરવા માટે રાત્રીએ સત્યાવીશ (૨૭) ચોર આવ્યા ! આવીને બધાં ચોર રીંગણાં તોડવા લાગ્યા. તેનો અવાજ થતાં જ સચ્ચિદાનંદ સ્વામી ઝુંપડીમાંથી બહાર નીકળ્યા અને હાકોટા કરવા લાગ્યા. તે સાંભળી ચોર ભાગવા લાગ્યા, તે સમયે સચ્ચિદાનંદ સ્વામીએ એક સાથે સત્યાવીશ રૂપ ધારણ કર્યાં અને એક એક ચોર પાછળ એક એક રૂપે દોડ્યા ! આટલા બધાં રૂપ જોઈને ચોર ગભરાઈ ગયા, તેથી રીંગણાં મૂકીને ભાગી ગયા અને રાત્રીના અંધારામાં દૂર નીકળી ગયા.

પછી રીંગણાં ભેગાં કરી ગાંસડી બાંધી માથે ઉપાડી સવારે સ્વામી દરબારગઢમાં આવ્યા અને શ્રીજી મહારાજ આગળ ગાંસડી મૂકી દંડવત કરીને બેઠા. ત્યારે શ્રીજી મહારાજે અંતર્યામીરૂપે પૂછ્યું : "સ્વામી ! આજે રાત્રે કેટલા ચોર આવ્યા હતા ?" ત્યારે સ્વામીએ કહ્યું : "હે મહારાજ ! રાત્રે ૨૭ ચોર આવ્યા હતા, પણ મેં તમારી કૃપાથી ૨૭ રૂપ ધારણ કરી બધાને ભગાડી મૂક્યા." તે સાંભળી સભામાં બેઠેલા સૌ આશ્ચર્ય પામી ગયા !



૧૦

# શ્રીજી મહારાજ શાક-બાટી જમ્યા

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ ગઢપુર લક્ષ્મીવાડીથી આથમણી દિશા તરફ બળદ બાંધવાનો માંડવો હતો. તે માંડવો વોકળીમાં હતો. (પાણીનો નાનો પ્રવાહ ચાલતો હોય તેને વોકળી કહેવાય છે.) તે માંડવા નીચે સુંદર રેતી હોવાથી ત્યાં પધાર્યા. પછી ત્યાં વોકળીમાં જ સ્નાન કરીને ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેઠા.

પછી પ્રગટ પ્રભુ કહેવા લાગ્યા : ''આજ રાત્રે અમે જમ્યા નથી, તેથી અમને ભૂખ લાગી છે.'' મહારાજની વાણી સાંભળી પાર્ષદ કાળાભક્ત હતા તેમણે કહ્યું : ''હે મહારાજ ! મારી પાસે કોઠીંબીઓ છે.'' આ પ્રમાણે કહી તેમણે કોઠીંબડાનો ઢગલો કર્યો. ત્યારે પ્રગટ પ્રભુએ હાથની ચપટી વગાડીને કહ્યું : ''ગામમાં જઈને કોઈ ઘી-લોટ વગેરે સામાન લઈ આવો.''

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞા થતાં જ પાર્ષદો ઉતાવળા ચાલીને ગામમાં (ગઢડામાં) ગયા અને દરબારગઢમાં જઈ લાડુબાને વાત કરી એટલે તેમણે ઘી-તેલ-

લોટ વગેરે સીધું-સામાન આપીને કહ્યું : ‘‘જલદી જાઓ અને મહારાજને સામાન પહોંચાડો, કેમ કે મહારાજે સાંજે વાળું કર્યુ નથી, તેથી બહુ ભૂખ લાગી હશે.’’

તુરંત પાર્ષદો શ્રીજી મહારાજ પાસે આવ્યા અને સીધાંનો સામાન ત્યાં મૂકીને બોલ્યા : ‘‘હે મહારાજ ! લાડુબાએ આ બધો સામાન મોકલાવ્યો છે અને તમને જલદી જમાડવાનો સંદેશો પણ આપ્યો છે.’’ ત્યારબાદ સ્વયં શ્રીહરિએ અર્થાત્ શ્રીજી મહારાજે કોઠીંબાનું (કોઠીંબડાનું) શાક અને બાટીઓ બનાવી.

એ સમયે પીપળા-વાડીથી સચ્ચિદાનંદ સ્વામી કુણા-કુણા મૂળાની દાંડલિયો, મૂળાની મોગરીઓ તેમજ ફુદીનાની ચટણી લઈને આવ્યા. તે મૂકીને શ્રીજી મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે મૂળજી બ્રહ્મચારી પણ બરણીમાં ગોરસ (દહીં)ને પાપડ લઈ આવ્યા. તે જોઈ મહારાજ બહુ જ રાજી થયા.

પછી પ્રગટ પ્રભુજી જમવા બેઠા. તેમાં પ્રથમ તો કોઠીંબડાનું શાક અને બાટી (જાડી ભાખરી અથવા તો કોલસા ઉપર પકવવામાં આવેલ કઠણ રોટલો) જમ્યા. પછી ચટણી અને બાટી જમ્યા. તેની સાથે સચ્ચિદાનંદ સ્વામીએ લાવેલ મૂળાની દાંડલિયો ને મોગરી જમ્યા. ત્યારબાદ દહીં, રોટલો અને પાપડ જમી ચળું કરી એલચીનો મુખવાસ જમ્યા. પછી થાળની પ્રસાદી પાર્ષદ કાળા ભગત તથા અલૈયા ભક્તને આપી.

૧૧

# સ્વામી ગોલોક-ધામમાં ગયા

હે વહાલા સંતો-ભક્તો ! એક વખત શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારગઢમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ બેઠા હતા. તે સમયે લાડુબાએ કેસરિયા બિરંજની રસોઈ આપી હોવાથી સર્વે સંતો જમવા બેઠા હતા. બપોરનો સમય હતો અને સ્વયં શ્રીહરિ પીરસતા હતા. ત્યારબાદ પોતે જમવા માટે એક બાજોઠ ઉપર બેઠા અને એક બાજોઠ બ્રહ્મચારીએ થાળ મૂકવા માટે આગળ મૂક્યો.

પછી ઓરડાની અંદરથી થાળ તૈયાર કરીને લાડુબાએ સરસ રીતે પીરસીને બહાર મૂક્યો. એટલે થાળ સચ્ચિદાનંદ સ્વામીએ ત્યાંથી લઈને શ્રીહરિ આગળ બાજોઠ ઉપર મૂક્યો. પછી પ્રગટ પ્રભુ શ્રીહરિએ સૌને ‘જય સચ્ચિદાનંદ’ કહી સર્વને જમવાની આજ્ઞા કરી પોતે પણ જમવા બેઠા.

હે ભક્તો ! એ સમયે જ પૂજ્યપાદ સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ અને ગોલોક ધામમાં ગયા ! ત્યાં તેમણે રાધાજીનો બાગ જોયો અને તે બાગથી આથમણી બાજુ એક સુંદર રાધાજીની વાવ જોઈ ! તે વાવ સાત માળની હતી

અને અનેક પ્રકારના મણિઓનાં તેમાં પગથિયાં હતાં. તે વાવની અનેક દેવો રક્ષા કરી રહ્યા હતા. તે સર્વે દેવોને સચ્ચિદાનંદ સ્વામીએ પ્રણામ કરી તેમાં સ્નાન કરવાની અનુમતિ માગી !

પછી તે રાધાવાવમાં સ્વામી છલાંગ મારી અંદર પડ્યા, ત્યાં તો અંદર તેમને ગોપ-ગોપીઓ સાથે સ્નાન કરતા રાધા-કૃષ્ણને જોયાં ! ત્યારે રાધા-કૃષ્ણે પણ તેમને જોયા, એટલે તેઓએ સ્વામીનો સત્કાર કર્યો અને સ્વામી પણ રાધા-કૃષ્ણ દેવને નમસ્કાર કરી સ્નાન કરવા લાગ્યા.

સૌએ સ્નાન કરી લીધું એટલે સ્વયં શ્રીકૃષ્ણ પ્રભુ પોતાના જમણા હાથ વડે સચ્ચિદાનંદ સ્વામીના હાથનું કાંડું પકડી બહાર આવ્યા. પછી બગીચામાં ફેરવી સ્વામીને અનેક પ્રકારનાં વૃક્ષો વગેરે શોભા બતાવી, પોતાના મહેલમાં લઈ જઈ અનેક જાતનાં ફળ સ્વામીને જમાડ્યા અને ત્યારબાદ તેમણે મનુષ્ય લીલા કરી રહેલા શ્રીહરિના સમાચાર પૂછ્યા !

ત્યારપછી ભગવાન શ્રીકૃષ્ણે સ્વામીને ભેટીને વરદાન માગવા કહ્યું. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ વરદાન માગ્યું : ‘‘હે શ્રીકૃષ્ણ પ્રભુ ! ભગવાન સ્વામિનારાયણ માટે પૃથ્વીલોકમાં હું રાધા-બાગ જેવો બગીચો બનાવી શકું એવો વર આપો.’’ ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુ તથાસ્તુ કહી બોલ્યા : ‘‘તમારી ઈચ્છા પ્રગટ પ્રભુ પૂરી કરશે.’’ પછી પ્રગટ પ્રભુ શ્રીહરિનો અપાર મહિમા કહ્યો. પછી સ્વામી સમાધિમાંથી જાગ્યા અને શ્રીહરિને સર્વે વાત કરી.

૧૨

## રાધા-વાવ ખોદવાની આજ્ઞા

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિ જમી રહ્યા પછી જમીને વધેલા થાળની પ્રસાદી સચ્ચિદાનંદ સ્વામીને આપીને પ્રભુએ રાજીપો દર્શાવ્યો. પછી થાળ જમીને સ્વામીએ સમાધિમાં જે જે નજરે જોયેલું તે તે સર્વે સભામાં બેઠેલાં ભક્તો આગળ કહ્યું. એવું સાંભળીને પ્રભુને અતિ પ્યારા એવા લાડુબા બહેનોની સભામાંથી ઊભા થઈને બોલ્યા : ''હે મહારાજ ! સચ્ચિદાનંદ સ્વામીએ જેવો ગોલોકમાં રાધાબાગ જોયો છે, એવો જ રાધાબાગ આપણે પણ કરાવવો છે.''

લાડુબાની વાત સાંભળી શ્રીહરિએ ભગુજી, મીયાંજી, રતનજી અને પાર્ષદ અલૈયાજી એ સર્વેને બોલાવી રાધાવાવ કરવાની આજ્ઞા કરી. તેમજ સચ્ચિદાનંદ સ્વામીને પણ 'રાધાબાગ' કરવાની આજ્ઞા કરી શ્રીજી મહારાજ પોઢી ગયા.

હે ભક્તો ! થોડીવાર આરામ કરીને મહાપ્રભુ શ્રીહરિ ઘોડીએ ચડીને ઉગામેડીના રસ્તે ચાલ્યા અને જે જગ્યાએ હાલ વાવ છે, ત્યાં જઈ પોતાનાં ચરણારવિંદે કરી વાવનો આકાર કરી સૌ પાર્ષદોને દેખાડી ખાત-મુહૂર્ત કરી

ભગુજીની આગેવાની નીચે વાવ ગાળવાની આજ્ઞા કરી પચાસ (૫૦) મણ ગોળ અને ધાણા વહેંચ્યા ! કારણ કે તે દિવસે રાધા-અષ્ટમી (રાધાજીનો પ્રાગટ્ય દિન - ભાદરવા સુદ આઠમ) હોવાથી સમૈયો કર્યો હતો અને તે સમયે પાંચ હજાર નરનારીઓ ત્યાં આવ્યાં હતાં !

એ સમયે કેસર-ચંદનનો વરસાદ થયો અને આકાશમાંથી દેવતાઓએ ગુલાબ અને સેવતીનાં પુષ્પોની વૃષ્ટિ કરી એ દિવસે યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી પણ ખાત-મુહૂર્ત પ્રસંગે હાજર હતાં. પછી ત્યાં ભેગાં થયેલાં પાંચ હજાર નરનારીઓ મર્યાદા મુજબ બેસી ગયાં. ત્યારે પ્રગટ પ્રભુ શ્રીહરિજીએ સૌને દર્શનનું અને કથા-વાર્તાનું સુખ આપી સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં તેમજ હાર પહેરાવી પોશાક ભેટ આપ્યો. સચ્ચિદાનંદ સ્વામીને બોરીનો ચોફાળ તથા ભગુજીને ધોળો ચકમો ભેટ આપ્યો. તથા ગણેશ ભક્તને વાંકાનેરનો ખેસ તેમજ નિત્યાનંદ સ્વામીને સફેદ પાઘ આપી.

હે ભક્તો ! એ વખતે લાડુબાએ પોતાની તાજણ ઘોડીની વછેરી પ્રગટ પ્રભુ શ્રીહરિને ભેટ આપી, તેથી તેના ઉપર ચડીને શ્રીજી મહારાજ દરબારગઢમાં પધાર્યા. ત્યાં સંધ્યા-આરતી વગેરે નિયમો કરી ઠાકોરજી જમાડી મહારાજ અક્ષર-ઓસરીમાં જઈ પોઢી ગયા.

૧૩

# ૨૦૦ પાર્ષદોની શ્રીહરિએ રક્ષા કરી

હે વહાલા સંતો-ભક્તો ! ભગુજીની આગેવાની નીચે ૨૦૦ (બસો) પાર્ષદો વાવ ગાળવાનું કામ (સેવા) કરી રહ્યા હતા. તેને જોવા માટે શ્રીહરિ દરરોજ દરબારગઢમાંથી સાંજના સમયે ત્યાં આવતા હતા. રાધાવાવ ખોદવાની સેવા કરતાં બસો પાર્ષદોને રાજીપારૂપે શ્રીહરિ દરરોજ ચરણારવિંદ આપી ભેટતા હતા.

એક દિવસ શ્રીહરિ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. ત્યારે અચાનક ચમકીને પ્રભુએ પાર્ષદ બેચર ચાવડાને કહ્યું : ‘‘વાવમાં વિઘ્ન કરવા માટે પાપી અસુરો અદૃશ્ય રૂપે આવ્યા છે, તેથી રાધા-વાવ દોડીને જાઓ અને પાર્ષદોને કહો કે, વાવમાંથી જલદી બહાર નીકળી જાય.’’

પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ બેચર ચાવડા અક્ષર-ઓરડીથી દોડતા દોડતા ઠેઠ રાધાવાવ આવ્યા અને બૂમ પાડી કહેવા લાગ્યા : ‘‘હે પાર્ષદો ! મહારાજની આજ્ઞા છે કે બધા જ પાર્ષદો વાવ ગાળવાનું બંધ કરી તુરંત બહાર નીકળી જાવ.’’

અવાજ સાંભળી ભગુજી વગેરે ૨૦૦ પાર્ષદો તત્કાળ વાવમાંથી બહાર નીકળી એક તરફ ઉભા રહી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા લાગ્યા.

હે ભક્તો ! બસ્સો પાર્ષદો જેવા બહાર નીકળ્યા, તુરંત સો ગાડાં ભરાઈ જાય એટલી મોટી ભેખડ વાવમાં પડી ! આવું દૃશ્ય જોઈ ભગુજી વગેરે પાર્ષદો મહા આશ્ચર્ય પામી ગયા અને પછી સૌ પાર્ષદો અક્ષર-ઓરડીમાં આવી શ્રીહરિને દંડવત-પ્રણામ કરી કહેવા લાગ્યા : ‘‘હે અંતર્યામી પ્રગટ પ્રભુ ! આજે આપે જો બેચર ચાવડાને ન મોકલ્યા હોત તો અમો ૨૦૦ પાર્ષદો એ મોટી ભેખડ નીચે દબાઈ ગયા હોત. એમાંથી એક પણ જીવતો રહ્યો ન હોત, એવડી મોટી ભેખડ વાવમાં પડી છે !’’

પાર્ષદોની વાત સાંભળી શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા. પછી બધા જ પાર્ષદો માટે જમવાનું બનાવડાવ્યું અને સ્વયં શ્રીહરિએ પીરસી સૌને રાજી કર્યા. પછી સૌ પાર્ષદો શ્રીહરિની આજ્ઞા લઈ ફરીને રાધાવાવે જઈ બુરાઈ ગયેલ વાવ ફરીને ગાળવા લાગ્યા. આ રીતે વાવ ગાળતા-ગાળતા ત્રણ મહિના થયા ત્યારે વાવ ગાળવાનું કામ બંધ થયું અને તેમાં મીઠું મધુર પાણી પણ બહુ આવ્યું ! ત્યારબાદ ત્યાં શાસ્ત્રવિધિ પ્રમાણે રાધાવાવનું પૂજન કરી, હજારો બ્રાહ્મણો અને સંતોને જમાડ્યા. એ સમયે લાડુબાએ દરેક બ્રાહ્મણને એક એક રૂપિયાનું દાન શ્રીહરિ દ્વારા અપાવ્યું અને એક એક સંતને ત્રણ ત્રણ વસ્ત્રો દાદા ખાચર પાસે ઓઢાડી સંતોનું પૂજન કરાવ્યું.

# ૧૪

## શ્રીજી મહારાજે વાવની અંદર જઈ....

હે વહાલા સંતો-ભક્તો ! રાધાવાવ તૈયાર થઈ ગયા પછી એક સમયે બહુ વરસાદ થયો, તેથી રાધા વાવ પાણીથી ભરાઈ ગઈ. એટલે ત્યાંથી સચ્ચિદાનંદ સ્વામી દરબારગઢમાં આવ્યા અને શ્રીજી મહારાજને દંડવત-પ્રણામ કરીને બોલ્યા : "હે મહારાજ ! વરુણદેવ બહુ પ્રસન્ન થયા તેથી રાધાવાવ પાણીથી ભરાઈ ગઈ છે, માટે સ્નાન કરવા પધારો."

સ્વામીનો સંદેશો સાંભળી શ્રીજી પ્રભુ રાજી થયા અને ઘોડીએ અસ્વાર થઈ સંતો-બ્રહ્મચારીઓ તેમજ પાર્ષદાને સાથે લઈને રાધાવાવે નાહવા પધાર્યા. ત્યાં આથમણી બાજુ એક લીમડો હતો ત્યાં વસ્ત્રો ઉતારી પોતડી પહેરી વાવમાં ધુબકો મારી અંદર ગયા ! ત્યારબાદ જેમને તરતા આવડતું હતું તેઓ પણ વાવના કાંઠા ઉપરથી છલાંગ મારી વાવમાં પડ્યા !

હે ભક્તો ! ઘણીવાર સુધી જળક્રીડા કરીને પ્રગટ પ્રભુ શ્રીહરિ બોલ્યા : "હે સંતો-પાર્ષદો ! જે સારા તરવૈયા હોય તેઓ વાવના તળિયે જઈ વાવનો તાગ

લઈ આવો.'' પ્રભુની આજ્ઞા થતાં ઘણા સંતો-પાર્ષદોએ વાવના તળિયે જવાના પ્રયત્નો કર્યા પરંતુ પહોંચી શક્યા નહિ. તેથી સ્વયં શ્રીજી પ્રભુ વાવના કોઠા ઉપર ચડી ધુબકો મારી તળિયે જઈ આવ્યા અને સાથે એક મહાશોભિત સ્ફટિકમણિનો પથ્થર વાવના તળિયેથી કાઢીને લાવ્યા અને સૌને બતાવ્યો. તે જોઈ ત્યાં રહેલા સૌ આશ્ચર્ય પામી ગયા !

પછી શ્રીજી મહારાજ કહેવા લાગ્યા : ''સૌ સાંભળો, આ સ્ફટિક મણિની સૂર્યનારાયણની મૂર્તિ થાય છે.'' એમ કહી સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું : ''લ્યો આ સ્ફટિકમણિ લાડુબાને મોકલાવજો.'' ત્યારબાદ બ્રહ્માનંદ સ્વામીને અને સુરા ખાચરને વાવની અંદર પાટુડીયે રમાડ્યાં ! (હે વાચકો ! ડૂબકી મારીને પાણીની અંદર તરતા-તરતા પગની લાત મારવી તેને પાટુડી કહેવાય છે.)

ત્યાર પછી શ્રીજી મહારાજ ફરી ધૂબકો મારીને વાવની અંદર ગયા અને પાણીની અંદર તરતા તરતાં આથમણી બાજુ નાળમાંથી બહાર નીકળ્યા. તે સમયે દાદા ખાચર ત્યાં રાધાવાવમાં છીતા (ચતાપાટ) પલોઠી વાળીને તરતા-તરતા વાવની નાળમાં શ્રીજી મહારાજ પાસે આવ્યા ! તે જોઈને મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા : ''આ ઉત્તમરાજાને (દાદા ખાચરને) તરવાની વિદ્યા (કળા) અમે ઘણી મહેનતે શીખવી છે.'' ત્યારે દાદાખાચરે હાથ જોડીને કહ્યું : ''હે મહારાજ ! આપની કૃપાથી મને તરતા આવડ્યું છે.''

## ૧૫

# નિત્યાનંદ સ્વામી ઉપર રાજીપો

હે વહાલા સંતો-ભક્તો ! રાધા વાવે સ્નાન કરતાં કરતાં પ્રગટ પ્રભુએ જ્યારે દાદા ખાચરની તરવાની કળાની પ્રશંસા કરી ત્યારે દાદા ખાચરે કહ્યું : "હે મહારાજ ! મારા કરતાં પણ આ નિત્યાનંદ સ્વામીને બહુ સરસ તરતા આવડે છે. સ્વામી તો વાવની અંદર જઈ પાણીના તળિયે જઈ અડધી કલાક ધ્યાન કરીને પછી બહાર નીકળે છે ! અર્થાત્ નિત્યાનંદ સ્વામી પાણીની અંદર અડધો કલાક સુધી રહી શકે છે !"

દાદા ખાચરની વાત સાંભળીને શ્રીજી મહારાજે નિત્યાનંદ સ્વામીને આજ્ઞા કરી : "સ્વામી ! તમારી તરવાની વિદ્યા અમને બતાવો." પછી નિત્યાનંદ સ્વામીએ પ્રણામ કરી પીંપરનાં ઝાડ ઉપર ચડી રાધાવાવમાં ધુબકો મારી વાવના તળિયે ગયા અને ત્યાં સુખાસનમાં બેસી અડધો કલાક સુધી ધ્યાન કર્યું અને પછી પાણી બહાર નીકળ્યા !

હે ભક્તો ! સ્વામીની આવી તરવાની કળા જોઈને પ્રગટ પ્રભુ શ્રીહરિજી બહુ જ રાજી થયા, એના કારણે એ સમયના બે હજાર રૂપિયાની કિંમતનો

ધોળી શાલનો જોટો બાબાજીએ (વડોદરાના દીવાને) આપેલો હતો તે નિત્યાનંદ સ્વામીને ઓઢાડી દીધો !

એ સમયે રાધાવાવના રખેવાળ કહો કે કાર્યકર્તા એવા સચ્ચિદાનંદ સ્વામી બાજરાનો પોંક પાડીને લાવ્યા. તેની સાથે ધોયેલા તલ, સાકરનો ભૂકો, બદામ, ચીભડાં અને ડોડા લાવી બુંગણ (પ્લાસ્ટિક જેવું મોટું અને જાડું વસ્ત્ર) ઉપર ઢગલો કર્યો. પછી પ્રગટ પ્રભુને વિનંતી કરી એટલે મહારાજ પોંક વગેરેમાંથી થોડું થોડું જમ્યા અને ત્યારબાદ પોતાના હાથ વડે ત્યાં હાજર રહેલા સંતો-પાર્ષદો અને હરિભક્તોને એક એક વાટકો પ્રસાદી આપી.

સૌ પ્રસાદ લઈને પરવાર્યા એટલે સંધ્યા સમય થયો, એટલે સંતો-ભક્તો ગોડી બોલ્યા. પછી આરતી-ધૂન વગેરે બોલીને સૌ દરબારગઢમાં આવવા ચાલવા લાગ્યા અને શ્રીજી મહારાજ રોઝા ઘોડા ઉપર અસ્વાર થઈ દરબારમાં પધાર્યા.

હે ભક્તો ! આ પ્રમાણે રાધા વાડીએ જે સ્થાનમાં પ્રગટ પ્રભુ શ્રીહરિ ઘણીવાર બિરાજમાન થયા છે, તે જગ્યાએ ત્રીજા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે ડેરી કરાવી છે અને તે ડેરી વગેરે જમીન અમરા ખાચરે ગોપીનાથજી મહારાજને ભેટ આપેલ છે. તે અમરા ખાચર પરમ ભક્તરાજ દાદા ખાચરના દીકરા હતા અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા !

૧૬

# મૂર્તિમાન મહાદેવ પધાર્યા

હે વહાલા સંતો-ભક્તો ! એક સમયે પ્રગટ પ્રભુ શ્રીહરિ અનેક સંતો વગેરેને સાથે લઈ રાધાબાગ (રાધા વાવ) પધાર્યા હતા. એ વખતે ત્યાં શેરડી વાવેલી હોવાથી ગોળ બનાવવા માટે ચિંચોડો ફરતો હોવાથી મજૂરો શેરડી લાવીને ઢગલા કરી રહ્યા હતા. એ જોઈને શ્રીજી મહારાજ સર્વે સંતો-પાર્ષદો અને હરિભક્તોને કહેવા લાગ્યા : ‘‘તમે સર્વે આજે ખૂબ શેરડી ખાઓ. જ્યાં સુધી ધરાવ નહિ, ત્યાં સુધી શેરડી જમો કે પછી એનો રસ પીવો.’’

પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં સૌ સંતો-ભક્તો શેરડી જમ્યા. તેમજ સ્વયં શ્રીજી મહારાજ પણ શેરડીનાં થોડાં માંદળીયાં જમ્યા. પછી હાથ ધોઈ પાણીના કોગળા કરી બિલિપત્રનું ઝાડ હતું ત્યાં જઈ ઘાસીયા ઉપર બિરાજમાન થયા અને તેઓની સામે નિત્યાનંદ સ્વામી ધાબળી ઉપર બેઠા.

હે ભક્તો ! ઘાસિયાના અનેક અર્થો થાય છે. ઘાસિયો એટલે ઘોડાની પીઠ ઉપર નાખવાની ડળી-ગાશિયો. બીજા અર્થમાં કહું તો ઘાસિયો એટલે ઘાસનો પાથરો.

ત્રીજા અર્થમાં જણાવું તો ઘાસિયો એટલે ઘાસ કાપનારો. પરંતુ અહીંયા શ્રીજી પ્રભુ ઘાસિયા ઉપર બિરાજમાન થયા. અર્થાત્ ઘાસના પાથરા ઉપર જઈને બેઠા.

એ સમયે શ્રીજી મહારાજ દરરોજ શિવપુરાણ વંચાવતા હતા. તેથી સદ્ગુરુ નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! શિવપુરાણનું પુસ્તક આણ્યું છે, આપની મરજી હોય તો વાંચું ?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'વાંચો.' તેથી સ્વામી વાંચવા લાગ્યા. તેમાં મહાદેવને બીલીપત્ર ચડાવવાનો મહિમા આવ્યો. ત્યારે શ્રીજી મહારાજે શંકરદાદાને યાદ કર્યા, એટલે ભોળાનાથ મૂર્તિમાન ત્યાં પ્રગટ થયા.

ત્યારે પ્રગટ પ્રભુ શ્રીહરિએ શિવજીને કહ્યું : ''હે મહાદેવ ! તમને બીલીપત્ર ચડાવવાનું માહાત્મ્ય આ શિવપુરાણમાં બહુ આવ્યું છે, તેથી અમારે તમારી પૂજા કરીને બીલીપત્ર ચડાવવાં છે.'' આ પ્રમાણે કહીને શ્રીજી પ્રભુએ સચ્ચિદાનંદ સ્વામીને આજ્ઞા કરી તેથી સ્વામીએ ષોડશ-ઉપચારે કરી મહાદેવની પૂજા કરી બીલીપત્ર ચડાવી પગે લાગ્યા.

## ૧૭

# રાધા વાવે સદાવ્રત શરુ કરાવ્યું

હે વહાલા સંતો-ભક્તો ! ગઢપુરમાં રાધાવાવની જમીન લાડુબાની હતી. ત્યાં પ્રગટ પ્રભુની આજ્ઞાથી સચ્ચિદાનંદ સ્વામી રહેતા હતા. તે વાવની ઉત્તર દિશા તરફ સ્વામીએ પોતાની જાતે જ એક ઓરડી ચણી અને ઉપર લાકડા અને નળીયા વગેરેથી માળીને રૂમ તૈયાર કરીને દરબારગઢમાં આવીને લાડુબાને કહેવડાવ્યું : ‘‘લાડુબા ! મેં રાધાવાવે એક ઓરડી તૈયાર કરી છે, તેનું મારે વાસ્તુ કરવું છે તથા શ્રીજી મહારાજને પધરાવવા છે, માટે મને ઘી, દહી, મસાલો તેમજ બાજરાનો અને ઘઉંનો લોટ આપો, કારણ કે મારે પરમહંસો વગેરે મારી નાત જમાડવી છે.’’

આવું સાંભળીને લાડુબા બહુ રાજી થયા અને સીધાં-સામાનનાં ગાડાં ભરી દીધાં. ત્યાર પછી સચ્ચિદાનંદ સ્વામી શ્રીજી મહારાજ પાસે ગયા અને દંડવત્ - પ્રણામ કરી કહેવા લાગ્યા : ‘‘હે મહારાજ ! મેં વાવે એક ઓરડી બનાવી છે, માટે કાલે મારા તરફથી આપને નોતરું છે, માટે ત્યાં જમવા પધારજો.’’

આવું સાંભળી શ્રીજી મહારાજે મંદહાંસ કરી પૂછ્યું : ‘‘સ્વામી ! અમને ત્યાં

શું જમાડશો ?'' ત્યારે સ્વામીએ કહ્યું : ''હે મહારાજ ! તમે બાટીઓ બનાવો અને તેને ઘીમાં પલાળી રીંગણાંના શાકને ઘીમાં વઘારી તેના વડે દાદા ખાચર તેના સર્વે માણસો, તમારા પરમહંસો ને પાર્ષદો એ સર્વેને તમે પીરસીને જમાડો.''

હે ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીની વિનંતી સાંભળી હસતાં-હસતાં હરિએ હા કહી. પછી બીજા દિવસે સવારે પ્રગટ પ્રભુ રાધા વાવે પધાર્યા અને ત્યાં જઈ દાંતણ કરી વાવની અંદર સ્નાન કર્યું. પ્રભુની સાથે સંતો-પાર્ષદો તેમજ દાદા ખાચર પણ નાહ્યા. પછી પૂજા-પાઠ વગેરે નિત્ય-નિયમો કરી શ્રીજી મહારાજે રીંગણાંનું શાક દહીં અને મસાલા નાખીને બનાવ્યું ! તેમજ બ્રહ્મચારીઓ અને સંતો પાસે બાટીઓ કરાવી.

શાક ચડી ગયા પછી મહારાજે રાધા વાવમાં સ્નાન કર્યું અને શાકવાળાં પ્રસાદીનાં વસ્ત્રો સચ્ચિદાનંદ સ્વામીને રાજીપારૂપે આપ્યાં. તે સમયે જીવુબા, લાડુબા અને રાજબા વગેરે બહેનો દર્શન કરવાં આવ્યાં. તેઓ દૂરથી પંચાંગ કરી બીલીપત્રનાં વૃક્ષ નીચે જઈને બેઠાં. પછી શ્રીજી મહારાજ ઓરડીમાં જઈ ધાબળી ઉપર બેસીને જમ્યા અને પ્રસાદીનો થાળ લાડુબા-જીવુબા ને રાજબાને આપ્યો. પછી બ્રહ્મચારી અને સચ્ચિદાનંદ સ્વામી પોતપોતાના ચોકાથી બાટી અને શાક લઈને આવ્યા. તેને મહારાજે પ્રસાદીનું કરી આપી સૌને પીરસ્યું. ત્યારબાદ મહારાજ સચ્ચિદાનંદ સ્વામીને ભેટ્યા. પછી લાડુબાના કહેવાથી અને એના તરફથી તીર્થવાસીઓને સદાવ્રત આપવાનું કામ સચ્ચિદાનંદ સ્વામીને સોંપવામાં આવ્યું.

# ૧૮

## સ્વામીના સ્નેહને કારણે ખૂબ જમ્યા

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ અલૈયા ખાચરને ત્યાં ઝીંઝાવદર પધાર્યા હતા. ત્યાં થોડા દિવસ રોકાઈને પછી એક દિવસ વહેલી સવારે પ્રાતઃકાળમાં રાધાવાવ પધાર્યા. ત્યાં દાંતણ કરી ધુબકો મારી વાવમાં સ્નાન કર્યું અને પાર્ષદોને પાણીમાં પાટુડીએ રમાડ્યા ! ત્યારપછી વસ્ત્રો પહેરી નિત્ય-વિધિ કરી. ત્યારે ઓરડીમાંથી બહાર નીકળી સચ્ચિદાનંદ સ્વામી શ્રીજી મહારાજ પાસે આવ્યા અને દંડવત્ - પ્રણામ કરી કહેવા લાગ્યા : "હે મહારાજ ! અત્યારે છાશ વખત છે, માટે છાશ પીવો."

હે ભક્તો ! એ સમયે નાસ્તો કરીને જાવ એવું બોલાતું ન હતું, પરંતુ છાશું પી ને જાવ એવો બોલવાનો રિવાજ હતો, એટલે સ્વામી બોલ્યા કે, 'છાશનો સમય છે, માટે છાશ પીવો. અર્થાત્ કંઈક જમવાની હા કહો.' ત્યારે મહારાજ હસીને બોલ્યા : "નાગો નહાય શું ને નિચોવે શું ?" ત્યારે સ્વામી કહે : "હે મહારાજ ! તમે ભગવાન છો ને જોગીની (મારી) ઝુંપડીએ ક્યારેય મહેમાન થયા નથી, માટે કૃપા કરી પધારો. હે પ્રગટ પ્રભુ ! ચારણની નાની એવી દીકરી વરુડીએ નવ લાખ ઘોડે રા નવઘણને

જમવા નોતરીને સૌને ભરપેટ જમાડ્યા હતા, તો પછી હું તો અનંત બ્રહ્માંડોના અધિપતિ એવા આપનો સાધુ છું, માટે કોઈ વાતની ખામી હોય જ નહિ.''

આ પ્રમાણે મહાપ્રભુ શ્રીહરિને કહીને સચ્ચિદાનંદ સ્વામી એક મોટો ટોપલો ભરી ચણાના ઓળા લાવ્યા. એક ટોપલો ઘઉંનો પોંક લાવ્યા. એક ટોપલામાં દાળીયા અને લીલી બદામ વગેરે લીલો-સૂકો મેવો લાવ્યા અને શેરડીનાં સાંઠા (ભારા) લાવીને ઢગલો કર્યો. તેને જોઈ શ્રીજી મહારાજ બહુ પ્રસન્ન થયા અને સાથે આવેલા સંતો-પાર્ષદો અને કાઠી ભક્તોને પોતાને હાથે સર્વે ચીજો આપી ખૂબ નાસ્તો કરાવ્યો અર્થાત્ છાશું પીવડાવી.

હે ભક્તો ! ચણાના ઓળા, પોંક અને દાળીયા વગેરે સૌ જમી રહ્યા ત્યાં તો સચ્ચિદાનંદ સ્વામી ગામમાં જઈ દરબારગઢમાંથી રોટલા, ભાત, સાકર, પાપડ અને અથાણાં વગેરે લઈને ઉતાવળા ચાલીને રાધા વાવ પહોંચી ગયા અને શ્રીજી મહારાજ આગળ મૂકી જમવાની પ્રાર્થના કરી, તેથી મહારાજ જમ્યા અને ફરીને ત્યાં રહેલા સૌને પોતાની હાથે જ પીરસીને ફરી જમાડ્યા.

જમીને પછી મહારાજ પીંપરના ઝાડ નીચે ગાદલા ઉપર પોઢી ગયા. પછી ફરીને સચ્ચિદાનંદ સ્વામી દરબારગઢમાં ગયા અને લાડુબા વગેરે બહેનો પાસે બીરંજ વગેરે રસોઈ કરાવી, મૂળજી બ્રહ્મચારી પાસે થાળ ઉપડાવી ત્રણ વાગ્યે રાધાવાવે આવી શ્રીજી મહારાજને જગાડીને જમાડ્યા. પછી પ્રસાદીનો બીરંજ સૌને પીરસી રોંઢો કરાવ્યો. અર્થાત્ બપોરના ચાર વાગ્યે સૌને ત્રીજી વખત જમાડ્યા !

## ૧૯

# કાળ પુરુષ સાથે કુસ્તી કરી !

હે વહાલા સંતો-ભક્તો ! તે દિવસે જ સાંજના સમયે શ્રીજી મહારાજ રાધા વાવે બિરાજમાન હતા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી રાધા બાગથી ફૂલોની છાબ ભરીને લઈ આવ્યા અને પ્રગટ પ્રભુ શ્રીહરિને પુષ્પના હાર પહેરાવ્યા. બાજુબંધ બાંધ્યા, ચંદનથી અર્ચા કરી, હાથમાં ગુચ્છ આપ્યો અને આરતી કરી દંડવત્ કરી હાથમાં ફૂલનો ગુચ્છ આપ્યો. સ્વામીનો ભાવ ને ભક્તિ જોઈ શ્રીજી મહારાજે રાજી થઈ ભેટી ઢોલિયા ઉપર બેઠા.

એ સમયે ઉગમણી દિશા તરફથી એક પુરુષ આવ્યો. એનું આખું શરીર ભીલ જેવું કાળું હતું, પાંચ હાથ ઊંચો હતો. જમણા હાથમાં મુદ્ગળ અને ડાબા હાથમાં ચક્ર લીધેલા હતાં ! કપાળમાં સિંદોરની આડ કરેલ હતી તેમજ આખા શરીરે ભસ્મ ચોપડેલી હતી. તથા બીજા હાથમાં ચક્ર લીધેલ હતું તથા ભાલમાં સિંદોરની આડ (અર્ચા) કરેલ હતી.

હે ભક્તો ! એવા ભયાનક રૂપધારીએ આવીને મુદગળ અને ચક્ર હેઠું મૂકી શ્રીજી મહારાજને દંડવત્ કરી, પોતાની બે ભુજાઓના ખંભા ઠોકી (થપથપાવી)

ઉભ્મા રહીને બોલ્યા જે, ‘‘હે કૃપાનાથ ! મારે આપની પાસે કુસ્તી કરવી છે, તેથી કોઈ શક્તિશાળી પુરુષ જો અહીં હોય તો આ મેદાનમાં આવી ઊભો રહે.’’

આવું સાંભળીને દરબારો કાંઈ બોલ્યા નહિ તેમજ પાર્ષદો પણ મૌન રહ્યા. સૌ કોઈ નીચું જોઈને ઊભા રહ્યા. આવુ જોઈને સચ્ચિદાનંદ સ્વામી ફૂલવાડીમાં ગયા અને એક પાંચ હાથનો મહુડાનો સોટો મૂળ સહિત ઉખાડી માથા ઉપર ફેરવીને બીજા હાથમાં ગાડાનું પૈડું લઈ માથે ફેરવ્યું અને શ્રીજી મહારાજ આગળ મૂકી જય સ્વામિનારાયણ કહી ખંભા થાબડી ઊભા રહ્યા !

ત્યારે પેલો કાળપુરુષ શ્રીજી મહારાજને કહેવા લાગ્યો : ‘‘હે પ્રભુ ! હવે મારી સાથે મલ્લ-કુસ્તી કરી શકે એવો બરોબરીયો આવ્યો.’’ પછી કાળપુરુષ અને સચ્ચિદાનંદ સ્વામી બંને સામસામા મળ્યા અને હાડકાંના કડાકા બોલાવ્યા. ત્યારબાદ બંને હાથના પંજા મેળાવી સામસામે કુસ્તી કરવા લાગ્યા. તે સમયે પૃથ્વીનું પીઠ ગાજવા લાગ્યું. પછી કાળપુરુષને સ્વામીજી બંને હથિયારોથી લડવા લાગ્યા. પછી હાથથી ઢીંકોઢીંક ને બથોબથ લડવા લાગ્યા. એ સમયે સ્વામીએ કાળને પછાડ્યો, તેથી લોહીની ઉલટી થવા લાગી. ત્યારે ત્યાં આકાશમાં ભોળાનાથ પોઠીયા ઉપર બેસી પાર્વતીજી સાથે આવ્યા. તેમને પ્રણામ કરી કાળપુરુષે શ્રીજીને કહ્યું : ‘‘મેં શિવજીને કહ્યું હતું કે મારા હાથ બહુ કળે છે.’’ ત્યારે તેમણે મને કહ્યું હતું : ‘‘તું સ્વામિનારાયણ ભગવાન પાસે જા. એ તારા હાડકાં ખોખરા કરાવશે.’’ તે વચન આજે સત્ય થયું.

# ૨૦

## સ્વામીએ કામને ઉદરમાં બંધ કર્યો !

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર પ્રગટ પ્રભુ શ્રીહરિ કહેવા લાગ્યાં : ''સંતો-ભક્તો ! આજે કામદેવ આવવાનો છે, માટે આપણે આ આખો મહિનો રાધા વાવમાં છાવણી - (તંબુઓ) નાંખો ને આજ વસંત પંચમી છે, માટે વસંતનો ઉત્સવ કરો.'' આ પ્રમાણે કહીને શ્રીજી મહારાજ રાધા વાવે પધાર્યા અને રાધા બાગમાં એક ઓરડી ધ્યાન કરવા માટે હતી ત્યાં પધારીને શ્રીજી મહારાજે સભા કરી કથા-વાર્તા કરવા લાગ્યા.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''હે પરમહંસો ! આજ અહીંયાં અધર્મસર્ગનો કામ આવ્યો છે, તેને હરાવવા કોણ બીડું લે છે ?'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા : ''એને હઠાવવાનો (હરાવવાનો) આજ મારો વારો છે અને કામ તો મારો ગુલામ છે.'' ત્યાં તો કામદેવે બાણ માર્યું, એટલે સચ્ચિદાનંદ સ્વામીએ કામનો ચોટલો પકડીને એને ઉદરમાં (પેટમાં) ઉતારી દીધો ! પછી શ્રીજી મહારાજની મૂર્તિ ધારીને કામદેવનું મર્દન કરી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ગાવા લાગ્યા. એના કારણે કામદેવને પીડા થવા લાગી એટલે તે રડવા લાગ્યો !

હે ભક્તો ! એ સમયે આકાશમાં અનેક બ્રહ્માંડોના અધિષ્ઠાતાઓ આવ્યા અને પરસ્પર કહેવા લાગ્યા : ‘‘સચ્ચિદાનંદજીએ કામને બહુ દુ:ખી કર્યો છે તેથી તે સાત-ઘડીમાં મરી જશે.’’ પછી તેઓએ કામદેવને કહ્યું : ‘‘તું વૈરાટનું સ્મરણ કર, તે તને બચાવશે.’’ તેથી વિરાટ પ્રભુને યાદ કર્યા, તુરંત તેઓ આવ્યા અને ષોડશ ઉપચારે પૂજન કરી સાષ્ટાંગ દંડવત્ કરી સ્તુતિ કરી : ‘‘હે પ્રભુ ! આ સચ્ચિદાનંદ સ્વામીએ કામને અધમુવો કરી નાખ્યો છે, માટે આપ આજ્ઞા કરો તો તેને છોડી દે.’’

પછી શ્રીજી મહારાજે સ્વામીને આજ્ઞા કરી એટલે સ્વામીએ ઊભા થઈ ઉલટી કરતાં હોય એ રીતે કામને પેટની બહાર કાઢી વિરાટ નારાયણના ચરણમાં પૃથ્વી ઉપર ફેંકી દીધો ! ત્યારે તે શ્રીજી મહારાજનાં ચરણમાં પડીને બોલ્યો : ‘‘હું હારી ગયો, તેથી હવેથી જે તમારી આજ્ઞામાં રહેતા હશે એવા જે તમારા આશ્રિતોને હું હેરાન નહિ કરું.’’ પછી તે રાધા વાવમાં નાહવા ગયો અને સાંજ સુધી પાણીમાં નાહીને મહારાજની પ્રસાદી જમી જતો રહ્યો.

## ૨૧

# સ્વામી માટે દર્શનની છૂટી

હે વહાલા સંતો-ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીએ કામને હરાવ્યો, તેના રાજીપા રૂપે પ્રસન્ન થઈ શ્રીજી મહારાજ રાજી થઈને બોલ્યા : ''સ્વામી ! અમારી પાસેથી તમારે જે વરદાન જોઈએ તે માંગો. અમે તમારા ઉપર બહુ રાજી થયા છીએ.'' આ પ્રમાણે કહી સચ્ચિદાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવી પાંચ વાર ભેટ્યા !

પ્રગટ પ્રભુનો અતિશય રાજીપો જોઈને સ્વામી બે હાથ જોડી બોલ્યા : ''હે મહારાજ ! મને દર્શન કરવાની આજ્ઞા મળતી નથી, માટે મને એ વરદાન આપો કે, હું ગમે ત્યારે તમારાં દર્શન કરવા આવું ત્યારે કોઈપણ પાર્ષદ કે હરિભક્ત મને અટકાવે નહિ. અર્થાત્ આપનાં દર્શનની છૂટી આપો.''

આવી નિર્દોષ વાણી સાંભળી શ્રીજી મહારાજ રાજી થયા અને તથાસ્તુ કહી, પાર્ષદ ભગુજી વગેરેને કહ્યું : ''સચ્ચિદાનંદ સ્વામીને દર્શન કરવાં આવવા દેવા. એમને ક્યારેય રોકવા નહિ.'' આવું સાંભળી સ્વામી નાના બાળકની જેમ કૂદવા લાગ્યા ! કૂદીને પોતાનો આનંદ પ્રગટ પ્રભુ આગળ વ્યક્ત કર્યો.

હે ભક્તો ! તે દિવસે લાડુબાની બીરંજની રસોઈ હોવાથી શ્રીજી મહારાજ જમવા બેઠા. જમી રહ્યા પછી ચળું કરી મુખવાસ લઈ પરમહંસો તથા પાર્ષદો વગેરે પોતાના સખાઓની પંક્તિ કરી સૌને જમાડ્યા. પછી ઉપરથી ધુબકો મારી રાધા વાવમાં સ્નાન કર્યું. ત્યારબાદ સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમારો ચોર વાવમાં છે, માટે તેને બહાર કાઢો !'' પછી સ્વામીએ પોતાની સામર્થી વડે કામને વાવમાંથી બહાર કાઢ્યો !

એ સમયે શ્રીજી મહારાજ ફળ જમતા હતા, તેથી તેમનાં ચરણમાં આવી કામ પડ્યો હતો, તેના ઉપર દયા કરી ફળની પ્રસાદી આપી અને જળ પણ પાયું. પછી શ્રીજી પ્રભુએ સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમે આ કામનું કળતર ભાંગો.'' ત્યારે સ્વામીએ શ્રીજી મહારાજનાં ચરણામૃતનું પાણી મુખમાં ભરીને કામ ઉપર કોગળો કર્યો અને પછી ચોટલો (વાળ) પકડીને ગોળ-ગોળ ફેરવી આકાશને વિષે ફેંકી દીધો !

આવું આશ્ચર્ય જોઈને ત્યાં હાજર રહેલા સર્વે સંતો-પાર્ષદો-બ્રહ્મચારી, સાંખ્યયોગી-કર્મયોગી બાઈઓ તેમજ હરિભક્તો સચ્ચિદાનંદ સ્વામીનો જયજયકાર કરવાં લાગ્યા ! પછી સંધ્યા આરતી-ધૂન વગેરે કરીને સૌ સૌનાં સ્થાનકે ગયા. એવી રીતે વસંતના ઉત્સવનો પહેલો દિવસ પૂરો થયો.

૨૨

# આજીવન સેવા કરી રાજીપો મેળવ્યો

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ ગઢપુરમાં શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાંથી બહાર નીકળી લીલુડા લીંબડા સુધી ઉઘાડા શરીરે આટાં મારતા હતા અર્થાત્ ટહેલતા હતા. એ સમયે પ્રગટ પ્રભુએ કેવળ સુરવાળ પહેર્યો હતો અને બાકીનું શરીર ખુલ્લું હતું. આ પ્રમાણે ઉઘાડા શરીરે ફરતા ફરતા સેવા કરનારા પોતાના આશ્રિતોને સેવાનાં કામ સોંપી રહ્યા હતા.

ત્યાં હાજર રહેલા સર્વે સંતો-પાર્ષદો અને હરિભક્તોનાં નામ લઈ પોતાની પાસે બોલાવીને કહેતા : “હે ભગુજી ! આજે તમે આ સેવા કરો. હે રતનજી ! આજે તમે આ સ્થાને જાઓ. હે મીયાંજી ! આજે તમે આ કામ કરો. આ રીતે નામ લઈ લઈ સંતો-પાર્ષદોને સેવા કાર્ય સોંપી રહ્યા હતા.

એ સમયે આજે ગોપીનાથજી મહારાજના મંદિરની બહાર પગથિયાં પાસે ગણપતિની નાની ડેરી છે, એ જગ્યાએ સચ્ચિદાનંદ સ્વામી તેમજ એમના શિષ્ય સિદ્ધાનંદ સ્વામી બેઠા હતા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ સિદ્ધાનંદ સ્વામીને

કહ્યું : “હે સિદ્ધાનંદ ! શ્રીજી મહારાજ તો પોતાના જે હોય તેને જ બોલાવી બોલાવીને સેવા કરવાનું બતાવી રહ્યા છે. આપણો તો કોણ ભાવ પૂછે ?” અર્થાત્ આપણું નામ લઈ શ્રીજી પ્રભુ આપણને કોઈ પ્રકારની સેવા કરવાનું કહેતા નથી.

હે ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને શ્રીજી મહારાજ બોલ્યા જે, “સૌ તપાસ કરો જે સચ્ચિદાનંદ સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી ક્યાં છે ? તેમને કહો કે તેઓ રાધાવાડીએ જાય.”

પ્રગટ પ્રભુની વાણી સાંભળી પોતાનું નામ સાંભળી સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું : “એલા સિદ્ધાનંદજી ! આપણે શ્રીજી મહારાજની પ્રસાદી ઘણીવાર ઘણી બધી જમી ગયા છીએ, તો પણ નાસ્તિક ને નાસ્તિક રહ્યાં. પ્રભુને અંતર્યામી ન જાણ્યા અને નામની જ રાહ જોઈને બેસી રહ્યા, તેના કારણે મહારાજને આપણાં નામ લઈને બોલાવવા પડ્યા, માટે આપણને ધિક્કાર છે. આપણને શ્રીજી મહારાજે રાધાવાડીએ જવાનું કહ્યું, માટે ચાલો જલદી જલદી વાડીએ જઈએ.”

હે વાચક ભક્તો ! આ પ્રમાણે પોતાની ભૂલનો સ્વીકાર કરી મહાપ્રભુ શ્રીહરિને અંતર્યામી જાણી મનોમન માફી માગી બંને ગુરુ-ચેલો રાધા વાવે ગયા અને સેવામાં લાગી ગયા ! બંનેએ જીવન પર્યંત સેવા કરી પ્રગટ પ્રભુ શ્રીહરિ તેમજ લાડુબા વગેરે ભક્તો અને સંતોનો રાજીપો મેળવી લીધો.

## ૨૩

# સ્વામીએ કાળ થકી રક્ષા કરી

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ ગઢડામાં હતા. એ સમયે એક ઘટના ઘટી ગઈ એ પ્રસંગ આપ વાચકોની આગળ રજૂ કરું છું. ગઢડા અને માંડવધાર વચ્ચે એક તકરારીયું (બે માલિકવાળું) ખેતર હતું અર્થાત્ દાદા ખાચર કહેતા કે, અમારું ખેતર છે અને ભડલીનો ભાણ ખાચર કહેતો કે મારું છે. એક ખેતરના બે માલિક હોવાથી વારંવાર તકરાર થયા કરતી હતી. જો કે ખરા માલિક તો દાદા ખાચર જ હતા, પણ ભાણ ખાચર માનવા તૈયાર થતો ન હતો.

એક સમયે તેર પાર્ષદો માંડવધારની સીમમાં એ ખેતરની બાજુમાં પથ્થરો ખોદવા ગયા હતા. ત્યારે ભડલી ગામનો ભાણ ખાચર પોતાના સીમાડાની તકરાર સારું વેર લેવા હથિયારબંધ બસો (૨૦૦) માણસ લઈને ત્યાં સેવા કરી રહેલા તેર પાર્ષદોને મારવા માટે આવ્યો અને બંને વચ્ચે લડાઈ શરુ થઈ !

ફક્ત ૧૩ પાર્ષદો અને સામે લડનારા ૨૦૦ લડવૈયાઓ ! તેમાં સામે પક્ષે ભાવર લોકો હતા તે મરાણા. બીજા ઘણા લોકો ઘવાયા અને ભાગી ગયા. આ બાજુ તેર (૧૩) પાર્ષદો હતા તે બધા પણ ઘવાણા, તેમાં પાર્ષદ

ભગુજીને અઢાર (૧૮) ઘા વાગેલા તેમજ રતનજીના હાથનું કાંડું પડી ગયું ! એવા ઘવાયા પરંતુ કોઈનું મૃત્યુ થયું નહિ !

હે ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિને ખ્યાલ આવતા, તેમણે પણ અનેક પાર્ષદોને તેમજ હરિભક્તોને મોકલી દરેકને ખાટલા ઉપર સુવડાવી, એ તેર પાર્ષદોને દરબારગઢમાં લાવ્યા અને તાત્કાલિક વૈદને બોલાવી સારવાર શરુ કરાવી. ત્યારે ત્યાં શ્રીજી મહારાજ પધાર્યા અને ઘાયલોને દર્શન દઈ પાર્ષદ બેચર ચાવડાને પૂછ્યું : "ભગત ! તમારા મનમાં શું ઘાટ થાય છે ?" ત્યારે બેચર પાર્ષદે કહ્યું : "જીવતા રહીશું કે મરી જઈશું, એનો ઘાટ થતો નથી, પરંતુ એટલો વિચાર જરૂર આવે છે કે, જો મૃત્યુ થશે તો જગતના લોકો એવું કહેશે કે, 'સ્વામિનારાયણના પાળા (પાર્ષદો)ને ભાવરે માર્યા.' એટલી ખોટ બેસશે."

આવું સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા : "આ તેર પાર્ષદોનું મૃત્યુ આવ્યું છે, પણ અમારે કોઈને મરવા દેવા નથી." આ પ્રમાણે કહી સચ્ચિદાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : "તમે અહીંયાં બેસો અને આ બધા પાર્ષદોની કાળ થકી રક્ષા કરજો. કાળને અંદર જવા દેશો નહિ." આ પ્રમાણે ભલામણ કરી પ્રભુ અક્ષર ઓરડી પધાર્યા. ત્યારબાદ સચ્ચિદાનંદ સ્વામી ઘાયલ પાર્ષદોની રક્ષા કરવા લાગ્યા. ત્યારે કાળ આવ્યો અને પાર્ષદો પાસે જવા લાગ્યો. ત્યારે કાળ સાથે લડાઈ કરી એને હરાવી-ભગાડીને સ્વામીએ ભગુજી વગેરેની રક્ષા કરી હતી !

## ૨૪

# સાઠ માણસોની રસોઈ સ્વાહા...

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ ગઢપુરમાં પ્રગટ પ્રભુ શ્રીહરિને લાડુબાએ પ્રશ્ન પૂછ્યો : "હે મહારાજ ! કથામાં એવું આવે છે કે, દુર્વાસા મુનિ એકસાથે ઘણી ગોપીઓના થાળ જમી ગયા હતા ! તે કેવી રીતે શક્ય બને ? આટલા બધા થાળ એક ઋષિ કેવી રીતે ખાઈ શકે ?"

આવો સવાલ સાંભળી શ્રીજી પ્રભુ મંદમંદ હસીને કહેવા લાગ્યા, "લાડુબા ! જે વ્યક્તિ સમર્થ હોય તેની વાત કળી-કળાઈ નહિ." ત્યારે ફરીને લાડુબા બોલ્યાં : "પણ હે મહારાજ ! ઝાઝું જમે તે પેટમાં કેમ સમાય ?" ત્યારે મહારાજ કહે : "મોટાની ક્રિયામાં કાંઈ શંકા કરવી નહિ."

હે ભક્તો ! આ વાત થયા પછી થોડાંક દિવસો ગયા બાદ એક દિવસ દરબારગઢમાં ત્રીસ (૩૦) મહેમાનો આવ્યા. ત્યારે લાડુબાએ શ્રીજી મહારાજ પાસે જઈને કહ્યું : "હે મહારાજ ! આજે તમને પણ જમવાનું નોતરુ (આમંત્રણ) છે, માટે જમવા પધારજો."

ત્યારે શ્રીજી પ્રભુએ કહ્યું : "લાડુબા ! અમારી ભેગા ત્રીસ (૩૦) માણસો

છે, તેને મૂકીને એકલા જમવા અવાય નહિ.'' ત્યારે લાડુબાએ કહ્યું : ''સારું મહારાજ ! એ ત્રીસે જણને પણ તેડતા આવજો.''

પછી રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીજી મહારાજ કહે : ''આ મોટાભાઈને (સચ્ચિદાનંદ સ્વામીને) સૌથી પહેલા જમાડી લ્યો, અત્યારે રાધા વાડીએ કોઈ નથી, તેથી સ્વામીને જમાડીને વાડીએ મોકલો.''

હે ભક્તો ! પછી સચ્ચિદાનંદ સ્વામીને જમવા બેસાડ્યા અને પીરસવા લાગ્યા. જેમ જેમ પીરસતા જાય તેમ તેમ સ્વામી જમતા જાય ! આ રીતે જમતાં જમતાં સાઠ માણસોની રસોઈ એકલા જમી ગયા. તોય પણ ધરાણા નહિ. પછી રોટલા ઘડી ઘડીને દેવા માંડ્યા, તેથી બે પાલી બાજરાના લોટના રોટલા પણ જમી ગયા.

પછી ઉતાવળા પગલે લાડુબા શ્રીજી મહારાજ પાસે આવીને કહેવા લાગ્યાં : ''હે મહારાજ ! સચ્ચિદાનંદ સ્વામી તો ૬૦ માણસોનું એકલા જમી ગયા અને વધારામાં પૂરું બે પાલી લોટના રોટલા પણ જમી ગયા છે !'' આવું સાંભળી શ્રીહરિએ કહ્યું : ''લાડુબા ! હવે પાણી આપો એટલે હાથ ધોઈ ચળું કરશે.''

પછી પાણી આપ્યું એટલે હાથ ધોઈ ચળુ કરી પોતાના ઘેર જવા નીકળ્યા. ત્યારબાદ ૬૦ માણસો માટે જમવાનું ફરીને બનાવ્યું. ત્યારે શ્રીજી મહારાજે લાડુબાને કહ્યું : ''લાડુબા ! તમે દુર્વાસા ઋષિની વાત કરતા હતા પરંતુ આ સ્વામી તો એનાય બાપ નીકળ્યા. માટે મોટા પુરુષોની વાતમાં સંશય કરવો નહીં.'' આવું સાંભળી લાડુબા રાજી થયા અને સંશય કરવા બાબત માફી માંગી.

૨૫

# સ્વામીનો સંકલ્પ મૂર્તિમાન થયો !

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ શ્રીજી મહારાજ સવારે વહેલાં ઊઠી દાંતણ કરી, ગંગાજળીયા કૂવે સ્નાન કરી અક્ષર ઓરડીમાં નિત્ય-પૂજા વગેરે કરી, દૂધ-સાકર અને બરફી જમીને ચાલ્યા તે ઉત્તરદાબારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ઉત્તર દિશા તરફ મુખ રાખી બિરાજમાન થયા. ત્યાં નાગાજણ રાવળ અને પુંજા રાવળ, કાંસિયાં ને રવાજ લઈ કીર્તનો ગાવા લાગ્યા. તે સમયે પ્રાગજી દવે (પ્રાગજી પુરાણી) પણ આવ્યા.

એ સમયે સચ્ચિદાનંદ સ્વામી પીપળાવાડીએ હતા. ત્યાં તેઓને સંકલ્પ થયો કે, ‘‘આ વાડીએ રીંગણાં બહુ સારાં થયા છે. તે માટે શ્રીહરિ સ્વયં પધારી શાક બનાવી સંતોને જમાડે તો બહુ સારુ. પછી તે સંકલ્પ મૂર્તિમાન થઈને, લીંબડા (લીમડો) નીચે આવીને ઊભો રહ્યો. એ સમયે બાઈઓની સભા આથમણા બારના (પશ્ચિમ દ્વારના) ઓરડામાં હતી. ત્યાંથી બહેનોને શ્રીજી મહારાજનાં દર્શન થતા હતા.’’

ત્યારે સચ્ચિદાનંદ સ્વામીના સંકલ્પને મૂર્તિમાન પુરુષના રૂપમાં જોઈને

બહેનો કહેવાં લાગ્યાં : “અરે ! લીંબતરુ નીચે કોણ પુરુષ ઊભો છે ? તેને કહો કે અહીંથી જતો રહે, નહિતર સાંખ્યયોગી બહેનોને ઉપવાસ પડશે.” ત્યારે તે સંકલ્પે કહ્યું : “હું ઉપવાસ પાડું તેવો નથી, હું તો સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ છું. મારે શ્રીજી મહારાજ પાસે જવું છે, પરંતુ ભીડ્ય ઘણી હોવાથી જવાતું નથી.”

હે ભક્તો ! આ વાત અંતર્યામીપણે શ્રીજી મહારાજે જાણી એટલે નાગાજણ રાવળને કહ્યું : “વાજાંની (સંગીતની) સમાપ્તિ કરો અને પેલો કોણ ઊભો છે ?” આ રીતે કહીને તેને નજીક બોલાવીને ઓળખાણ પૂછી. ત્યારે તેણે કહ્યું : “હે મહાપ્રભુ ! હું સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ છું અને અત્યારે પીપળાવાડીથી આવું છું. સ્વામીએ કહ્યું છે કે ‘વાડીમાં બહુ સારાં વૈંતાક (રીંગણાં) થયાં છે, માટે આપ સ્વયં શાક બનાવી સંતોને જમાડો.”

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : “એકલાં રીંગણાંનું શાક થાય નહિ, તેમાં તો ઘણો સામાન જોઈએ.” એવું સાંભળી લાડુબા બોલ્યાં : “હે મહારાજ ! સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ પૂરો કરો અને આપણે જેટલો સામાન જોઈએ, તેટલો દરબારગઢમાંથી રાધાવાવ મોકલાવીશું.” ત્યારે શ્રીજી પ્રભુ કહે : “બીજો સામાન તો મળશે, પણ મોટાં વાસણો નથી.” ત્યારે લાડુબાએ કહ્યું, “ભાવસારના રંગેડા મંગાવો.” પછી શ્રીજીએ સંકલ્પને કહ્યું : “તું સચ્ચિદાનંદ સ્વામીને કહેજે કે રીંગણાંની ગાડી ભરી લક્ષ્મીવાડીએ મોકલે.” પછી સ્વામીએ એક ગાડી રીંગણાં મોકલ્યાં, એટલે શ્રીજીએ શાક બનાવી સૌને જમાડ્યા.

## ૨૬

# સચ્ચિદાનંદ સ્વામી વેદ બોલ્યા !

હે વહાલા સંતો-ભક્તો ! લક્ષ્મીવાડીમાં શ્રીજી મહારાજ જ્યારે શાકોત્સવ કરી રહ્યા હતા તે સમયે જ વડોદરાથી સંઘ લઈને નાથ ભક્ત આવ્યા. પ્રથમ સૌ ભક્તો દરબારગઢમાં ગયા, પરંતુ પ્રગટ પ્રભુ લક્ષ્મીવાડીએ હોવાથી બધા ત્યાં આવ્યા. આવીને નાથ ભક્તે દંડવત કર્યા અને સભામાં બેઠા. તે સમયે જ આકાશમાં દેવતાઓ પોતપોતાનાં વિમાનો લઈને આવી ગયા અને ચંદન તથા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.

એ સમયે નાથ ભક્ત નિષ્કુળાનંદ સ્વામી પાસે ગયા અને બોલ્યા : ‘‘સ્વામી ! આ સભા તો અલૌકિક થઈ છે ! અને અમે શ્રીજી મહારાજ માટે ભારે પોશાક લાવ્યા છીએ. તે પોશાક મહારાજને સભામાં પહેરાવવો છે; પરંતુ જો હિંડોળો હોય અને એમાં બેસી શ્રીહરિ ઝૂલે તો તો પોશાક બહુ શોભે એવો છે.’’

આવું સાંભળી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : ‘‘હે નાથ ભક્ત ! તમે પોશાક લઈને આવો ત્યાં સુધીમાં હું હિંડોળો તૈયાર કરું છું.’’ સ્વામીની વાણી સાંભળી

નાથ ભક્ત અતિ રાજી થયા અને પોશાક લેવા માટે ઉતારે ગયા. આ બાજુ લક્ષ્મી વાડીમાં જ્યાં પાર્ષદો રહેતા હતા એ મકાનની બાજુમાં આંબલીનાં બે ઝાડ છે, ત્યાં નિષ્કુળાનંદ સ્વામીએ હિંડોળો બાંધ્યો. ત્યાં નાથ ભક્તે આવીને પ્રગટ પ્રભુ શ્રીહરિને પોશાક તથા ઘરેણાં પહેરાવી હિંડોળે બેસવા વિનંતી કરી એટલે તેઓ બેઠા.

હે ભક્તો ! પછી નાથ ભક્તે આરતી ઉતારી. એ સમયે હરજીવન દવે આવીને વેદસ્તુતિના શ્લોક બોલ્યા. પછી અટકી ગયા એટલે શ્રીજી મહારાજે આગળ બોલવા કહ્યું, ત્યારે દવેએ કહ્યું : ''હે મહારાજ ! મને તો આટલું જ આવડે છે, વધારે નથી આવડતું.''

ત્યારે પૂજ્યપાદ સચ્ચિદાનંદ સ્વામીને સંકલ્પ થયો : ''વેદ શું હશે ? તે મૂર્તિમાન હશે કે પુસ્તક આકારે હશે ? એ કેવી રીતે બોલાતા હશે ?'' પૂજ્ય સ્વામીનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને પ્રગટ પ્રભુ શ્રીહરિએ ત્યાં બેઠા બેઠા જ પોતાની સામર્થી વડે વેદને બોલાવ્યા, તેથી ચારેય વેદ ચાર બ્રાહ્મણનાં રૂપ લઈને ત્યાં આવીને પ્રગટ પ્રભુને પ્રણામ કરી શ્લોક બોલી પ્રભુની મોટાઈનું વર્ણન કરતા શ્લોક બોલ્યા. પછી ચારેય વિપ્ર એક એક વેદ બોલ્યા. તે સાંભળી શ્રીજી મહારાજ બહુ રાજી થયા, તેથી પ્રસાદીના હાર પહેરાવી માથાં પર હાથ મૂક્યા.

પછી રાજી થઈ રજા માગી થોડું ચાલી આકાશ-માર્ગે જઈ અદૃશ્ય થઈ ગયા ! ત્યારે મહારાજે કહ્યું : ‘‘એ તો સચ્ચિદાનંદ સ્વામીને સંકલ્પ થયો હતો કે, વેદ કેવા હશે ? તેના કારણે વેદ આવ્યા હતા.’’ એવું સાંભળી વિશ્વાત્માનંદ સ્વામી બોલ્યા : ‘‘સચ્ચિનંદ સ્વામી વેદમાં શું જાણે ? એ તો અભણ છે.’’

આવું સાંભળીને ભણનારા સાધુઓ પણ કહેવા લાગ્યા : ‘‘હા મહારાજ ! તેમજ છે. સ્વામીને કાંઈ આવડતું નથી.’’ ત્યારે મહારાજ બોલ્યા : ‘‘સાંભળો બધા સચ્ચિદાનંદ સ્વામી તો ભગવાનને ધ્યાને કરીને સર્વે વાતમાં પૂર્ણ છે, એને કાંઈ અગમ્ય નથી.’’ ત્યારે વિશ્વાત્માનંદ સ્વામી બોલ્યા : ‘‘હે મહારાજ ! જો સચ્ચિદાનંદ સ્વામીને આવડતું હોય તો મૂર્તિમાન વેદ બોલ્યા એ પ્રમાણે તેઓને પણ બોલાવો તો સાચું મનાય.’’

એ સમયે જ પ્રગટ પ્રભુ શ્રીહરિએ પોતાની આંગળીની સાને કરીને સચ્ચિદાનંદ સ્વામી દૂર હતા ત્યાંથી પોતાની પાસે બોલાવીને કહ્યું : ‘‘સ્વામી ! ચાર વેદ બોલો.’’ ત્યાં તો શ્રીજી કૃપાથી સ્વામી તુરંત વેદ બોલવા લાગ્યા. આવી શુદ્ધ વાણી સાંભળીને સંતો આશ્ચર્ય પામી ગયા ! પછી સૌ દરબારગઢમાં ગયા.

૨૭

# ઘેલા નદી કિનારે શાકોત્સવ કર્યો !

હે વહાલા સંતો-ભક્તો ! ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું હતું ત્યારે ચુનાની કાંકરી ખૂટી ગઈ, તેથી નથુજી પાર્ષદે આવીને શ્રીજી મહારાજને વાત કરી : "હે મહારાજ ! અહીં કાંકરી ખૂટી ગઈ છે, પરંતુ ઘેલા નદીના કાંઠે કાંકરી સારી છે." પછી શ્રીજી પ્રભુએ સૌને આજ્ઞા કરી એટલે સૌ શ્રીહરિની સાથે ચાલવા લાગ્યા અને ઘેલાએ આવ્યા. ત્યાં નાના-મોટા સૌ સંતો કાંકરી ખોદવા લાગ્યા અને મહારાજ ગાડા ઉપર ખાટલો મુકાવી એના ઉપર બેસી સેવા કરનારા ઉપર કૃપા દૃષ્ટિ કરી જોવા લાગ્યા.

એ સમયે પૂજ્યપાદ સચ્ચિદાનંદ સ્વામી વાડીએથી ત્યાં આવ્યા. ત્યારે તેમને શ્રીજી મહારાજે પૂછ્યું : "તમારી પાસે કેટલાં રીંગણાં ઉતરે એમ છે ? અર્થાત્ અત્યારે રીંગણાંનો કેટલો સ્ટોક છે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "હે પ્રભુ ! બે હજાર નંગ રીંગણાં તો તૈયાર જ છે. તમે આજ્ઞા કરો તો લઈ આવું." ત્યારે મહારાજે કહ્યું : "બે હજાર રીંગણાં તો તમે આપો, પણ ઘી અને લોટ વગેરે મસાલા જોઈએ તે કોણ આપે ?"

ત્યારે ત્યાં બેઠેલા પેન્ટર નારાયણજી સુતાર બોલ્યા : ‘‘હે મહારાજ ! ઘી દસ મણ સુધી હું આપું.’’ એવું સાંભળી એના ભાઈ અજરામરે કહ્યું : ‘‘લોટ અને મસાલો હું આપું.’’ પછી ત્યાં ઘેલા કિનારે જ રીંગણાં મંગાવી શાકોત્સવ કરી પોતે જમીને થાળની પ્રસાદી સચ્ચિદાનંદ સ્વામી, નારાયણજી સુતાર અને અજરામરને આપી. આવું જોઈ બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : ‘‘ચુનાની કાંકરી તો ખોદીને અમે કાઢીએ છીએ અને પ્રસાદી તો બીજા ખાય છે.’’ ત્યારે મંદહાસ કરી શ્રીજી મહારાજે દસ ચરુમાંથી (શાક બનાવવાનાં મોટાં વાસણમાંથી)શાક મંગાવી તેમજ બાટી મંગાવી પ્રસાદીની કરી સેવા કરનારા બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો-પાર્ષદો અને હરિભક્તોને આપી, તેથી તેઓ સૌ રાજી થયા અને તેમની સેવા જોઈ શ્રીજી પ્રભુ પણ રાજી થયા.



## ૨૮

# સ્વામીએ ઇન્દ્રદેવને પગની લાત મારી !

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ શ્રીજી મહારાજ ગઢપુરમાં અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. તે સમયે સોમલા ખાચર, દાદા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર, માત્રા ધાધલ, લાધા ઠક્કર અને હરજી ઠક્કર એ સર્વે ભક્તો સાથે મળી ત્યાં આવ્યા અને દંડવત-પ્રણામ કરીને બેઠા. ત્યારે શ્રીજી મહારાજે પૂછ્યું : ''હે ભક્તો ! તમે સૌ સાથે મળીને કેમ આવ્યા છો ? તે કહો.''

પ્રગટ પ્રભુની વાણી સાંભળી ભક્તો કહેવા લાગ્યા : હે મહારાજ ! આપણે ત્યાં મંદિરનું કામ ચાલે છે અને કડિયા લોકો પથ્થરો વિના બેઠા છે, કારણ કે ખાણે પથ્થરો તો કાઢેલા પડ્યા છે, પરંતુ વરસાદ વરસતો નથી એટલે ખેડૂત ભાઈઓ કોસ હાંકવા મંડ્યા છે, તેના કારણે એનાં બળદ-ગાડાંઓ સૌ સૌની સાથે છે, તેથી ખાણેથી પથ્થરો કેમ લાવવા ? માટે જો વરસાદ વરસે તો સૌનાં દુઃખો મટી જાય અને પાણી વિના વાવેલા મોલ સુકાય છે, તેની ચિંતા દૂર થાય.''

હરિભક્તોની વાત સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા : ''હે ભક્તો ! ઈન્દ્રદેવ કોપાયમાન થયેલાં છે, તેથી વરસાદ નહિ થાય.'' ત્યારે ભક્તો બોલ્યા :

"હે પ્રભુ ! ઈન્દ્ર પણ તમારી આજ્ઞામાં રહે છે, માટે તેને તમે આજ્ઞા કરો, તો વરસાદ થાય." ત્યારે શ્રીજી મહારાજ કહે : "ઈન્દ્રદેવને વરસાદ કરવાની મરજી નથી, તેથી નથી કહેવું."

આવું સાંભળી સૌ હરિભક્તો શ્રીજી મહારાજને પગે લાગી (પ્રણામ કરી) યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી પાસે જઈ સર્વે વાત કરી. ત્યારે સ્વામી બોલ્યા : "શ્રીજી મહારાજે વરસાદ કરવાની ના કહી છે, એટલે મારાથી વરસાદ ન કરાય. જો હું મારી સામર્થી વડે વરસાદ વરસાવું તો શ્રીજી મહારાજ કુરાજી થઈ જાય. તેથી આપણે સૌએ શ્રીજી પ્રભુની આજ્ઞામાં રહીને તેમની મરજી પ્રમાણે રહેવું જોઈએ."

હે ભક્તો ! યોગીરાજે આ પ્રમાણે કહ્યું એટલે સૌ ભક્તોએ સચ્ચિદાનંદ સ્વામી પાસે જઈને સર્વે હકીકત જણાવી અને શ્રીજી મહારાજ જો વઢે તો અમે શાંત કરીશું એમ આશ્વાસન આપ્યું, તેથી સચ્ચિદાનંદ સ્વામી સમાધિ કરીને સ્વર્ગમાં ગયા. તે સમયે ઈન્દ્રદેવ ગાદી ઉપર બેસી અપ્સરાઓના નૃત્ય જોતાં હતા ! તે જોઈને સ્વામીને ગુસ્સો ચડ્યો એટલે પગની એક લાત ઈન્દ્રને મારીને બોલ્યા : "મૂરખ ! પૃથ્વી ઉપર વરસાદ વિના જીવપ્રાણીમાત્ર દુઃખી થાય છે અને તું અહીં બેઠો-બેઠો મજા કરે છે ? તું વરસાદ કેમ વરસાવતો નથી ?"

ત્યારે બારે મેઘ પરસ્પર કહેવા લાગ્યા : "એલા કોનો વરસવાનો વારો છે ? જેનો હોય તે જલદી વરસવા માંડો, નહિતર ઈન્દ્રદેવના જેવા હાલ થયા છે, એવા આપણા થશે." પછી જેનો વારો હતો તે મેઘ વરસવા લાગ્યો ! તેથી ગઢપુરમાં મોટી ધારે વરસાદ શરુ થઈ ગયો !

## ૨૯

# પ્રગટ પ્રભુની પ્યાસ બુઝી નહિ !

હે વહાલા સંતો-ભક્તો ! શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા હતા. તેઓ વરસાદના અવાજને કારણે અચાનક જાગી ગયા અને બોલ્યા : "મૂળજી બ્રહ્મચારી ! બહાર વરસાદ પડતો હોય એવો અવાજ શેનો આવે છે ?" ત્યારે મુખ ઉપર આનંદ લાવતા બ્રહ્મચારી બોલ્યા : "હે મહારાજ ! વરસાદને અભાવે બધા ચિંતા કરતા હતા, પરંતુ આપની દયાને કારણે વરસાદ શરુ થયો છે, એનો અવાજ આવી રહ્યો છે."

ત્યાં તો પ્રગટ પ્રભુનો ચહેરો ગંભીર બની ગયો અને રાજી થવાને બદલે નારાજ થઈને બોલવા લાગ્યા : "આ વરસાદ કરનાર કોણ ? કોની મરજીથી વરસાદ વરસી રહ્યો છે ?" આ પ્રમાણે બોલતા-બોલતા મોટી હાક મારી, તુરંત વરસાદ બંધ થઈ ગયો અને સચ્ચિદાનંદ સ્વામી પણ સ્વર્ગમાંથી સમાધિ દ્વારા ગઢપુર વંડામાં આવી ગયા !

હે ભક્તો ! વરસાદ બંધ થઈ ગયો એટલે શ્રીજી મહારાજ અક્ષર ઓરડીથી આવીને ઉગમણા-બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા અને સર્વે સંતોને બોલાવી સભા કરી. તેમાં સચ્ચિદાનંદ સ્વામી

પણ આવીને બેસી ગયા ! આ વાતનો ખ્યાલ આવતા દાદા ખાચર વગેરે હરિભક્તો પણ ઉતાવળા ચાલીને સભામાં આવીને એકબાજુ બેસી ગયા.

પછી શ્રીજી મહારાજ બહુ ક્રોધે ભરાઈને સચ્ચિદાનંદ સ્વામીને બહુ જ વઢવા લાગ્યા. ત્યારે દાદા ખાચર અને સોમલા ખાચરે હાથ જોડીને કહ્યું : ‘‘હે મહારાજ ! સ્વામી ઉપર ગુસ્સો ન કરો, કારણ કે વરસાદ ન થતાં વાવેલું ઉગતું નથી અને ઉગેલ વધતું નથી. તેથી અમો સર્વે હરિભક્તોએ સચ્ચિદાનંદ સ્વામીને વરસાદ વરસાવવાનું કહ્યું હતું.’’

ત્યારે મહાપ્રભુ શ્રીહરિ બોલ્યા : ‘‘આવાં ને આવાં ઊંધાં કામ કરે છે તેને કહ્યા વિના કેમ ચાલે ? માટે કાં તો એને અહીંથી કાઢી મૂકો અથવા અમે અહીંથી જતાં રહીએ.’’ ત્યારે સચ્ચિદાનંદ સ્વામી ઊભા થઈ પ્રણામ કરી ઘેલા નદીનો ખળખળીયો ઘાટ ઉતરી સામે કાંઠે જઈ એક મોટા પથ્થર ઉપર આસન વાળી ધ્યાન કરવા લાગ્યા. અને પોતાના મનની વૃત્તિ શ્રીજી મહારાજની મૂર્તિમાં જોડી ભજન કરવા લાગ્યા.

હે ભક્તો ! ભજન કરતાં કરતાં બીજા દિવસના બપોર થયા તો પણ સ્વામી ઊભા થયા નહિ, પાણી પીધું નહિ તેમજ ભાદરવાનો તડકો હોવાથી તરસ પણ ખૂબ લાગેલી હતી. તો પણ પાણી પીધું નહિ. ગરમીને કારણે શરીર તપવા લાગ્યું, છતાંય મૂર્તિ ધારીને ભજનનો તાર તૂટવા દીધો નહિ. તેના કારણે અક્ષર ઓરડીમાં બપોરની નિદ્રા કરી રહેલા પ્રગટ પ્રભુ શ્રીહરિને ખૂબ તૃષા લાગી, તેથી પાણી માગવા બૂમ પાડી, તેથી મૂળજી બ્રહ્મચારીએ ત્રણ વાર ટાઢું પાણી પાયું, છતાંય પ્રભુની પ્યાસ બુઝી નહિ !

# ભક્ત અને ભગવાનની એકતા !

હે વહાલા સંતો-ભક્તો ! શ્રીજી મહારાજે ત્રણ વાર પાણી પીધું તો પણ તરસ છીપી નહિ, તેથી બ્રહ્મચારીએ કહ્યું : “હે મહારાજ ! આટલું બધું જળ પીધું છતાંય તમારી તરસ કેમ બુઝાતી નથી ? બીજો કોઈ ઉપાય હોય તો કહો.” ત્યારે પ્રગટ પ્રભુ બોલ્યા : “બ્રહ્મચારી ! જે તડકામાં બેઠા બેઠા અમારું ધ્યાન ભજન કરે છે, જે ચોવીસ કલાકથી એક આસને બેસી ભજનનો તાર તૂટવા દેતા નથી, જેમણે આટલી અસહ્ય ગરમીમાં એકવાર પણ પાણી પીધું નથી એવા મહાપુરુષને પાણી પાયા વિના મને પાણી પાયા કરો છો, તેથી મારી પ્યાસ બુઝાતી નથી. જો એમને પાણી પાવામાં આવે તો મારી તરસ છીપે !”

હે ભક્તો ! પ્રગટ પ્રભુની મરજીને જાણનારા એવા પાર્ષદ રતનજી તથા પાર્ષદ મીયાંજીને તુરંત ખ્યાલ આવી ગયો એટલે તુરંત સાકરવાળું ટાઢું પાણી લઈ શ્રીજી મહારાજ પાસે પ્રસાદીનું કરાવી ઉતાવળા ઉતાવળા ઘેલા નદીના સામા કિનારે મોટા પથરા ઉપર ધ્યાનસ્થ બેઠેલા સચ્ચિદાનંદ સ્વામી પાસે ગયા અને ધ્યાનમાંથી જગાડીને કહ્યું : “સ્વામીજી ! તમો તડકે બેસીને ભૂખ-તરસ સહન

કરી રહ્યા છો, તેને કારણે આપણા પ્રભુની તરસ બુઝાતી નથી. તે માટે તમે જલદી આ સાકરવાળું પાણી પી જાવ તેથી શ્રીજી મહારાજની પ્યાસ બુઝે. અત્યારે શ્રીજી મહારાજ તરસના કારણે પીડા ભોગવી રહ્યા છે માટે જલ્દી તમે આ પ્રસાદીનું પાણી પીવો, કેમ કે સ્વયં મહારાજે પ્રસાદીનું કરીને તમને પાવા માટે જ અમને મોકલ્યા છે.''

હે ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીએ સાંભળ્યું કે મારા કારણે જ શ્રીજી મહારાજ તરસથી પીડાઈ રહ્યા છે, તુરંત જ તેઓ એકદમ ઊભા થઈ ગયા અને સાકર-પાણીવાળો આખો જગ પી ગયા ! તેના કારણે સ્વામીના શરીરમાંથી (રૂંવાડામાંથી) નીકળતું લોહી બંધ થઈ ગયું, એ સમયે જ અક્ષર ઓરડીમાં પાણી વિના અકળામણ અનુભવતા પ્રગટ પ્રભુનાં અંતરમાં પરમ શાંતિ થઈ ગઈ ! તેમજ તરસની સંપૂર્ણ પીડા પણ મટી ગઈ - જતી રહી !!

બીજે દિવસે ભક્તિમાતાનું શ્રાદ્ધ હોવાથી શ્રીજી મહારાજે ખીર અને રોટલી કરાવીને કહ્યું : ''સચ્ચિદાનંદ સ્વામીને બોલાયાવો. એ જ્યાં હોય ત્યાંથી તેડી લાવો.'' પછી મીયાંજી તથા રતનજી તેડી લાવ્યા. પછી શ્રીજી મહારાજ થાળ જમ્યા અને પ્રસાદીનો થાળ સચ્ચિદાનંદ સ્વામીને ખૂબ પ્રેમથી જમાડ્યો. પછી સ્વામીને કહ્યું : ''સ્વામી ! હવે તમે રાધાવાવે જાઓ.'' તેથી સ્વામી રાધાવાવે ગયા અને પ્રથમની જેમ જ શાકભાજી-ફળ-ફૂલ વાવી પ્રગટ પ્રભુનો રાજીપો મેળવવા લાગ્યા.

# બે રસોઈની જલેબી-મોતીયા જમી ગયા

હે વહાલા સંતો-ભક્તો ! જેવો લાડુબાને સંશય થયો હતો અને શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને જમાડીને લાડુબાના મનનું સમાધાન થઈ ગયું હતું, એવો જ પ્રસંગ ગઢપુરના જીવા ખાચરનો છે તેનું પાન કરો.

એક દિવસ ગઢપુરમાં શ્રીજી મહારાજ આગળ કથા વંચાતી હતી. તેમાં એક વાર્તા આવી જે, 'દુર્વાસા ઋષિ સર્વે ગોપીઓના થાળ જમી ગયા !' તે સાંભળીને જીવા ખાચરે સવાલના રૂપમાં સંશય પ્રગટ કરતાં પૂછ્યું : "હે મહારાજ ! ભણે દુર્વાસા તે કેવા હશે કે તે બધી જ ગોપીઓના થાળ જમી ગયા !"

જીવા બાપુનો પ્રશ્ન સાંભળી પ્રગટ પ્રભુ શ્રીહરિ ઉત્તર આપતા બોલ્યા : "કોઈ દિવસ તમને દુર્વાસા દેખાડીશું." પછી સમય જતા એક વખત શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં બિરાજમાન હતા અને આગળ સભા ભરાઈને બેઠી હતી. એ સમયે મોટી ડેલીથી જીવા ખાચર ત્યાં આવ્યા. આવીને પ્રગટ પ્રભુને પ્રણામ કરીને સભામાં બેઠા અને બોલ્યા : "હે મહારાજ ! મારે સંતોને બે રસોઈ દેવી છે, તે માટે જલેબી-મોતીયા વગેરે તૈયાર કરાવી દીધું છે. તેમજ

ફરસાણ વગેરે બનાવવા માટે સામાન તૈયાર કરાવ્યો છે, તેથી તમે આજ્ઞા કરો તે દિવસે રસોઈ કરાવીએ.''

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''હે જીવા બાપુ ! મીઠાઈ આદિક જે રસોઈનો સામાન તમે લાવ્યા છો, ત્યાં આ મોટાભાઈને (સચ્ચિદાનંદ સ્વામીને) લઈ જાઓ અને એમને જેટલી કોરડ કરવી હોય એટલી કરવા દેજો.'' પ્રગટ પ્રભુની આજ્ઞાનું પાલન કરવા માટે જીવા ખાચર સચ્ચિદાનંદ સ્વામીને પોતાની સાથે રસોઈ ઘરમાં લઈ ગયા અને કોરડ (નાસ્તો) કરવા બેસાડ્યા.

સ્વામી તો શ્રીજી મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને હરિ ચિંતન સાથે હરિ સ્મરણ કરતાં કરતાં જમવા લાગ્યા. તેઓ એટલું બધું જમ્યા કે જલેબી અને મોતીયા લાડુ ખૂટી ગયા ! સ્વામીને દેહનું ભાન રહેતું નહિ, એટલે ખ્યાલ પણ ન આવ્યો કે, 'હું  બધું જ જમી ગયો છું.' આવું નજરો-નજર જોઈને જીવા ખાચર ઉતાવળા ચાલીને શ્રીજી મહારાજ પાસે આવીને બોલ્યા : ''હે મહારાજ ! મોટાભાઈ (સચ્ચિદાનંદ સ્વામી) તો દુર્વાસા ઋષિના પણ મોટાભાઈ છે. તેઓ એક સાથે બે રસોઈ જમી ગયા છે !'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : ''મોટાભાઈની સ્થિતિ એવી થઈ ગઈ છે કે, મૂર્તિમાં વૃત્તિ રાખીને જમે છે, તેના કારણે જમેલું બધું એના મુખ દ્વારા ભગવાન જમે છે, તેથી તેમનું પેટ ભરાતું નથી !''

# ૩૨

## કૈલાસમાંથી બીલીપત્ર મંગાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર ઉમરેઠના હરિભક્તોનો સંઘ ગઢપુર પ્રત્યે પ્રગટ પ્રભુનાં દર્શન કરવા માટે પગપાળા આવી રહ્યો હતો. તે સંઘમાં મહાદેવનો ઉપાસક બ્રાહ્મણ પણ હતો. ચાલતા ચાલતા સૌ એક નદી કિનારે આવ્યા. ત્યાં સૌ સ્નાન કરીને પૂજા કરવા બેઠા. તે સમયે પેલા ભૂદેવ પણ શિવપૂજન કરવા બેઠા. પરંતુ શિવજીને ચડાવવા માટે સાથે લીધેલો બીલીપત્રનો પડીયો રસ્તામાં ક્યાંક પડી ગયો, તેથી પૂજા અધુરી રહી, એટલે તે બ્રાહ્મણને રસ્તામાં બે ઉપવાસ થયા, તો પણ તેઓ કશું જમ્યા નહિ.

પછી સંઘ ગઢડા આવ્યો. તે સમયે પ્રગટ પ્રભુ શ્રીહરિ સોમાબાઈના ઓરડીએ સભા કરીને બિરાજ્યા હતા. તેથી ઉમરેઠના સૌ હરિભક્તોએ ત્યાં આવીને શ્રીજી મહારાજને દંડવત કર્યા અને પગે લાગીને બધા બેઠા. ત્યારે શ્રીહરિએ સૌ ભક્તોને ઉતારા કરવાનું કહીને પૂછ્યું : ‘‘હે ઉમરેઠના ભાવિલા ભક્તો ! તમારે કાંઈક જોઈતું હોય તો માગી લેજો, પણ મુંઝાશો નહિ.’’

પ્રભુનો રાજીપો જોઈને ભક્તો બોલ્યા : “હે મહારાજ ! અમારા ભેળા એક બ્રાહ્મણ પણ છે, તે મહાદેવના ભક્ત હોવાથી રસ્તામાં પૂજા કરતા હતા, પણ બીલીપત્ર ન હોવાને કારણે તે ભૂદેવને રસ્તામાં ત્રણ ઉપવાસ થયા છે !” તેમની દઢતા જોઈને શ્રીજી મહારાજ બહુ જ રાજી થયા અને પૂછ્યું : “હે સંતો-ભક્તો ! અહીંયાં કોઈ સમાધિવાળા હોય તો કૈલાસમાંથી બીલીપત્ર મંગાવીએ.”

એ સમયે ઉમરેઠના બ્રાહ્મણ નંદલાલભાઈ તે સંઘમાં આવ્યા હતા અને તેમને સમાધિ થતી હતી, તેથી શ્રીજી મહારાજે તેને આજ્ઞા કરી એટલે તેઓ સમાધિ કરીને કૈલાસધામમાં ગયા ! પરંતુ તેને પાછા આવતા વાર લાગી એટલે શ્રીજી મહારાજે નાનાભાઈને બોલાવીને કહ્યું : “હે નાના ભક્ત ! ઉતાવળી ચાલનાર ને બહુ દોડનાર ઘોડી લઈને તમે અમરેલી જાઓ અને ત્યાંથી બીલીપત્ર લઈને આવો.”

હે ભક્તો ! પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ નાનાભાઈ તુરંત વેગવંતી ઘોડી લઈને અમરેલી જવા રવાના થઈ ગયા અને બીજે દિવસે બીલીપત્ર લઈને આવી ગયા. પછી શ્રીજી મહારાજે ઉમરેઠના બ્રાહ્મણને બોલાવીને બીલીપત્રનો પડીયો આપ્યો. એટલે તેણે શિવજીની પૂજા કરી બીલીપત્ર ચડાવીને પછી જમ્યા.

પછી ઉમરેઠના હરિભક્તોએ સરસ મીઠાઈઓની રસોઈઓ આપી, મહારાજ અને સંતોને જમાડ્યા. ત્યારબાદ સારાં સારાં ઘરેણાંઓ તેમજ કિંમતી વસ્ત્રાદિક

પહેરાવી પ્રગટ પ્રભુ શ્રીહરિની પૂજા કરી આરતી ઉતારી. આ રીતે ચાર દિવસ સુધી જુદા જુદા પ્રકારની રસોઈ આપી પૂજન કરી મહારાજને રાજી કર્યા. પછી શ્રીજી મહારાજે કહ્યું : "હે ભક્તો ! તમારી કાંઈ ઈચ્છા હોય તો કહેજો." ત્યારે ભક્તોએ કહ્યું : "હે મહારાજ ! અમારે કાંઈ જોઈતું નથી, પરંતુ નંદલાલ ભક્તને સમાધિ કરાવી છે, તેથી અમારે સાચવવા પડે છે, તેથી કૃપા કરી સમાધિમાંથી બહાર લાવો." ત્યારે મહારાજે કહ્યું : "નંદલાલને આજે સાંજે સભામાં લાવજો."

પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ ઉમરેઠના ભક્તો નંદલાલ ભક્તને સાંજની સભામાં લઈ ગયા અને મહારાજની પાસે સુવડાવી દીધા ! પછી મહારાજ બોલ્યા જે, "આ સભામાં કોઈ સમાધિવાળા છે કે આ નંદલાલ સમાધિ કરી જે ધામમાં ગયા હોય ત્યાંથી પાછા લઈ આવે ? એને ગોતી (શોધી) લઈ આવે ?"

હે ભક્તો ! પ્રગટ પ્રભુની ઈચ્છા જાણી સચ્ચિદાનંદ સ્વામી સમાધિ કરીને અક્ષરધામમાં ગયા, પરંતુ ત્યાં નંદલાલભાઈ હતા નહિ, તેથી પાછા આવી મહારાજને વાત કરી. પછી મહારાજના કહેવાથી એક સાથે અનેક રૂપ ધારણ કરી સચ્ચિદાનંદ સ્વામી અનેક ધામમાં ગયા, પરંતુ ક્યાંય પણ નંદલાલ ભક્તને જોયા નહિ, તેથી સમાધિ દ્વારા પાછા આવ્યા. તેથી ફરીને મહારાજે અક્ષરધામમાં જવાનું કહ્યું. પછી અક્ષરધામમાં ગયા, પરંતુ ત્યાં ન હોવાથી વળતા કૈલાસના માર્ગેથી પૃથ્વી ઉપર આવી રહ્યા હતા, ત્યારે તેઓને કૈલાસમાં રહેલા નંદલાલ

ભક્તે જોયા, તેથી તેઓ પણ સમાધિ દ્વારા સચ્ચિદાનંદ સ્વામીની પાછળ પાછળ આવી દેહમાં પ્રવેશ કર્યો એટલે દેહમાંથી જાગીને પ્રભુને પ્રણામ કરી બીલીપત્રનો પડિયો પ્રભુ આગળ મૂક્યો.

ત્યારે શ્રીજી મહારાજે સવાલ કર્યો : ‘‘નંદલાલ ભક્ત ! સમાધિમાં ચાર દિવસ સુધી કેમ રહ્યા ? આટલી બધી વાર કેમ લાગી ?’’ ત્યારે નંદલાલે કહ્યું : ‘‘હું તો ભુલો પડી ગયો હતો, પણ આ સચ્ચિદાનંદ સ્વામી ત્યાંથી નીકળ્યા એટલે તેની પાછળ-પાછળ અહીં સુધી આવી ગયો. હે પ્રભુ ! તમે સાક્ષાત્ પરમાત્મા છો, માટે મને તમારો આશ્રિત કરી વર્તમાન ધરાવો.’’ પછી પ્રભુએ કંઠી પહેરાવી શરણે લીધો. ત્યારબાદ તેણે શ્રીજીની પૂજા કરી અને સૌ ઉમરેઠ પાછા આવ્યા.



33

# જાતે રોટલા બનાવી જમવાનું કહ્યું

હે વહાલા સંતો-ભક્તો ! શ્રીજી મહારાજે એકવાર દરેક ત્યાગીઓને સ્ત્રીઓના હાથના બનાવેલા રોટલા જમવાની છૂટી આપી હતી. અર્થાત્ સંતો બાઈઓએ બનાવેલ રસોઈ જમતા હતા. પછી સમય જતાં પ્રગટ પ્રભુ શ્રીહરિએ સંતોને અને પાર્ષદોને પોતાની જાતે રોટલા બનાવીને જમવાની આજ્ઞા કરી. એટલે લક્ષ્મીબાગમાં સંતો-પાર્ષદો પોતપોતાની રીતે જાતે રસોઈ બનાવીને જમવા લાગ્યા. તેમાં સંતોને રોટલા બનાવતા આવડતા હોવાથી સંતોથી રોટલા સારા થતા હતા. પરંતુ ઘણા પાર્ષદોને અભ્યાસ ન હોવાથી રોટલા તૂટી જતાં હતાં.

પાર્ષદોમાં ડુંગરજી ભગત જેવાએ કહ્યું : ‘‘બાઈઓ ઊભી ઊભી દળે છે તેના કારણે લોટ જાડો દળાઈ જાય છે, તેથી રોટલા તૂટી જાય છે.’’ આ વાતની જીવુબા અને લાડુબાને ખબર પડી એટલે બંને બહેનો અનાજ દળનારી બાઈઓ ઉપર ખીજાયાં ! તેથી તે સેવિકા બાઈઓ લોટની માટલીઓ લઈ આવીને લોટ બતાવ્યો, તો લોટ તો સારો હતો, તેથી બંને બેનો કાંઈ બોલ્યા નહિ.

પછી ચાર દિવસ વીત્યા બાદ શ્રીજી મહારાજ આથમણા બારના ઓરડાની ઓસરીએ બેઠા હતા. ત્યારે અનાજ દળનારી સર્વે સ્ત્રીઓ ત્યાં આવીને રડતાં-રડતાં કહેવા લાગી : ''હે મહારાજ ! અમે ઝીણું દળીને આપીએ છીએ તો પણ ડુંગરજી વગેરે પાર્ષદો એવું બોલે છે કે ''રાંડું ઉભીયું ઉભીયું દળે છે, એટલે લોટ જાડો દળાય છે, તેના કારણે રોટલા ઘડતા-ઘડતા તૂટી જાય છે.'' તે વાત સાંભળીને અમને જીવુબા અને લાડુબાએ બહુ ઠપકો દીધો.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને લોટની માટલીઓ લાવીને મહારાજને બતાવી. ત્યારે તે ઝીણો લોટ જોઈને શ્રીજી પ્રભુ બોલ્યા : ''લોટ તો સારો છે અને ઝીણો પણ છે.'' એમ કહીને પછી બોલ્યા : ''હે બાઈઓ ! તમારો કાંઈ પણ વાંક નથી, માટે તમારે દુઃખ લગાડવું નહિ, પણ હવેથી તમારે પાર્ષદો માટે લોટ મોકલવો નહિ, એ સૌ પોતપોતાની રીતે દળી લેશે !''

ત્યાર પછી શ્રીજી મહારાજે સંતોને તથા પાર્ષદોને દળવા માટે ઘંટીઓ મંગાવી અને તેને હાલમાં ગોપીનાથજીના મંદિરની પાછળ ગોખની પાસે પ્રદક્ષિણા છે, ત્યાં છાપરું બનાવી દીધું અને આઠ ઘંટીઓ મુકાવીને પાર્ષદોને બોલાવીને કહ્યું : ''હવે તમે બધા પોતપોતાને હાથે ઝીણું દળીને ખાજો. હવેથી તમને બાઈઓ દળી દેશે નહિ.''

૩૪

# ઘંટીને ઘસરકે રે, વાલો મારો...

હે વહાલા સંતો-ભક્તો ! સંતોને અને પાર્ષદોને સ્વયં દળીને પોતે જ જમવાનું બનાવવાનું શરુ થયું, તેથી એક દિવસ સચ્ચિદાનંદ સ્વામી દળવા આવ્યા, એટલે તેમણે એમના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીને કહ્યું : ‘‘હે સિદ્ધાનંદ ! અહીંયા આવો, આપણે દળીએ કારણ કે અહીંથી શ્રીજી મહારાજનાં દર્શન થાય છે.’’ એમ કહીને પછી બેય દળવા બેઠા.

એ સમયે શ્રીજી મહારાજ દાદા ખાચરના ઉગમણા દ્વારના ઓરડાની ઓસરીએ સભા કરીને ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા. તથા રામપ્રતાપભાઈ પણ ત્યાં બેઠા હતા. પછી દિવસ આથમવાની થોડીવાર હતી ત્યારે શ્રીજી મહારાજ કહે : ‘‘ચાલો સાધુ દળે છે તે જોવા જઈએ.’’

આ પ્રમાણે કહીને સંતો દળતા હતા ત્યાં આવ્યા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, ‘ઘંટીને ઘસરકે રે વાલો મારો આવીયો રે.’ એવું સાંભળી શ્રીજી મહારાજ કહે : ‘‘સ્વામી ! તમે તો દળો કારણ કે તમને કાવ્ય નહિ આવડે એ કાવ્ય તો મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી કરશે.’’

એમ કહીને ચપટી ભરીને લોટ જોયો અને બોલ્યા જે, "સમાધિવાળા સાધુને પણ સારું દળતાં આવડે છે." એમ કહી બેય સાધુ સામું જોઈને હસ્યા. ત્યારે રામપ્રતાપભાઈ પણ લોટ જોઈને બોલ્યા : "હે મહારાજ ! સકીવાળા સાધુને બહુ સારું દળતા આવડે છે." ત્યાર પછી શ્રીજી મહારાજ લાડુબાને ઓરડે પધાર્યા.



# સ્વામીએ અનેક નિયમો લીધા

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર ગઢડામાં શ્રીજી મહારાજ અષાઢ સુદ એકાદશીના દિવસે ઢોલિયા ઉપર બેઠા હતા. તેમજ પોતાની આગળ સંતો-ભક્તો બેઠા હતા અને બાઈઓ સર્વે દૂર બેઠાં હતાં. ત્યારે પ્રગટ પ્રભુ બોલ્યા : ‘‘હે સંતો-ભક્તો ! આજ નિયમ એકાદશી છે, માટે સૌ વિશેષ નિયમ લેજો.’’

મહાપ્રભુ શ્રીહરિનાં વચન સાંભળી સૌથી આગળ બેઠેલા સદ્‌ગુરુઓમાંથી પ્રથમ મુક્તાનંદ સ્વામીએ ચાતુર્માસમાં નિયમ લીધું જે, ‘આ ગ્રંથ કરું છું, તે પુરો કરવો.’ અર્થાત્ નવું પુસ્તક લખવાની શરુઆત કરી છે, તે પુસ્તક ચાર મહિનામાં પૂર્ણ કરવું. આવું સાંભળી શ્રીજી મહારાજ રાજી થયા.

પછી બ્રહ્માનંદ સ્વામીએ નિયમ લેતા કહ્યું : ‘‘હે મહારાજ ! મારે ચાતુર્માસ પુરો થાય ત્યાં સુધી દરરોજ આઠ કીર્તન નવાં બનાવવાં.’’ પછી ચૈતન્યાનંદ સ્વામી બોલ્યા : ‘‘હે મહારાજ ! મારે તમારા ચરિત્રની સ્મૃતિ રાખવી.’’ પછી પ્રેમાનંદ સ્વામી બોલ્યા : ‘‘હે મહારાજ ! હું દરરોજ નવા આઠ કીર્તન કરીશ.’’

હે ભક્તો ! ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ નિયમ લીધું જે, ‘‘મારે આસનવાળીને બેસવું અને એકતાર ભજન કરવું તેમજ શ્રીજી મહારાજ સભામાં બિરાજે છે, તેવી ને તેવી મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તથા શ્રીજી મહારાજ સભામાંથી થાળ જમવા જાય અથવા બીજે જાય ત્યારે અંતરમાં મૂર્તિ ધારવી અને શ્રીજી મહારાજ પાછા પધારે ત્યારે દ્દષ્ટિને અંતરમાંથી બહાર લાવીને મહારાજમાં દ્દષ્ટિ રાખવી, પણ તે વિના બીજાં પદાર્થ જોવાં નહિ.’’

આવા નિયમો સાંભળીને શ્રીજી મહારાજ સચ્ચિદાનંદ સ્વામી ઉપર બહુ રાજી થયા અને બોલ્યા : ‘‘આ નિયમ સર્વે નિયમ કરતાં કઠણ છે; કેમ કે કાશીથી દ્વારકા સુધી દંડવત્ કરીને જવું કઠણ નહિ તથા યજ્ઞો કરીને બધી પૃથ્વી યજ્ઞશાળારૂપ કરી નાખવી, તે પણ કઠણ નહિ, તથા ચાર વેદ કંઠે કરવા તે કઠણ નહીં તથા દેહને સુકવી નાંખવો ને પણ કઠણ નહિ, પરંતુ ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તે તો બહુ જ કઠણ છે.’’



# સ્વામીને દિવ્ય દર્શન થયું

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ ગઢપુરમાં શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા નીચે ઓટા ઉપર બિરાજમાન હતા અને પોતાના મુખારવિંદ આગળ સર્વે સંતો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે શ્રીજી મહારાજ દિવ્યભાવે કરીને રામા ખાચર દેહ મૂકવાનાં હતા તેને તેડવા ગયા. અર્થાત્ મનુષ્યરૂપે લીંબતરું નીચે હતા અને દિવ્યરૂપે રામા ખાચરનો અંતકાળ હોવાથી તેને તેડવા પધાર્યા હતા.

આવું દિવ્ય દર્શન સચ્ચિદાનંદ સ્વામીને થયું, તેથી તેઓ અતિશય રાજી થયા. આ વાત તેમણે કેવલાત્માનંદ સ્વામીને કહી જે, ‘‘હે સ્વામી ! શ્રીજી મહારાજ રામાખાચરને તેડવા પધાર્યા એની તમને ખબર પડી ?’’ ત્યારે કેવલાત્માનંદ સ્વામી કહે : ‘‘શ્રીજી મહારાજ તો અહીંયાં બેઠા છે અને તમે કહો છો કે તેડવા પધાર્યા. તો તમે ખોટું કેમ બોલો છો ?’’

હે ભક્તો ! ત્યારે સચ્ચિદાનંદ સ્વામી કહેવા લાગ્યા : ‘‘હે કેવલાત્માનંદજી !

તમને યથાર્થ નિશ્ચય નથી, તેથી તમને સત્ય મનાતું નથી. હમણાં કોઈ ભક્ત દેહ મુકવાનો હોય અને તેને શ્રીજી મહારાજ તેડવા ગયા હોય તેની ખબર કોઈ આપે તો તમારા માન્યામાં આવે કે નહિ ?'' ત્યારે કેવલાત્માનંદ સ્વામી કહે : ''એવું જો થાય તો વાત સાચી મનાય.''

આ પ્રમાણે વાત કરે છે ત્યાં તો એક હરિભક્તે શ્રીજી મહારાજ પાસે આવીને કહ્યું : ''હે મહારાજ ! રામા ખાચરે દેહ મૂક્યો. અર્થાત્ ધામમાં ગયા.'' આવું સાંભળીને શ્રીજી મહારાજ અજાણ્યા થઈને બોલવા લાગ્યા : ''રામ, રામ, રામ..... રામા ખાચર બહુ સારા હતા, તેણે દેહ મૂકી દીધો ?'' આવી રીતે કાંઈ જાણતા જ ન હોય એ રીતે પૂછવા લાગ્યા.

ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કેવલાત્માનંદ સ્વામીને કહ્યું : ''હવે આ વાત તમે સાચી માનો છો કે ખોટી ?'' ત્યારે કેવલાત્માનંદ સ્વામી કહે : ''તમારી વાત સાચી પણ દિવ્યભાવ તો તમે જ જોઈ શકો, પરંતુ અમે કાંઈ દિવ્યરૂપે દેખતા નથી અને તમે તો નિશ્ચયની ના પાડો છો.'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા : ''હે સ્વામી ! તમને દિવ્યભાવ નથી દેખાતો એવા નિશ્ચયની અમોએ ના પાડી છે, પણ બીજા નિશ્ચયની અમે ના પાડી નથી, બીજો નિશ્ચય તો તમારામાં છે જ.''

# ગુરુ-શિષ્ય બે ગુચ્છ લાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! એક સમયે શ્રીજી મહારાજ ગઢપુરમાં દરબારગઢના ઉગમણા દ્વારના ઓરડાની ઓસરીમાં સભા કરીને બેઠા હતા. ત્યારે રાધાબાગથી સચ્ચિદાનંદ સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી ગુલાબના બે ગુચ્છ કરીને લાવ્યા. પછી સચ્ચિદાનંદ સ્વામી પોતાના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીને કહ્યું : ''સાધુરામ ! એક ગુચ્છ હું શ્રીજી મહારાજને આપું અને એક ગુચ્છ તમે આપો.'' ત્યારે સિદ્ધાનંદ સ્વામીએ કહ્યું : ''સ્વામી ! તમે મારા ગુરુ છો, માટે બંને ગુચ્છ તમે જ મહારાજને આપો.'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું : ''સિદ્ધાનંદ ! તમે સાંભળો. હું બંને ગુચ્છ મહારાજને આપીશ તો મને એકલાને મહારાજના હાથનો સ્પર્શ થશે અને તમને નહિ થાય, પરંતુ તમે પણ એક ગુચ્છ મહારાજને આપશો તો તમોને પણ મહારાજના હાથનો સ્પર્શ થશે, માટે તમે પણ એક ગુચ્છ આપો.''

આ પ્રમાણે એક એક ગુચ્છ (કલગી) ગુરુ-શિષ્ય હાથમાં લઈને શ્રીજી મહારાજ પાસે આવ્યા અને પ્રથમ સચ્ચિદાનંદ સ્વામીએ પોતે બનાવેલ ગુલાબનો ગુચ્છ તેમણે પ્રગટ પ્રભુ શ્રીહરિને આપી દંડવત્ પ્રણામ કર્યા. પછી સિદ્ધાનંદ

સ્વામીએ પણ એક ગુચ્છ શ્રીજી મહારાજના હાથમાં આપ્યો, તેથી મહારાજના હાથના સ્પર્શનો તેમને પણ લાભ મળ્યો ! તે જોઈને શ્રીજી મહારાજ બોલ્યા : ''સચ્ચિદાનંદ સ્વામી ! તમે તો બરોબરીયા કરી દીધા.'' એમ કહીને શ્રીજી મહારાજ હસ્યા એટલે આખી સભા હસવા લાગી !

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજ કહેવા લાગ્યા : ''ગુરુ-ચેલા બંનેને કેવું બને છે ? જેમ મરચાનાં અથાણાંમાં લીંબુ નાંખે, તેની ખટાશ મરચામાં ભળી જાય છે; તેમ સચ્ચિદાનંદ સ્વામીની આકરી પ્રકૃતિ છે. અર્થાત્ સ્વામીનો સ્વભાવ કડક છે અને સિદ્ધાનંદ સ્વામીની જરા ઠંડી પ્રકૃતિ છે, પરંતુ બંનેને એકબીજા પ્રત્યે બહુ હેત છે.''

પછી બીજા દિવસે સવારમાં શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં મૂર્તિ પધરાવીને પૂજા કરી રહ્યા હતા ! અર્થાત્ ગઢડા મધ્યના ૪૦માં વચનામૃત પ્રમાણે પૂજા કરી રહ્યા હતા. અથવા તો મુમુક્ષુઓને શીખવવા માટે પૂજા કરી રહ્યા હતા. તે સમયે રાધાબાગમાં એક ગુલાબનું પુષ્પ ખીલ્યું, એટલે તેને તોડીને સિદ્ધાનંદ સ્વામી ત્યાંથી ચાલતા-ચાલતા અક્ષર-ઓરડીએ આવીને શ્રીજી મહારાજને આપવા માટે હાથ લંબાવ્યો. ત્યારે મહારાજે કહ્યું : ''તમે તમારી જાતે આ મૂર્તિને ફૂલ ચડાવો.'' ત્યારે સ્વામી કહે : ''તમે લ્યો.'' તો પણ મહારાજે ફૂલ લીધું નહિ, એટલે ત્યાં બેઠેલા મુળજી બ્રહ્મચારીએ સિદ્ધાનંદ સ્વામીના હાથમાંથી ગુલાબનું ફૂલ લઈ લીધું અને મૂર્તિને ચડાવ્યું. તે જોઈ મહારાજ બોલ્યા : ''હેતવાળા બહુ છે, પણ ગાંડો પ્રેમ છે.''

# સિદ્ધાનંદ સ્વામીની સમજણ

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ઉગમણા દ્વારના ઓરડાની ઓસરી આગળ જુવારની ખાણ ઉપર બિરાજમાન હતા. તે સમયે પીપળાવાડીએ ચીંચોડો ફરતો હતો. (અર્થાત્ શેરડીમાંથી રસ કાઢવાનું મશીન એટલે ચીંચોડો.) તેથી સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને તેડવા માટે એક માણસ દરબારગઢમાં મોકલ્યો.

આવીને પ્રણામ કરી પેલા હરિજને સર્વે વાત કરી, એ સાંભળીને પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજ ઉચ્ચે સ્વરે બોલ્યા : ‘‘સાધુ, પાર્ષદો તથા હરિભક્તો ! જેને પીપળાવાડીએ આવવું હોય તે ચાલો ત્યાં ચીંચોડો શરુ થયો હોવાથી સચ્ચિદાનંદ સ્વામીએ અમને શેરડીનો રસ પીવા અને ગરમાગરમ તાજો ગોળ ખાવા તેડાવ્યા છે.’’

આ પ્રમાણે સૌને જણાવી શ્રીજી મહારાજ માણકીએ ચડીને પીંપળા વાડીએ પધાર્યા. ત્યાં જઈને જોયું તો ઘણાં માણસો ત્યાં ભેગા થયેલા હતા. પછી મહારાજે શેરડીના વાઢને ફરતો એક આંટો માર્યો અને બોલ્યા : ‘‘અહીંયા ભેગા થયેલા

સૌ એક એક સાંઠો લ્યો.'' એટલે સૌએ એક એક સાંઠો ખંભે લીધો અને શ્રીજી મહારાજે પણ એક શેરડીનો સાંઠો લીધો.

હે ભક્તો ! માણકીએ બેઠેલા મહારાજે તો સાંઠાને ખોળામાં રાખી એમને એમ ચીંચોડાને જોતાં-જોતાં જ પીંપળાવાડીએથી પાછા દરબારગઢમાં આવતા રહ્યા. તેથી વાડીએ ભેગા થયેલા સર્વે સંતો-પાર્ષદો અને હરિભક્તો પણ પોતપોતાનો સાંઠો લઈ શ્રીજી મહારાજની સાથે જ દાદાબાપુના દરબારગઢમાં આવ્યા.

ત્યાં આવીને પ્રગટ પ્રભુ લીલુડા લીંબતરુ નીચે બિરાજમાન થઈને બોલ્યા : ''સૌ પોતપોતાનો શેરડીનો સાંઠો બતાવો. એટલે સૌએ વારાફરતી આવીને પોતે લીધેલ સાંઠો બતાવ્યો. તેમાં સચ્ચિદાનંદ સ્વામીના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીએ શેરડીનો સાંઠો સાવ પાતળો લીધેલો; તે જોઈને શ્રીજી મહારાજ તથા મુક્તાનંદ સ્વામી એમના ઉપર બહુ જ રાજી થયા.''

પછી મુક્તાનંદ સ્વામીએ પોતાના શિષ્ય શાંતાનંદ સ્વામીને કહ્યું : ''સાધુરામ ! આપણો સાંઠો સિદ્ધાનંદ મુનિને આપો.'' એવું સાંભળી સિદ્ધાનંદ સ્વામી કહેવા લાગ્યા : ''સ્વામીજી ! મારે સારો સાંઠો ખાવો નથી, મેં જે પાતળો સાંઠો લીધો છે એ તો શ્રીજી મહારાજે આજ્ઞા કરી હતી એટલે લીધો છે.'' આવું સાંભળી શ્રીજી મહારાજ અને મુક્તાનંદ સ્વામી એમના ઉપર અપાર રાજી થયા.

# સ્વામીનાં નાક-કાનમાંથી લોહી....

હે વહાલા સંતો-ભક્તો ! ભગવાન સ્વામિનારાયણે એક દિવસ પોતાના ઉતારાએ અર્થાત્ અક્ષર-ઓરડીએ સંતો અને પાર્ષદોને બોલાવી આજ્ઞા કરતા કહ્યું : ‘‘હે સંતો-પાર્ષદો ! તમે સૌ વાવડીની ખાણે (વાવડી ગામની નજીક આવેલ પથ્થરની ખાણમાં) પાણા કાઢવા જાઓ. અત્યારે મંદિરનું કામ ચાલતું હોવાથી પથ્થરોની બહુ જરૂર છે, માટે સેવાયજ્ઞમાં જોડાઈ જાવ.’’

ત્યારબાદ સચ્ચિદાનંદ સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ‘‘તમે બંને ગુરુ-શિષ્ય અહીંથી પાણીના ડબ્બાઓ વગેરે ભરીને વાવડીની ખાણે જાઓ અને ત્યાં સેવા કરતાં સંતો-પાર્ષદો અને હરિભક્તોને પાણી પાવાની સેવા કરો. પાણી પાઈને પાછા ગઢડા આવો ત્યારે તે ખાણેથી પથ્થરનું ગાડું ભરીને આવવું.’’ પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં  બંને સંતો દરરોજ બળદગાડામાં પાણીનાં વાસણો ભરીને ગઢડાથી લઈ જવા લાગ્યા અને વળતા પથ્થરોનું ગાડું ભરીને લેતા આવતા હતા.

હે ભક્તો ! એક દિવસ દરરોજના ક્રમ મુજબ પાણી પાઈને આવતા હતા. ત્યારે રસ્તામાં વગડામાં લીલું ઘાસ જોયું, તેથી તે ઘાસ વાઢીને શ્રીહરિની માણકી માટે તેમજ ગાડીએ જોડેલા ગાંડા અને મુંઝડા નામના બે બળદો માટે લાવ્યા. તે ઘાસનો દરબારગઢમાં એક બાજુએ ઢગલો કરીને બંને સંતો પથ્થરોનું ગાડું ખાલી કરવા ગયા.

ત્યાં તો આ બાજુ સોમલા ખાચરે તે ઘાસ જોયું એટલે તરત જ તે ઘાસ દર્શન કરવા આવેલ હરિભક્તો તેમજ દરબારગઢમાં આવેલ મોટા મહેમાનોના ઘોડાઓને નીરી દીધું અર્થાત્ ખવડાવી દીધું ! એ સમયે ત્યાં સચ્ચિદાનંદ સ્વામી આવ્યા અને એમણે જોયું તો ઘાસ મહેમાનોના ઘોડા ખાતા હતા ! તે જોઈ સ્વામી આકળા (ગુસ્સે) થઈ ગયા અને કહેવા લાગ્યા : “આ ખડ (ઘાસ) બળદોને કોણે નાખી (નીરી) દીધું ? હવે આ એની મા (માણકી) અને એના બાપ (બંને બળદ) શું ખાશે ?”

સચ્ચિદાનંદ સ્વામીનાં આવાં કઠિન વચન સાંભળી સોમલા ખાચરને બહુ દુઃખ થયું, તેથી તે શ્રીજી મહારાજ પાસે ગયા અને સ્વામીની ફરિયાદ કરવા લાગ્યા : “હે મહારાજ ! મેં મહેમાનોના ઘોડાઓને ઘાસ નીરી દીધું એટલે મને સચ્ચિદાનંદ સ્વામી ગાળો દે છે.” આવું સાંભળી શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને બોલાવીને બહુ ખીજાયા. તેના કારણે સચ્ચિદાનંદ સ્વામીના નાકમાંથી અને કાનમાંથી લોહી નીકળવા લાગ્યું. તેથી તેઓ બીમાર થઈ ગયા !

# પ્રસાદીની રાબ પીવડાવી

હે વહાલા સંતો-ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીથી પ્રગટ પ્રભુનો ઠપકો સહન ન થયો એટલે બીમાર થઈ ગયા, તેથી  આરામ કરવા માટે દરબારગઢની ડેલી આગળ એક ઢાળિયામાં ખાટલે જઈને સૂઈ ગયા. એ સમયે બરાબર જીવા ખાચર બીમાર થયેલા હોવાથી તેને જોવા માટે - (ખબર કાઢવા માટે) શ્રીજી મહારાજ હાથમાં છડી લઈને જ્યાં સચ્ચિદાનંદ સ્વામી સૂતા હતા તે એક ઢાળિયા પાસે આડાઅવળા આંટા મારતા-મારતા કહેવા લાગ્યા : ‘‘હે દાદા ખાચર ! સોમલા ખાચર ! ચાલો આપણે જીવા ખાચર માંદા છે, તેની ખબર કાઢવા જવું છે.’’

શ્રીજી મહારાજને આવું બોલતા સાંભળીને સચ્ચિદાનંદ સ્વામીની સેવામાં રહેલા એના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીના મનમાં સંકલ્પ થયો જે, ‘આ સચ્ચિદાનંદ મહામુનિ કેવા મહાન સંત છે ? તેઓ શ્રીજી મહારાજના અનન્ય સંત છે. આવા સંત બીમાર છે, તો પણ શ્રીજી મહારાજ એમને જોવા આવતા નથી અને જીવા ખાચર તેના ભક્ત નથી, તેને જોવા જાય છે.’

હે ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજ તો અંતર્યામી છે, તેથી સર્વેના સંકલ્પ એકકાળાવછિન્ન જાણે જ છે, તો પણ ત્યાં કાંઈ બોલ્યા નહિ અને સચ્ચિદાનંદ સ્વામીની ખબર કાઢવા પણ ન ગયા અને મોટીડેલીએ જઈ જીવા ખાચરની ખબર કાઢી પાછા દરબારગઢમાં આવી અક્ષર ઓરડીએ પધાર્યા ! ત્યાં તો ત્યાં સોમલા ખાચર આવ્યા અને શ્રીજી મહારાજને કહેવા લાગ્યા : "હે મહારાજ ! સચ્ચિદાનંદ સ્વામી તો અડબંગી છે, તે કોઈનું કાંઈ માનતા જ નથી."

સોમલા ખાચરની આવી વાણી પ્રગટ પ્રભુ શ્રીહરિને ગમી નહિ, તેથી કહેવા લાગ્યા : "ઓલ્યો (સચ્ચિદાનંદ સ્વામી) માંદો પડ્યો છે, તોય પણ એનો કેડો મેલતો નથી ?" ત્યારબાદ મોટા અવાજે બોલ્યા : "સચ્ચિદાનંદ સ્વામીની સેવા કોણ કરે છે ?"

હે ભક્તો ! ત્યાં તો ઉતાવળા પગલે સિદ્ધાનંદ સ્વામી આવ્યા અને બે હાથે નમસ્કાર કરીને બોલ્યા : "હે મહારાજ ! સચ્ચિદાનંદ સ્વામી બહુ માંદા છે તેથી દેહ રહે તેમ નથી." આવું સાંભળી તુરંત શ્રીજી મહારાજે મોટીબા અને લાડુબાને બોલાવીને કહ્યું : "ભારે ભારે તેજાના નાખી સચ્ચિદાનંદ સ્વામી માટે રાબ (ઢીલો શીરો) કરો. " તુરંત તેઓ રાબ કરીને લાવ્યા. પછી તેને થોડીક જમી મહારાજે સ્વામી માટે મોકલી. તેથી સિદ્ધાનંદ સ્વામીએ જઈ સ્વામીને કહ્યું : "તમારા માટે શ્રીજી મહારાજે રાબ કરીને મોકલી છે માટે પીવો." એવું સાંભળી સચ્ચિદાનંદ સ્વામી બહુ રાજી થયા અને રાબ પીધી. એટલે સારું થઈ ગયું ! પછી બંને રાધાવાવે ગયા.

## મહારાજ વઢે તો હેત વધે !

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ શ્રીજી મહારાજ ગઢપુરમાં વાસુદેવ નારાયણના ઓરડે બેઠા હતા. તે સમયે પ્રગટ પ્રભુ શ્રીહરિની મૂર્તિ અતિ શોભાયમાન જોઈને સચ્ચિદાનંદ સ્વામીને અતિ હેતના હીંસોરા થવા લાગ્યાં. તે જોઈને સિદ્ધાનંદ સ્વામીએ સચ્ચિદાનંદ સ્વામીને પૂછ્યું : "હે સ્વામીજી ! તમારે શ્રીજી મહારાજને વિષે જેવું હેત છે, તેવું હેત મારે કેમ થાય ?" ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ જવાબ આપતા કહ્યું : "મને જેમ મહારાજ વઢે (ખીજાય) છે - તેમ તમને વઢે તો મારા જેવું હેત તમને પણ થાય !"

હે ભક્તો ! આવો જવાબ સાંભળી સિદ્ધાનંદ સ્વામી મનોમન સંકલ્પ કરવા લાગ્યા : "હે મહારાજ ! મને સારી પેઠે વઢો એટલે મારે પણ તમારા વિષે સચ્ચિદાનંદ સ્વામીના જેવું હેત થાય. એટલે મારામાં કાંઈ વાંક ન હોય તોપણ મારા ઉપર બરાબર ખીજાઈને મારું અપમાન કરો."

સિદ્ધાનંદ સ્વામીનો આવો સંકલ્પ અંતર્યામીપણે જાણીને શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘બદરીનાથથી દંડવત્ કરતાં કરતાં દ્વારકા જાય ને દ્વારિકાથી દંડવત્ કરતાં કરતાં ફરી બદરીનાથ જાય તે કઠણ નથી. તથા રામ સ્નેહી હોય તે આખો દિવસ રામ-રામ કરતા જીભ તુટી જાય તેટલું ભજન કરે એ પણ કઠિન નહિ; પરંતુ ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાવી તે કઠણમાં અતિ કઠણ સાધન છે. આ વાત સિદ્ધ થઈ હોય તો પણ વઢ્યાના મનસુબા કર્યા કરે છે, તે અમે એને વઢશું ત્યારે એને જે વાત સિદ્ધ થઈ છે, તે તેવા ને તેવા સારા રહેશે કે કેમ ?’’

ત્યાં એક દૃષ્ટાંત છે : જેમ દૂધ હોય તેને મેળવે ત્યારે તેમાંથી દહીં થાય. પછી દહીંને વલોવે એટલે તેમાંથી માખણ થાય અને તે માખણને તાવે (ગરમ કરે) ત્યારે ઘી થાય. પછી તે ઘીને અતિશય ઉનું કરે તો તેમાંથી ઝેર થાય છે - એ જ રીતે ભગવાનની મૂર્તિ અખંડ દેખાતી હોય તો પણ ‘મહારાજ મને વઢે’ એવા મનસુબા થાય છે. તેથી અમે જ્યારે વઢશું ત્યારે સર્વે મનુષ્ય શું જાણશે જે, આ સાધુમાં કાંઈક અડબંગતાં હશે ને કાં તો મહારાજનાં વચનમાં નહિ રહ્યા હોય, એમ જાણીને સૌ તેની ઉપેક્ષા રાખશે, ત્યારે તેને અમારે વિષે હેત છે તેટલું રહેશે ખરું ?

## ૪૨

# શ્રીજીએ દૃષ્ટાંત આપી સમજાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિજી આ પ્રમાણે સભામાં બોલ્યા એટલે તે વાત સિદ્ધાનંદ સ્વામીએ સાંભળી, તેથી મનમાં સંકલ્પ કર્યો જે, ‘‘હે મહારાજ ! હવે વઢશો નહિ, અત્યારે મારે હેત છે, તે ઘણું છે.’’

પછી સિદ્ધાનંદ સ્વામી રાધાવાડીએ ગયા અને સચ્ચિદાનંદ સ્વામીને સર્વે વાત કહી સંભળાવી. ત્યારે સ્વામી બોલ્યા : ‘‘હે સિદ્ધાનંદ ! મહારાજ આપણને વઢે નહિ, ત્યાં સુધી હેતના હીંહોરા (આનંદ-ઉત્સાહ) ન આવે.’’

હે ભક્તો ! બીજા દિવસે શ્રીજી મહારાજ વાસુદેવ નારાયણને ઓરડે સભા કરીને બેઠા હતા. તે સમયે રાધાવાવથી સચ્ચિદાનંદ સ્વામી અને સિદ્ધાનંદ સ્વામી ત્યાં આવ્યા અને મહારાજને દંડવત્ પ્રણામ કરી સભામાં બેસી ગયા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ સિદ્ધાનંદ સ્વામીને કહ્યું : ‘‘મારા જેવું હેત તમારે શ્રીજી મહારાજને વિષે કરવું હોય તો મહારાજ ખીજાય તેમ કરો !’’

પોતાના ગુરુએ ફરીને આ પ્રમાણે કહ્યું એટલે સિદ્ધાનંદ સ્વામીને ફરી સંકલ્પ થવા લાગ્યા : ''હે મહારાજ ! બીજા લોકો તો ગમે તેમ જાણે પરંતુ તમે તો મને એકવાર સારી પેઠે વઢો. અર્થાત્ મારા ઉપર વિશેષ ગુસ્સો કરીને ખીઝાવો, એટલે મને તમારામાં હેત વધતું જાય.''

હે ભક્તો ! સ્વામીના મનમાં થયેલો સંકલ્પ શ્રીજી મહારાજ અંતર્યામીપણે જાણીને બોલ્યા જે, ''અમે તેને વઢશું ત્યારે તેને એવા સંકલ્પ થશે જે, 'એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેને રાત્રિમાં સ્વપ્નુ આવ્યું કે, 'દેવીપૂજકના વિવાહમાં હાણ્યો-માણ્યો અને ખૂબ ખાધુ.''

પછી તેણે સવારે ઉઠી પોતાના ઘરનાં નરનારીઓને વાત કરી. પછી તેની પત્ની પાણી ભરવા માટે પનઘટે ગઈ ત્યાં તેણીએ બીજી સ્ત્રીઓને સર્વે વાત કરી. પછી તે વાત આખા ગામમાં ફેલાઈ ગઈ, તેથી નાતના આગેવાનોએ તે બ્રાહ્મણને નાત બહાર મૂક્યો ! જો કે તે વાત તો સ્વપ્નની હતી તો પણ તે વાતને સાચી માની તેને નાત બહાર મૂક્યો.... એ જ રીતે અમે એને (સિદ્ધાનંદજીને) વઢશું ત્યારે બીજાં સૌ માણસ સાંભળીને તેની ઉપેક્ષા કરશે એટલે તે સાધુને તે બ્રાહ્મણની જેમ થશે, ત્યારે હતા તેવા સારા રહેશે નહિ.'' આવું સાંભળી સિદ્ધાનંદ સ્વામીનો સંકલ્પ શમી ગયો. પછી તેઓ રાધાવાવે ગયા.

## ૪૩

# ગુરુ-શિષ્ય ઉપર મહારાજનો રાજીપો

હે વહાલા સંતો-ભક્તો ! એક વરસ શ્રીજી મહારાજે રાધાવાવે શેરડીનો વાઢ કરાવ્યો હતો. તેમાં શેરડી બહુ સારી થઈ, તેથી તેનો ગોળ બનાવવા માટે ચીંચોડો શરુ કરાવ્યો. ત્યારે શ્રીજી મહારાજની આજ્ઞાથી રાધાવાવથી શેરડીના ભરેલાં બે ગાડાં દરબારગઢમાં લઈ જવામાં આવતાં, તેમાં એક ગાડું શેરડીનું સંતો માટે આવતું અને એક શેરડીનું ગાડું સાંખ્યયોગી બાઈઓ માટે આવતું હતું.

સંતો માટે શેરડી આવતી હતી, તે મોટાભાગના સંતો જમતા હતા, પરંતુ સિદ્ધાનંદ સ્વામી જમતા નહિ. કારણ કે તેઓ એવું સમજતા કે 'શેરડીનો સ્વાદ કરવા રહીશ તો મહારાજની મૂર્તિ ભૂલી જવાશે અને વારંવાર ખાવાની કુટેવ પડી જશે.'

હે ભક્તો ! રોજની માફક શેરડી આવતી હતી. તેમાં એક દિવસ હમીર ભક્તે અતિ આગ્રહ કરીને સિદ્ધાનંદ સ્વામીને શેરડી ખાવા કહ્યું, તો પણ સ્વામી શેરડી જમ્યા નહિ અને બોલ્યા : ''એ તલબાવળ જેવી કઠણ શેરડી મારું મોઢું

ફાડી નાખે છે.'' પછી સાંજના સમયે શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા ત્યારે હમીર ભક્તે કહ્યું : ''હે મહારાજ ! સિદ્ધાનંદ સ્વામી શેરડી જમતા નથી.'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : ''મુક્તાનંદ સ્વામીને પૂછો કોઈ સાધુ શેરડી જમ્યા વિનાના છે ?'' એવું સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''બધા સંતો શેરડી જમ્યા છે.'' પછી બહેનોને પૂછવાથી તેમણે પણ એ રીતે જ જવાબ આપ્યો.

પછી સિદ્ધાનંદ સ્વામી સભામાં આવ્યા અને શ્રીજી મહારાજને દંડવત્ પ્રણામ કરીને બેઠા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : ''આ બાપડા ગરીબ સાધુને અમારી પ્રસાદી કોણ આપે ? સચ્ચિદાનંદ સ્વામી અને સિદ્ધાનંદ સ્વામી બંને ગુરુ-શિષ્ય રાત્રી-દિવસ અમારી પ્રસાદી માટે દાખડો કરે છે, પણ તેને સંભારીને અમારી પ્રસાદી કોણ આપે ?'' આવું સાંભળી મોટીબા તથા લાડુબા બોલ્યાં : ''હે મહારાજ ! હવેથી તમારા થાળમાંથી અમો બે થાળી પ્રસાદી મોકલાવીશું.'' પછી કહ્યા મુજબ બંને બહેનો રાધાવાવે બંને સંતો માટે થાળ મોકલાવવા લાગ્યા !

હે ભક્તો ! પ્રસાદીનો થાળ આવે એટલે પ્રથમ તે થાળ સચ્ચિદાનંદ સ્વામી જમતા અને પછી સિદ્ધાનંદ સ્વામી જમતા. તેમાં એક દિવસ સચ્ચિદાનંદ સ્વામીએ કુરજી ભક્તને કહ્યું : ''આ પ્રસાદીના થાળમાં બે ભાગ કરી આપો. કેમ કે વધુ જમી જવાય તો મનમાં એમ થાય છે કે સિદ્ધાનંદ સ્વામીના ભાગની પ્રસાદીનું હું ખાઈ જાઉં છું અને ઓછું જમું તો મનમાં દાઝ થાય છે કે ભગવાનની પ્રસાદીનું ઓછું જમાણું છે.'' આવી સમજણવાળા હતા સચ્ચિદાનંદ સ્વામી !

૪૪

# ખરા ઉપાસકનો ધર્મ કયો ?

હે વહાલા સંતો-ભક્તો ! એક સમયે શ્રીજી મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા. અને પોતાના મુખારવિંદની આગળ સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. એ સમયે ગવૈયા પરમહંસો ગાવણું કરવા લાગ્યા. અર્થાત્ કીર્તન બોલવા લાગ્યા. તેમાં પ્રેમાનંદ સ્વામી કીર્તન બોલ્યા જે, ''કૈસે જાઉં પનિયાં, રોક્યો પનઘટવા.''

એ કીર્તન સાંભળીને સિદ્ધાનંદ સ્વામીને સંકલ્પ થયો : ''આ કીર્તનમાં શ્રીકૃષ્ણ ભગવાનનું વર્ણન આવ્યું, એ મૂર્તિ કેવી હશે ?'' ત્યાં તો તે મૂર્તિ તત્કાળ દેખાણી ! શ્યામ સ્વરૂપ હતું, ખંભા ઉપર કામળી હતી, કમરે શીંગડી ખોસેલી હતી, પગમાં લંગરવા અને હાથમાં ફૂંમકાવાળી મોરલી બજાવતા હતા. તેવી મૂર્તિ જોઈને સિદ્ધાનંદ સ્વામીને શ્રીજી મહારાજની મૂર્તિ દેખાતી હતી. તે બંધ થઈ ગઈ ને શ્રીકૃષ્ણની મૂર્તિ દેખાવા લાગી.

હે ભક્તો ! પછી તો સિદ્ધાનંદ સ્વામી બહુ અકળાણા, તેના કારણે શરીરમાં પરસેવો વળી ગયો, પણ શ્રીજી મહારાજની મૂર્તિ દેખાઈ નહિ. તેથી તેઓ બહુ મુંઝાયા ! તે જોઈને શ્રીજી મહારાજ મંદમંદ હસવા લાગ્યા. તેવું જોઈને પ્રેમાનંદ સ્વામીને એમ થયું કે, 'આપણું ગાવું જોઈને મહારાજ હસે છે.'

પછી સિદ્ધાનંદ સ્વામીએ હાથ જોડીને શ્રીજી મહારાજને વિનંતી કરી : ''હે મહારાજ ! હવે હું આવો સંકલ્પ કોઈ દિવસ નહિ કરું, માટે તમારી મૂર્તિ જેવી દેખાતી હતી તેવી દેખાડો. ત્યારે પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજની મૂર્તિ દેખાણી, એટલે સ્વામી મુંઝાતા હતા તે બંધ થઈ ગયાં.''

ત્યારે શ્રીજી મહારાજે સિદ્ધાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''સાધુરામ ! કેમ થયું ?'' ત્યારે સ્વામી કહે : ''પ્રેમાનંદ સ્વામી કીર્તન બોલ્યા તે સાંભળીને મને સંકલ્પ થયો : 'એ મૂર્તિ કેવી હશે ?' ત્યાં તો શ્યામ મૂર્તિ દેખાણી ને તમારી મૂરતી દેખાતી હતી તે આળસી ગઈ એટલે હું બહુ મુંઝાણો.''

પછી શ્રીજી મહારાજે સૌ સભાને કહ્યું : ''જુઓ, ઉપાસક તો આવા જોઈએ જે, ''પોતાના ઈષ્ટદેવ વિના સર્વ અવતારની મૂર્તિઓ દેખાય તોય અકળાઈ જાય ને મુંઝાય જાય. અને પોતાના ઈષ્ટદેવની મૂર્તિ દેખાય ત્યારે રાજી થાય ને શાંતિ થાય, તે ખરેખરા ઉપાસકનો ધર્મ છે.'' તે સાંભળી સૌ સભાસદો આશ્ચર્ય પામી ગયા !

## ૪૫

# ઉલટી કરી બીરંજ બતાવ્યો !

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ કારિયાણીથી ભણનારા સંતો તથા ગવૈયા સંતો ગઢડા આવ્યા, પરંતુ શ્રીજી મહારાજના દર્શન થયા નહિ, તેથી લાધા ઠક્કરને કહ્યું : ‘‘તમે જીવુબા, લાડુબાને પૂછી જુઓ કે હાલમાં શ્રીજી મહારાજ ક્યાં છે ?’’ પછી પૂછાવ્યું ત્યારે તેમણે કહ્યું : ‘‘અમોને કાંઈ ખબર નથી.’’ લાધા ઠક્કરે કહ્યું : ‘‘સચ્ચિદાનંદ સ્વામી સમાધિવાળા છે તેને પૂછો એટલે ખબર આપશે.’’

પછી સચ્ચિદાનંદ સ્વામીને પૂછ્યું એટલે તેમણે કહ્યું : ‘‘અત્યારે મહારાજ ધર્મપુરમાં છે. ત્યાં હું હમણાં જ સમાધિ કરીને ગયો હતો, ત્યાં મને મહારાજે બીરંજ જમાડ્યો હતો.’’ આવું સાંભળી લાધા ઠક્કર બોલ્યા જે, ‘‘સમાધિવાળા તો ખોટુંય બોલે.’’ ત્યારે સચ્ચિદાનંદ સ્વામી કહેવા લાગ્યા : ‘‘તું તો સાવ મુસલમાનનો મુસલમાન જ રહ્યો !’’ આ પ્રમાણે કહી ઉલટી કરીને બીરંજ કાઢી બતાવ્યો. તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા.

(હે ભક્તો ! લાધા ઠક્કરના પૂર્વજો હિન્દુ ઠક્કર હતા, પરંતુ દિલ્હીમાં મોગલો આવ્યા પછી તે લોકોએ અનેક હિન્દુઓને મુસલમાન બનાવ્યા હતા. તેમાં ઠક્કર જ્ઞાતિનો સમાવેશ થાય છે. તેઓએ ઈસ્લામનો સ્વીકાર કર્યા પછી ખોજા ઠક્કર તરીકે ઓળખાવા લાગ્યા હતા. તેથી સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા હતા કે, ‘‘લાધા ઠક્કર મુસલામાનનો મુસલમાન રહ્યો.’’ વળી સચ્ચિદાનંદ સ્વામીએ ઉલટી કરીને બીરંજ કાઢી બતાવ્યો એ પ્રસંગ સંવત્ ૧૮૭૨ના વસંતપંચમીના સમૈયાનો હતો. તે સમયે પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજે ધર્મપુરમાં રાજમાતા શ્રી કુશળકુંવરબાના આગ્રહથી ત્યાં મોટો ઉત્સવ કર્યો હતો.)

હે વાચક મિત્રો ! સચ્ચિદાનંદ સ્વામીએ ઉલટી કરી બીરંજ બતાવ્યો એટલે સંતોને વાત સત્ય મનાણી. પછી ભણનારા સંતોમાં નિત્યાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, ગવૈયા સંતોમાં મુખ્ય બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી અને યોગાનંદ સ્વામી વગેરે સંતો ધર્મપુર જવા માટે ગઢપુરથી ચાલવા લાગ્યા ! તેમની સાથે લક્ષ્મીરામ દેરાસરી અને પાર્ષદનાં વસ્ત્રોમાં નાની ઉંમરના જગન્નાથ વિપ્ર (ભવિષ્યમાં સંત બનનારા શુકાનંદ સ્વામી) પણ હતા.

ઉપરોક્ત કહેલા સંતો ચાલતા ચાલતા ધર્મપુરના જંગલમાં આવ્યા. ત્યાં તો એક બાવાએ બધા સંતોને પોતાના આશ્રમમાં લઈ જઈ પૂરી દીધા. ત્યારે શ્રીજી મહારાજ બે સૈનિકોનાં રૂપ ધારણ કરી બાવા પાસે આવ્યા અને ચામડાનાં કોરડા મારી બાવાને બહુ માર્યો અને સંતોને છોડાવી અદશ્ય થઈ ગયા !

## કેરીઓ જમાડવાનો ભાવ, પરંતુ....

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર સચ્ચિદાનંદ સ્વામી અને તેમના શિષ્ય સિદ્ધાનંદ સ્વામી બંને ગુરુ-શિષ્ય ગુજરાત (ચરોતર)માંથી કેરીના ટોપલા માથાં ઉપર ઉપાડીને પ્રગટ ભગવાન શ્રીહરિને જમાડવા માટે ગઢપુર લાવતા હતા. ત્યારે રસ્તામાં ભાલપ્રદેશમાં નાનીબોરુ અને ભોળાદ વચ્ચે ઓજા-કૂઈ નામની તલાવડી છે. ત્યાં એક ખીજડો હતો અને ત્યાં એક અગડબંબ નામનો અતીત બાવો રહેતો હતો.

તેણે તલાવડી (તળાવડી) પાસેથી માથે કેરીના ટોપલા ઉપાડીને સંતોને જતા જોયા. એટલે ઉતાવળો-દોડીને સંતો પાસે આવ્યો અને કહેવા લાગ્યો : ‘‘અબે મુંડીયા ! કેરીકા ટોપલા કીધર લે જાતે હો ?’’ ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું : ‘‘બાવાજી ! અમારા ભગવાન સ્વામિનારાયણ માટે ગઢડા લઈ જઈએ છીએ. ગુજરાતના અમારા ભક્તોએ આ કેરીઓ અમારા ભગવાન માટે આપી છે, તેથી તેઓને આપવા માટે ગઢડા લઈ જઈએ છીએ.’’

સ્વામીની વાણી સાંભળી આસુરી સ્વભાવનો અગડબંબ બાવો ક્રોધ કરી સંતોને ગાળો દેવા લાગ્યો અને હાથમાં સોટો લઈ પવિત્ર સંતોને મારતો જાય અને કહેતો જાય : ‘‘એ સબ કેરી હમારે વાસ્તે લેકે હમારી ઝોંપડીમેં ચલો.’’ ત્યારે ઈન્દ્રદેવને પણ પગની લાત મારનારા સમર્થ સંત સચ્ચિદાનંદ સ્વામી સામાન્ય વ્યક્તિની જેમ બાવાની આગળ હાથ જોડી બે-ચાર કેરી હાથમાં આપી કહેતા જાય : ‘‘તમારા માટે અમે બીજી કેરી લઈને આપી જશું પરંતુ આ કેરીઓ અમારા ગુરુ અને ભગવાન એવા સ્વામિનારાયણ માટે લઈ જવા દો.’’

હે ભક્તો ! સદ્‌ગુણી સંતોનો દ્રોહ કરી કરીને જેમની આસુરીબુદ્ધિ થઈ ગઈ છે, એવા બાવાના મનમાં કોઈ અસર થઈ નહિ. એમને તો કેરીની સુગંધ લઈને જીભ ચટાકા મારવા તલપાપડ થઈ ગઈ હોવાથી સંતોને મારતા-મારતા ઓજાકૂઈ સુધી પાછળ આવ્યો. ત્યાં બંને સંતોએ માથાં ઉપરથી ટોપલાં નીચે મૂક્યા અને બાવા ઉપર ક્રોધ આવતો હતો, તો પણ ગુસ્સો ગળી જઈને ક્ષમા રાખી જવા દેવા વિનંતી કરતા હતા.

ત્યારે સંતોની વિનંતી અવગણીને તે બોલવા લાગ્યો : ‘‘અરે ! મુંડીયા, ચલો હમારી સાથ, સબ કેરી હમ ખાયેંગે. યે ટોપલા લેકર હમારી સાથ ચલો, નહિ તો ફિર મારુંગા.’’ આવું સાંભળી સચ્ચિદાનંદ સ્વામી અને સિદ્ધાનંદ સ્વામી આકાશ તરફ મુખ રાખી શ્રીજી મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા.

૪૭

# રજપૂતે સંતોની રક્ષા કરી

હે વહાલા સંતો-ભક્તો ! જ્યારે સચ્ચિદાનંદ સ્વામી અને સિદ્ધાનંદ સ્વામી પ્રગટ પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા, એ જ સમયે ત્યાં એક રજપૂત સજ્જન આવ્યા અને બાવાને કહેવા લાગ્યા : ''ગરીબ ગાય જેવા આ નિર્દોષ સાધુઓને શા માટે ગાળો દે છે અને મારે છે ? તારું એમણે શું બગાડ્યું છે કે વગર વાંકે એને મારી રહ્યો છે ? જવા દે સંતોને અને ભગવાનની બીક રાખ.''

રાજપૂતની વાણી બાવાને અંગારા જેવી લાગી એટલે ગુસ્સો કરી રાજપૂતને ગાળો દેવા લાગ્યો તેથી તે શૂરવીર રજપૂતે (રાજપૂતે)બાવાને પકડી તેનાં બધાં જ વસ્ત્રો કાઢી લઈ ખીજડાનાં ઝાડ સાથે બાંધી દીધો અને બાજુમાં કેરીયા વાવ હતી, ત્યાંથી પાણી ભરી આવીને ખીજડાનાં મૂળમાં રેડ્યું, તેના કારણે થડમાંથી મકોડા ઉભરાઈને બાવાના ખુલ્લાં શરીર ઉપર ચડીને કરડવા લાગ્યા ! તેથી બાવો રડતો રડતો બૂમો પાડવા લાગ્યો : ''મેરેકું છોડ દો, મૈં તેરી ગૌ હું. મેરા પ્રાણ નીકલ જાયેંગા. અબ મેં કભી સાધુઓકો પરેશાન નહિ કરુંગા.''

હે ભક્તો ! તે સમયે તે રજપૂતે બંને સંતોને પ્રણામ કરીને કહ્યું : ‘‘હે સંતો ! તમે તમારા કેરીઓના ટોપલા લઈને ચાલવા લાગો. હું આ બાવાને હમણા છોડી મૂકીશ તો એ તમારી પાછળ આવીને તમને મારી કેરીઓ લઈ લેશે, માટે તમે ઉતાવળા ઉતાવળા ચાલવા માંડો.’’ તેથી બંને સંતો માથાં ઉપર કેરીના ટોપલા લઈ ચાલવા લાગ્યા.

પેલો બાવો તો મકોડાના ડંખ સહન કરી કરીને અધમુવો થઈ ગયો હતો અને રડતાં રડતાં છોડી દેવા રાજપૂતને વિનંતી કરતો હતો. પછી રજપૂતે વિચાર કર્યો કે સંતો હવે બે ગાઉ દૂર પહોંચી ગયા હશે એટલે તેમણે બાવાને છોડ્યો. તુરંત તે બાવો બોકાસા નાખતો નાખતો પોતાની જગ્યા તરફ ભાગી ગયો.

હે ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામી અને સિદ્ધાનંદ સ્વામી ગઢપુર પહોંચી ગયા અને કેરીના ટોપલા શ્રીજી મહારાજ આગળ મૂકીને દંડવત્ કરવા લાગ્યા અને પછી રસ્તામાં બનેલ પ્રસંગને વિસ્તારીને વાત કરી. એ સાંભળીને શ્રીજી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા : ‘‘તમારા જેવા પવિત્ર સંતોની એ રજપૂતે રક્ષા કરી છે, એટલે એમનું બહુ સારું થશે.’’

પછી શ્રીજી મહારાજે કેરી સુધારવાનું કહ્યું એટલે સચ્ચિદાનંદ સ્વામી કેરીઓ સુધારીને લાવ્યા અને મહારાજને આપી. તેથી તે કેરીઓ જમીને પ્રગટ પ્રભુ બહુ રાજી થયા અને બંને સંતોને ભેટી કેરીઓની પ્રસાદી આપી અતિ રાજીપો દર્શાવ્યો.

૪૮

## ચમત્કારથી ચીંચોડો ફેરવ્યો !

હે વહાલા સંતો-ભક્તો ! ગઢપુરની બાજુમાં જ માંડવધાર નામનું નાનકડું ગામ આવેલ છે. તે ગામમાં ઘણા હરિભક્તો રહેતા હતા. તેઓએ શેરડીનું વાવેતર કર્યું હોવાથી શેરડી સારી પાકી હતી એટલે ગોળ બનાવવા માટે ચીંચોડો શરુ કર્યો હતો.

એ સમયે એક ખાખી બાવાઓની જમાત (મંડળી) ત્યાં આવી અને હરિભક્તોને એ બાવા કહેવા લાગ્યા : "અઢાર કડા ગોળની અને બસ્સો સાંઠા શેરડીના આપો, નહિતર તમારો ચીંચોડો બંધ કરી દઈશું !" આ પ્રમાણે કહીને મોઢામાંથી અંગારા કાઢી પોતાની સામર્થી બતાવવા લાગ્યા. ત્યારે હરિભક્તોએ કહ્યું : "તમારે જેટલો ગોળ ખાવો હોય એટલો અહીં ખાઈ લ્યો, પરંતુ અઢાર કડા ગોળ તો બહુ કહેવાય, એટલો બધો અમે ન આપી શકીએ." આ પ્રમાણે કહી સમજાવવાના પ્રયત્નો કર્યા, પણ તે અડબંગી બાવાઓ માન્યા જ નહિ.

પછી હરિભક્તોએ પરસ્પર વિચાર-વિમર્શ કરી બે હરિભક્તોને ગઢડા

મોકલ્યા. તેઓએ ગઢડા આવી શ્રીજી મહારાજને દંડવત્ પ્રણામ કરીને સર્વે વાત કહી સંભળાવી. તેઓની વાત સાંભળી શ્રીજી મહારાજે કૃપા કરીને કહ્યું : "ભક્તો ! તમે માંડવધારમાં આ સચ્ચિદાનંદ સ્વામીને તથા બીજા આ ચાર સાધુને સાથે તેડી જાઓ."

પ્રભુની કૃપાદૃષ્ટિ અને આશીર્વાદ લઈને પાંચ સંતો સાથે હરિભક્તો માંડવધાર જવા માટે ચાલવા લાગ્યા. પછી રસ્તામાં સચ્ચિદાનંદ સ્વામીએ હરિભક્તને કહ્યું : "તમે બંનેમાંથી એક જણ ગામમાં જઈને સુતરના ચાર કોકડાં લઈ આવો. અમે અહીંથી શેરડીના વાઢે જઈએ છીએ." આ પ્રમાણે કહી એક હરિભક્તને સાથે લઈ સ્વામી શેરડીના વાડે ગયા અને માંડવામાં ઉતર્યા.

હે ભક્તો ! આ વાતની પેલા ખાખીઓને ખબર પડી એટલે વીસ (૨૦) ખાખી બાવાઓ ચીપિયા લઈને સ્વામી પાસે આવ્યા અને બોલવા લાગ્યા જે, "જીવનમુક્તા ક્યું આયા હો ?" એ સમયે હરિભક્ત માંડવધાર ગામમાંથી સુતરનાં ચાર કોકડાં લઈને આવ્યા. તુરંત સ્વામીએ ચીંચોડાની જાંગીએથી બળદો છોડાવી લીધા અને તે સ્થાને કાચા સુતરના દોરા બાંધી દીધા ! તેમજ એક હરિભક્તના હાથમાં સુતરના તાંતણા દીધા !

પછી સચ્ચિદાનંદ સ્વામીએ તે ખાખીઓને કહ્યું : "તમે સિદ્ધ હો તો બળદ વિના આ ચીંચોડો ફેરવી આપો, નહિતર હું ફેરવી આપું." ત્યારે બાવા બોલ્યા જે, 'તમે ફેરવી આપો.' પછી સચ્ચિદાનંદ સ્વામી સ્વામિનારાયણ બોલીને ઉભા

થયા અને ચીંચોડાને પ્રદક્ષિણા કરી તાળી પાડી ત્યાં તો એ સમયે જ ચીંચોડો ફરવા લાગ્યો ! આવું દૃશ્ય જોઈને બધા જ લોકો આશ્ચર્ય પામી ગયા. પછી સ્વામીના કહેવાથી હરિભક્તો શેરડીના સાઠાં ચીંચોડામાં ઓરવા લાગ્યા, તેના કારણે પોણી કલાકમાં આખી કુંડી શેરડીના રસથી ભરાઈ ગઈ !

પછી સ્વામીએ તે શેરડીના રસને મોટા કડામાં રેડાવ્યો ને ચૂલમાં પાણી નંખાવી લાકડાંથી સળગતી ચૂલને ઓલવી નાખીને ખાખી બાવાઓને કહ્યું : ''તમે સિદ્ધ હો તો વગર અગ્નિએ આ કડામાં ગોળ પકવી દો, નહિતર હું પકવી દઉં.'' આવું સાંભળી ખાખી બાવા કાંઈ બોલી શક્યા નહિ.

હે ભક્તો ! પછી સચ્ચિદાનંદ સ્વામી ચુલા પાસે જઈ કડાને પ્રદક્ષિણા કરી તાળી પાડી. તે જ સમયે ઠરેલા કોલસામાંથી ઝાળુ નીકળવા માંડી અને મોટો ભડકો થયો. તેથી ગોળ પાકી ગયો ! પછી ગોળના કડા ઉતારીને થાળામાં રેડાવી દીધા.


પછી સ્વામીએ ભક્તોને કહ્યું : ''આ ખાખી બાવાઓને જો ગોળની અઢાર કડા અને શેરડી જોતી હોય તો બધા મળીને અગ્નિ વિના આ કડા પકવી આપે. પછી ભલે લઈ જાય; નહિતર બધાને પકડી પકડીને આ ચુલમાં નાંખો.'' આવું સાંભળીને પેલા ખાખી બાવા એક પછી એક ભાગી ગયા.

હે ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીનો આવો પ્રતાપ જોઈ હરિભક્તો બહુ રાજી થયા. પછી સ્વામીને પૂછ્યું : ''હે સ્વામી ! તમે એ દોરા બાંધીને

ચીંચોડો શી રીતે ફેરવ્યો ? તે કહો.'' ત્યારે સ્વામીએ કહ્યું : ''જમપૂરીમાંથી મેં ચાર જમ (યમદૂત)ને બોલાવીને ચીંચોડો ખેંચવા વળગાડ્યા હતા !'' તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યાં.

પછી સૌ હરિભક્તોએ સચ્ચિદાનંદ સ્વામીને વિનંતી કરી એટલે સંતો સહિત સ્વામી પાંચ દિવસ સુધી માંડવધાર ગામમાં રોકાયા અને છેલ્લે બધા હરિભક્તો પોતપોતાના ખેતરમાંથી ગોળ અને શેરડી લઈ સંતોને ગઢડા મૂકી ગયા.

**નોંધ** : ઉપરોક્ત પ્રસંગ 'શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ-૩' પ્રમાણે લખવામાં આવેલ છે. તેમાં અઢાર કડા ગોળની બાવાઓએ માંગણી કરી હતી એવો ઉલ્લેખ છે. પરંતુ 'અક્ષરાનંદ સ્વામીની વાતો'ની ૯૮૦મી વાત પ્રમાણે ૮૦ ખાખી બાવાઓની જમાત આવી હતી અને ૮૦ કડા ગોળની માંગણી કરી હતી.



૪૯

## સ્વામી પાસે ચાર વેદ બોલાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ ગઢપુરમાં શ્રીજી મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં બેઠા હતા. તે સમયે ચાર વેદ મૂર્તિમાન બ્રાહ્મણોનાં રૂપ લઈ ગઢપુરમાં આવ્યા. આવીને પ્રથમ તો ચારે જણ ઘેલા નદીમાં સ્નાન કરવા ગયા. પ્રગટ પ્રભુના સંબંધથી પવિત્ર બનેલ ઘેલા નદીમાં નાહીને તેમણે તાંબાના મોટા લોટા તે જળથી ભરી લીધા અને તે લોટા સાથે લઈ દરબારગઢમાં આવ્યા.

ચારેય વેદે આવીને પ્રથમ તો મનુષ્ય દેહ ધારણ કરેલા આદિ નારાયણ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના મહિમા સહિત દર્શન કર્યા. પછી સ્તુતિ કરી શોડષોપચારે (સોળ પ્રકારની સામગ્રીએ કરીને) પ્રગટ પ્રભુનું પૂજન કર્યું. ત્યારે અંતર્યામી છતાં અજાણ્યા થઈને પ્રગટ પ્રભુએ પ્રશ્ન કર્યો : ‘‘હે ભૂદેવો ! તમે ક્યાં રહો છો ? અને ક્યાં ગયા હતા ?’’ ત્યારે તેમણે કહ્યું : ‘‘અમે કાશીએ ભણવા ગયા હતા.’’

પછી શ્રીજી મહારાજે કહ્યું : ‘‘હમણાં અહીં ગઢડામાં રોકાવો.’’ ત્યારે તેમણે

કહ્યું : ‘‘ઘણા દિવસથી ઘર છોડેલું છે, તેથી જવું પડશે.’’ પછી શ્રીજી મહારાજે રજા આપી એટલે પ્રભુને પ્રણામ કરી ચારે બ્રાહ્મણો ચાલ્યા ગયા.

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજે સભામાં કહ્યું જે, ‘‘આ બ્રાહ્મણો ન હતા, પરંતુ ચાર વેદ અમારાં દર્શન કરવા આવ્યા હતા ! તેમજ સૌ સંતો ભક્તો સાંભળો જે, ‘આ સચ્ચિદાનંદ સ્વામી છે તે વેદમૂર્તિ છે.’ ’’આવું સાંભળી કોઈક બોલ્યું : ‘‘સચ્ચિદાનંદ સ્વામી તો કશુંય ભણ્યા નથી અને કાળા અક્ષરને તો કુંવાડે મારે એવા છે.’’

આવું સાંભળી તરત જ શ્રીજી મહારાજ કહેવા લાગ્યા : ‘‘સચ્ચિદાનંદ સ્વામી ! વેદ બોલો.’’ ત્યારે એક સાધુએ કહ્યું : ‘‘સચ્ચિદાનંદ સ્વામી વેદ બોલશે પણ પ્રમાણ કોણ કરશે ?’’ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : ‘‘આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી પ્રમાણ કરશે.’’

હે ભક્તો ! પછી પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામી ઉપર કૃપા દૃષ્ટિ કરી એટલે સ્વામી ચારે વેદના મંત્ર અનુક્રમે બોલી ગયા ! એ જોઈ સૌ કોઈ આશ્ચર્ય પામી ગયા.

# ૫૦

## ગળામાં બે નાગ વીંટાઈને બેસતા !

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર સચ્ચિદાનંદ સ્વામી પીપળીયા ગામ પધાર્યા હતા. ત્યાં મંદિરમાં પીપરનાં બે ઝાડ હતાં. તેની નીચે ફરતો પથ્થરનો ઓટો હતો. તેના ઉપર બેસીને સ્વામી ધ્યાન-ભજન કરતા હતા.

એ સમયે પીંપરના થડમાં બે મોટા નાગ રહેતા હતા. તે બંને નાગ જ્યારે જ્યારે સચ્ચિદાનંદ સ્વામી ત્યાં બેસીને ધ્યાન ભજન કરતાં ત્યારે ત્યારે દરમાંથી થડના પોલાણમાંથી બહાર નીકળી સ્વામીની ડોકે વીંટાઈને મહાદેવના ગળામાં જે રીતે ગોળ વીંટાઈને સર્પો બેસે છે, એ જ પ્રમાણે બંને નાગો પોતાની ફેણ સ્વામીના માથે રાખીને ટીખળ કરતા હતા.

આવુ દૃશ્ય પીપળીયા ગામના સર્વે લોકો દરરોજ જોતા હતા. પછી જ્યારે સચ્ચિદાનંદ સ્વામી ધ્યાન ભજનમાંથી જાગતા, ત્યારે બંને નાગ માથા ઉપરથી ઉતરીને ચાલ્યા જતા હતા. સ્વામીનો આવો પ્રતાપ જોઈને પીપળીયા ગામના ઘણા લોકો સચ્ચિદાનંદ સ્વામીના હાથે વર્તમાન ધરાવીને સત્સંગી થયા હતા અને અંતે તો આખું ગામ હરિભક્ત થયું હતું.

૫૧

## સ્વામીએ અંતર્યામીપણું બતાવ્યું

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ પીપળીયા ગામના હરિભક્ત વેલાભાઈ લુવાર સેવા કરવા માટે ગઢડા આવ્યા હતા. પછી ગઢપુરમાં ૧૦ દિવસ રોકાઈને જવાની તૈયારી કરી. પરંતુ તેઓ જ્યારે પીપળીયાથી ગઢડા આવતા હતા ત્યારે સખપર ગામના પાદરમાં એક પાડલિયો નદી છે તેના કાંઠા જાળામાં પોતાના જોડા (બૂટ) સંતાડીને ગઢડા આવ્યા હતા.

આ વાત એના સિવાય કોઈ જાણતું ન હતું, પણ જ્યારે તેઓ સેવા કરીને ઘેર જવા ચાલ્યા, ત્યારે સચ્ચિદાનંદ સ્વામીને દંડવત્ કરવા ગયા. પછી પ્રણામ કરીને પીપળીયા જવા માટે ઊભા થયા ત્યારે અંતરની વાત જાણનારા સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા : “વેલાભાઈ ! તમોએ તમારા બુટ નદીના કાંઠે જાળામાં સંતાડ્યા હતા તે લેતા જજો.” આવું સાંભળી ત્યાં હાજર રહેલા દરેક સંતો-ભક્તો આશ્ચર્ય પામી ગયા !

## ૫૨

# સત્સંગનો ખપ કેવો રાખવો ?

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ સદ્‌ગુરુ સચ્ચિદાનંદ સ્વામીએ સત્સંગના ખપ ઉપર વાત કરતાં કહ્યું હતું કે, ‘‘સત્સંગનો ખપ કેવો રાખવો ? અને સત્સંગના ગરજુ કેવા થવું ? એ આપને જણાવું છું કે, મારા પગ છે તેને ઢીંચણથી અથવા કાંડાથી ભાંગી નાખે અને પછી હું ઢસડાતો ઢસડાતો જ્યાં સાધુની એંઠવાડ નાંખે છે તે જગ્યાએ ઝોળી પાથરીને બેસું અને કહું જે, ‘હે મહાપુરુષો ! આ ઝોળીમાં એંઠું નાંખો.’ પછી તે એંઠવાડ ખાઈને સત્સંગમાં પડ્યો રહું પણ સત્સંગ ન છોડું. કેમ કે હાડ ચામડી સત્સંગની છે.’’

હે ભક્તો ! તે ઉપર સ્વામીએ વાત કરી જે, ‘સંવત્ ૧૮૬૯ અર્થાત્ ઓગણોતેરો કાળ જ્યારે પડ્યો ત્યારે તે દુષ્કાળમાં જૂનાગઢમાં ગગાભાઈ ગરાસિયાએ બે કોળીના છોકરાં રાખ્યાં હતાં, તેને ખવડાવીને કાળ ઉતરાવીને પછી ઉછેરીને મોટા કર્યાં હતા.

પછી તે છોકરાં મોટા થયાં, પરંતુ એને મોટા કરનારા ગગાભાઈની પરિસ્થિતિ બહુ નબળી થઈ ગઈ. પહેલાં આર્થિક રીતે સુખી હતા, પરંતુ પછી ધીરે ધીરે નિર્ધન થઈ ગયા ! તો પણ પેલા બંને યુવાન ભાઈઓ એને છોડીને ગયા નહિ. તે બંને બીજાને ત્યાં મજૂરી કરવા જતા અને જે પૈસા આવતા તે સાંજે ઘેર આવીને ગગાભાઈને આપી દેતા.

હે ભક્તો ! ગગાભાઈ ધનવાનમાંથી નિર્ધન બની ગયા હતા, તેના કારણે એનો ચીડિયો સ્વભાવ થઈ ગયો હોવાથી બંને ભાઈઓને ગાળો દેતા અને મારવા માટે લાકડી પણ લેતા હતા. તો પણ બંને ભાઈઓ મહેનત કરીને કમાણી કરેલા બધા પૈસા ગગાભાઈને આપી દેતા અને તેમનું પોષણ કરતા હતા.

ગગાભાઈ ગાળો દેતા અને મારવા દોડતા એ બધું આજુબાજુમાં રહેતાં નરનારીઓ જોતાં હતાં, તેથી બંને ભાઈઓને કહેતા : ‘‘અરે મૂરખાઓ ! હવે તમે શા માટે તિરસ્કાર સહન કરો છો ? હવે તો તમે જાતે કમાણી કરી શકો છો.’’ ત્યારે તે બંને યુવાનો જવાબ આપતા કહેતા : ‘‘હે ભાઈઓ ! અમારાં માબાપ મરી ગયા ત્યારે અમારી ઉંમર નાની હતી, ત્યારે અમને કોઈ રાખવા તૈયાર ન હતું, પણ એ સમયે ગગાભાઈએ અમને એમની સાથે રાખી મોટા કર્યા છે, તેથી આ અમારા શરીરની ચામડી ને હાડકાં તે એમનાં છે, એ ગાળો દે તોપણ અમે કૃતઘ્ની નહિ થઈએ.’’ આ દૃષ્ટાંત આપીને સચ્ચિદાનંદ સ્વામી કહેતા કે, ‘આ બંને છોકરાં જેવો સત્સંગનો ખપ રાખવો જોઈએ.’

૫૩

# અન્નકૂટ-સમૈયામાં સમાધિ

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર ગઢપુરમાં શ્રીજી મહારાજે અન્નકૂટનો ઉત્સવ કર્યો હતો. એ સમયે અનેક ગામડાંઓમાં સત્સંગ પ્રસાર-પ્રચાર માટે ગયેલા અનેક સંતો પણ સમૈયો જાણીને તેમજ પ્રગટ પ્રભુનાં દર્શન કરવા માટે ગઢપુર આવ્યા હતા તેમજ હજારોની સંખ્યામાં હરિભક્તો પણ આવ્યા હતા.

શ્રી ગોપીનાથજી મહારાજ આગળ અન્નકૂટ ધરાવવા માટે ઘણાં પ્રકારનાં ફરસાણો અને ઘણી મીઠાઈ સાંખ્યયોગી તેમજ કર્મયોગી બહેનોએ બનાવી હતી, તેમજ ઘણી મીઠાઈ-ફરસાણ વગેરે બ્રાહ્મણોએ પવિત્ર થઈને બનાવી હતી. એ સિવાય જે જે સંતોને જે જે ફરસાણ-મીઠાઈ આવડતાં હતાં, તે તે સંતોએ પણ ફરસાણ-મીઠાઈ બનાવી શ્રીજી મહારાજનો તથા ગોપીનાથજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

હે ભક્તો ! કારતક સુદ પડવાનો દિવસ આવતા સ્વયં પ્રગટ પ્રભુ શ્રીહરિએ ગોપીનાથજી મહારાજનાં મંદિરમાં દેવો આગળ અન્નકૂટની ગોઠવણ કરાવી હતી. તેમાં વિવિધ પ્રકારનાં મિષ્ટાન્ન હતાં. અનેક પ્રકારનાં ફરસાણ હતાં, ભાતભાતનાં

ભજીયાં-ખમણ-ગોટા વગેરે હતાં. એ સિવાય અનેક પ્રકારના શાક અને કઠોળ પણ ગોઠવ્યાં હતાં.

અન્નકૂટની સાથોસાથ ગોપીનાથજી મહારાજના મંદિરમાં ઉગમણી ચોકીએ ગોવર્ધન પર્વત પણ શ્રીજી મહારાજે કરાવ્યો હતો. સમય થતાં પ્રભુ ત્યાં પધાર્યા અને બ્રાહ્મણો દ્વારા પૂજન કરાવી તે પૂજામાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને બેસાડી સૌનો રાજીપો મેળવ્યો હતો.

અન્નકૂટ ભરાતા જ સ્વયં શ્રીહરિએ મંદિર ઉપર અન્નકૂટની આરતી ઉતારી હતી અને સૌ દર્શનાર્થીઓએ ગોપીનાથજી મહારાજનો તથા ભગવાનશ્રી સ્વામિનારાયણનો જયજયકાર કર્યો હતો.

બરાબર એ સમયે દર્શન કરતાં કરતાં સદ્ગુરુ સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ ગઈ ! અને સમાધિમાં તેમને શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયા. સ્વામીને સમાધિમાં શ્રીકૃષ્ણચંદ્રે પોતાની ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો એવાં દર્શન થયાં ! પછી સમાધિ ઉતરી એટલે સચ્ચિદાનંદ સ્વામીએ સર્વે હરિભક્તોને તથા સંતોને વાત કરી. તે સાંભળીને સૌને નવાઈ લાગી અને સૌ જયજયકાર કરવા લાગ્યા.

૫૪

# ભમરાઓનાં મોટાં ભાગ્ય !

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ ગઢપુરમાં શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં ફળિયામાં સંધ્યા આરતી પછી ઢોલિયો ઢળાવીને બિરાજમાન હતા. ત્યારે રાધાબાગથી સચ્ચિદાનંદ સ્વામી પાંચ કેળાં લઈને મહારાજ પાસે આવ્યા અને દંડવત્ પ્રણામ કરી તે કેળાં ઢોલિયા આગળ મૂક્યાં.

પ્રેમથી લાવેલાં પાંચ કેળાં જોઈને પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજ રાજી થયા અને મૂળજી બ્રહ્મચારીને કહ્યું : ‘‘હે બ્રહ્મચારી ! આ કેળાં લઈને ધોઈને પછી સુધારીને લેતા આવો.’’ પ્રભુની આજ્ઞા થતાં જ બ્રહ્મચારી તે કેળાંને ધોઈ સુધારીને લાવ્યા, તેથી શ્રીજીએ તે કેળા જમીને પ્રસાદીનાં કેળાં સચ્ચિદાનંદ સ્વામીને આપ્યાં.

ત્યારબાદ સચ્ચિદાનંદ સ્વામી રાધાવાવથી ફૂલ ઉતારીને ફૂલનો હાર જાતે બનાવીને લાવેલા, તે ગુલાબનો હાર શ્રીજી મહારાજને પહેરાવ્યો. એ સમયે દસ ભમરા ઊડતા ઊડતા ત્યાં આવ્યા અને શ્રીજી મહારાજ ફરતાં ગુંજારવ કરવા લાગ્યા. તે જોઈને સ્વામી નૃત્ય કરવા લાગ્યા. એ સમયે શ્રીજી મહારાજ પાસે બ્રહ્માનંદ સ્વામી પણ બેઠા હતા.

હે ભક્તો ! થોડીવાર દસ ભમરાઓએ ગુંજારવ કર્યો અને પછી બધાય ભમરાઓ ચત્તા થઈ મોક્ષ પામી ગયા. અર્થાત્ મૃત્યુ પામ્યા. આવું જોઈને સચ્ચિદાનંદ સ્વામી મોટો અવાજ કરીને કહેવા લાગ્યા : ‘‘જુઓ જુઓ મારા પ્રભુનું ચરિત્ર ! આ બધા ભમરાઓ આકાશમાર્ગે વિમાનમાં બેસીને અક્ષરધામમાં જાય છે.’’

એ સમયે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ આકાશ માર્ગે જોયું તો સર્વે ભમરાઓને સમાધિનો લક્ષ્ય થઈ ગયો હતો. તે બધા જ ભમરાઓ આકાશમાર્ગે વિમાનમાં બેસી ધામમાં જઈ રહ્યા હતા. આ પ્રમાણે પ્રગટ પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો યોગ થતાં નાના જીવજંતુઓ પણ તત્કાળ દિવ્યગતિને પામે છે.

એક દિવસ શ્રીજી મહારાજે કહ્યું : ‘‘અમે વનમાં ફરતા હતા, ત્યારે ઘણી જાતનાં જાનવર જોયાં હતાં, પણ શેળા નામનું જાનવર દીઠામાં આવ્યું નથી.’’ તે વાત યાદ રાખી સચ્ચિદાનંદ સ્વામી વાડીએ ગયા અને શીળાને લઈ આવી શ્રીજી મહારાજ આગળ મૂક્યો અને કહેવા લાગ્યા : ‘‘હે મહારાજ ! એનું મોઢું અંદર છે. તેને હાથે કરીને જો આપણે ઉઘાડીએ તો જેમ છોકરું રુવે એ જ રીતે રુવે છે.’’ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : ‘‘મોઢું બહાર કાઢશો નહિ, એ જ્યાં હતો ત્યાં મૂકી આવો.’’

૫૫

# સ્વામીએ કેવું વરદાન માગ્યું ?

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ શ્રીજી મહારાજ ગઢપુરમાં દાદાખાચરના દરબારગઢમાં આથમણાં બારના ઓરડાની ઓસરીના ઉત્તર બાજુનાં બારણાંની આગળ ઓટા ઉપર ખુરશી નંખાવીને બેઠા હતા.

એ સમયે સચ્ચિદાનંદ સ્વામી વાડીએથી શેકેલા અને મસાલો ભરેલા ડોડાનું એક ગાડું ભરીને લાવ્યા. તેમાંથી થાળ ભરીને ડોડા સ્વામીએ શ્રીજી મહારાજ આગળ મૂક્યા. ત્યારબાદ સ્વામીએ શ્રીજીની કેસર ચંદનની આડ કરીને પૂજા કરી ડોલરનાં પુષ્પનો જામો પહેરાવ્યો તેમજ સુરવાળ પહેરાવ્યો. તેમજ ફૂલની ચાદર બનાવીને લાવ્યા હતા તે પણ પ્રગટ પ્રભુને ઓઢાડી અને કલગી સહિત ટોપી પણ શ્રીજી પ્રભુને પહેરાવી.

હે ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીનો ભાવ જોઈ ભગવાન શ્રીહરિ બહુ જ રાજી થયા અને સભામાં સ્વામીની પ્રશંસા કરતા બોલ્યા : ‘‘હે સંતો પાર્ષદો ! આ સચ્ચિદાનંદ સ્વામી અમારો અને તમારો બહુ મહિમા સમજે છે, તેથી જ તો આ

આખું ગાડું ડોડાનું ભરીને લાવ્યા છે. સ્વામીએ જ મકાઈ વાવીને-ઉછેરીને ડોડા તોડીને જાતે શેકીને મસાલો નાખીને ગાડામાં ગોઠવીને જાતે લાવ્યા છે તેમજ ફૂલો પણ જાતે વાવીને પાણી પાઈને છોડ મોટા કર્યા છે અને નવા ફૂલ ખીલતાં જાતે તોડીને જાતે ફૂલના વાઘા કરીને અમને પ્રેમથી પહેરાવ્યાં છે, માટે અમો એમના ઉપર અતિ રાજી થયા છીએ.''

આ પ્રમાણે સચ્ચિદાનંદ સ્વામીના સદ્‌ગુણોનું અને મહિમાનું વર્ણન કરીને શ્રીજી મહારાજ થાળમાં મૂકેલા ડોડા જમ્યા. સ્વાદિષ્ટ ડોડા જોઈને તેમજ જમીને પ્રગટ પ્રભુ બહુ જ રાજી થયા. પછી સ્વામીને ભાવથી ભેટી હૃદયમાં ચરણારવિંદ આપીને શ્રીહરિએ કહ્યું : ''હે સચ્ચિદાનંદ સ્વામી ! તમારો ભાવ અને તમારી સેવા જોઈને અમો અતિ રાજી થયા છીએ, તેથી અમારી પાસેથી કાંઈક માગી લ્યો.''

પ્રગટ પ્રભુએ વરદાન માગવાનું કહ્યું એટલે સ્વામી વરદાનના રૂપમાં માગવા લાગ્યા : ''હે પ્રભુ ! મારે આ લોકના કોઈ પદાર્થની ઈચ્છા નથી. આપ મારા ઉપર પ્રસન્ન છો એ જ મારાં મોટા ભાગ્ય માનું છું. પરંતુ મને જેવી રીતે ચરણારવિંદ આપ્યાં છે, તેવી જ રીતે આ દરેક સંતો પાર્ષદો અને હરિભક્તોને પણ હૃદયમાં ચરણારવિંદ આપો તથા સર્વેને ભેટો એ જ મારી અંતરની ઈચ્છા છે.''

હે ભક્તો ! આવું સાંભળી શ્રીજી મહારાજ વિશેષ રાજી થયા અને રાજીપો આપવા માટે સર્વે સંતોને બોલાવી વારા-ફરતી સહુને ભેટી છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

## ૫૬

# મંદિરમાં પથરા લાવવાની સેવા

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ શ્રીજી મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા ત્યારે ગોપીનાથજી મહારાજનાં મંદિરનું કામ ચાલતું હતું. સ્વયં પ્રગટ પ્રભુ શ્રીહરિ મંદિરની દેખરેખ રાખી રહ્યા હતા. એ સમયે જન્માષ્ટમીનો સમૈયો આવ્યો. એટલે અનેક ગામડાંઓમાંથી હજારો નરનારીઓ સમૈયો કરવા માટે ગઢપુરમાં આવ્યા.

બરાબર જન્માષ્ટમીને દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ સંતો-પાર્ષદો અને હરિભક્ત ભાઈઓ અને બહેનોને કહ્યું : ‘‘સૌ સાંભળો, પુરાણોમાં મંદિરનો બહુ મહિમા લખવામાં આવ્યો છે. મંદિરમાં સેવા કરનારાં નરનારીઓ ઉપર પરમાત્માની અતિ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, માટે જેને શરીર સારું હોય તેમણે દેહે કરીને સેવા કરવી જોઈએ. આજે અમે સૌ નિજાશ્રિતોને આજ્ઞા કરીએ છીએ કે, ઘેલા નદીમાંથી સૌ કોઈ સાત-સાત ફેરા પથ્થર માથે ઉપાડીને આ દરબારગઢમાં લાવજો. વળી જે

સુવાળા માણસો હોય અર્થાત્ જે ધનવાન હોય અને ઘેર કે ખેતરમાં દેહે કરીને કામ કરતા ન હોય એવા સુવાળા શરીરવાળા હોય તે પથ્થર લેવા ન જાય, પરંતુ જેણે જેણે સારી પેઠે કામ કરેલું હોય ને સુવાળું માણસ ન હોય તે તો સાત સાત ફેરા પથરા નદીમાંથી જરૂર લાવજો.''

હે ભક્તો ! પ્રગટ પ્રભુની આજ્ઞા સાંભળીને સચ્ચિદાનંદ સ્વામીને મનમાં સંકલ્પ થયો કે, ''મારી ડોક દુઃખે છે, તેથી મોટા મોટા પથ્થર માથાં ઉપર કેમ લઈ શકાશે ? અને પૂર્વાશ્રમમાં તો મેં ઘણું કામ કરેલ છે, તેથી મારે ઘેલામાં પથરા કાઢવાં જરૂર જવું જોઈએ.''

આ પ્રમાણે સ્વામી સંકલ્પ કરવા લાગ્યા, એટલે પ્રગટ પ્રભુ શ્રીહરિએ અંતર્યામીપણે એનો સંકલ્પ જાણી લીધો અને મધુર સ્વરે કહેવા લાગ્યા : ''હે સંતો-ભક્તો ! જેની ડોક દુઃખતી હોય તે પથ્થર લેવા ન જશો.'' આ રીતે કહી સભાને ઊઠવાની આજ્ઞા કરી અને પોતે અક્ષર ઓરડી પધાર્યા. આવું સાંભળી સ્વામી મનમાં સંતોષ પામ્યા અને ગોપીનાથજી મહારાજના મંદિરમાં સેવા યજ્ઞ થતો હતો ત્યાં ગયા.

# ૫૭

## મહારાજે અરબી ભાષામાં વાત કરી

હે વહાલા સંતો-ભક્તો ! એક દિવસ પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજ ગઢપુરમાં દાદા બાપુના દરબારગઢમાં લીમડાથી ઉગમણી બાજુ ફળીયામાં બિરાજમાન હતા. કથા-વાર્તા થઈ રહી એટલે સાંજ પડી ગઈ, તેથી સંધ્યા-આરતી અને ધૂન વગેરે નિત્ય-નિયમો થયાં.

એ સમયે જીવા ખાચરની સાથે અલી મહંમદ નામના એક મુસલમાન સજ્જન મહારાજનાં દર્શન કરવાં આવ્યા. આવીને તેણે પ્રગટ પ્રભુને પ્રણામ કર્યા અને બોલ્યા : ‘‘હે મહારાજ ! હે ખુદા ! આપ તો અનેક નરનારીઓ-આબાલ વૃદ્ધોને સમાધિ કરાવી છે અને કરાવો પણ છો, માટે મારી આપને વિનંતી છે કે આપ મને સમાધિ બતાવો.’’

અલી મહંમદની નિર્દોષ વિનંતી સાંભળીને શ્રીજી મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા : ‘‘હવે અમે કોઈને સમાધિ બતાવતા નથી, પરંતુ તમારો ભાવ તથા આગ્રહ જોઈને બતાવીએ છીએ.’’

આ પ્રમાણે કહીને શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને પોતાની સમીપ બોલાવીને કહ્યું : ‘‘હે સ્વામી ! તમે સમાધિમાં જાઓ, કેમ કે આ અલીભાઈને સમાધિ જોવાની ઈચ્છા થઈ આવી છે.’’

હે ભક્તો ! પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ સચ્ચિદાનંદ સ્વામી પદ્માસનમાં બેસી નાડી-પ્રાણ સંકેલી મહારાજની મૂર્તિમાં પોતાના મનની વૃત્તિ સ્થિર કરી સમાધિમાં જતા રહ્યા ! તેના કારણે ચેતના રહિત દેહ થઈ ગયો હોય ને શું ? એવું સૌને જણાવા લાગ્યું.

સમાધિ ખરેખર સાચી છે એવું અલી મહંમદને જણાવવા માટે શ્રીજી મહારાજે સળગતાં કોલસા મંગાવી સચ્ચિદાનંદ સ્વામીનાં શરીર ઉપર મુકાવ્યા, તો પણ સ્વામીનો દેહ નિઃચેષ્ટપણે પડ્યો રહ્યો.

આ બધું જોઈને અલી મહંમદે કહ્યું : ‘‘હે પરવર દિગાર ! આવું તો અમે ફકીરોમાં પણ જોયું છે.’’ ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : ‘‘અલી ! અમે તમને પહેલાં જ ના કહી હતી કે અમે કોઈને સમાધિ બતાવતા નથી, પણ તમારો અતિ આગ્રહ હતો એટલે અમે સમાધિ બતાવી.’’

આ પ્રમાણે કહી મહાપ્રભુ શ્રીહરિએ એકથી ચોવીશ પેગંબર જે જે મુલકમાં (પ્રદેશમાં) થયા હતા તે તે મુલકની અરબી ભાષાથી અલી મહંમદ સાથે વાતો કરીને કુરાનના ચોવીશ કલમા બોલીને - દેખાડીને સમાધિ કરાવી બહુ ચમત્કાર બતાવ્યો.

૫૮

# વૃક્ષોના જીવોને ધામમાં મોકલ્યા

હે વહાલા સંતો-ભક્તો ! ગઢપુરથી ઉત્તર દિશામાં પીપળાવાડી આવેલ છે. શરુઆતમાં વધારે સમય સચ્ચિદાનંદ સ્વામી ત્યાં રહેતા હતા. એક વખત પ્રગટ પ્રભુ શ્રીહરિ ત્યાં પધાર્યા હતા. ત્યાં બીડ જોઈને પ્રભુ બોલ્યા : ‘‘અહીંયાં તો બહુ સારી વાડી થાય એમ છે.’’ પ્રભુનાં વચન સાંભળી સર્વે સભાસદો બોલ્યા : ‘‘હે મહારાજ ! આપની ઈચ્છા મુજબ અહીં સારી વાડી થાય, પણ બીડમાં જે ઝાડ ઊભાં છે, તે ખોદાવી નાંખવા પડે, તો જ સારી વાડી થાય.’’ (બીડ એટલે વાવેતર વિનાની પડતર જમીન કે જેમાં ઘાસ અને નાનાં-મોટાં વૃક્ષો ઉગતાં હોય છે.)

હે ભક્તો ! શ્રીજી મહારાજ અને હરિભક્તો વચ્ચેનો સંવાદ ત્યાં ખેતરમાં સેવા કરતાં સચ્ચિદાનંદ સ્વામીએ સાંભળ્યો. પછી બીજા દિવસે સ્વામી સવારે પૂજા-પાઠ વગેરે નિત્યક્રમ કરીને બીડમાં આવ્યા અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલવાની શરુ કરી.

ત્યારપછી વર્તમાન ધરાવી શરણમંત્ર બોલી સ્વામિનારાયણ મહાપ્રભુનું સ્મરણ કરતાં એટલે તે ઝાડમાં રહેલ જીવાત્માનું કલ્યાણ થાય ! આ પ્રમાણે તે બીડમાં રહેલાં અનેક વૃક્ષોને ધામના અધિકારી બનાવી દીધાં અર્થાત્ વર્તમાન ધરાવી શ્રીજી મહારાજના શરણે લીધાં એટલે દરેક વૃક્ષો આપમેળે સુકાઈ ગયા !

હે ભક્તો ! જ્યારે સચ્ચિદાનંદ સ્વામી પીપળાવાડીની બીડમાં ઝાડને વર્તમાન ધરાવી ધામમાં મોકલતા હતા. ત્યારે દરબારગઢમાં શ્રીજી મહારાજે પૂછ્યું : "સચ્ચિદાનંદ સ્વામી ક્યાં ગયા છે ?" ત્યારે ભક્તોએ કહ્યું : "હે મહારાજ ! ગઈકાલે તમે પીપળાવાડીમાં જે સંકલ્પ કર્યો હતો, તે જાણીને સ્વામી તે બીડમાં ગયા છે."

એ સમયે જ પૂજ્યપાદ સ્વામીજી વાડીએથી શ્રીજી મહારાજ પાસે આવ્યા અને દંડવત્ પ્રણામ કરીને બેઠા. ત્યારે મહારાજે પૂછતા સ્વામીએ જવાબ આપતા કહ્યું : "હે મહારાજ ! ગઈકાલે આપે જે વૃક્ષો પર દૃષ્ટિ કરીને જે સંકલ્પ કર્યો હતો તે સર્વે વૃક્ષોને વર્તમાન ધરાવીને ધામમાં મોકલી દીધા છે. એ સર્વે ઝાડવાંઓ સાવ સૂકાઈ ગયા છે અને હવે આગળ શું સેવા કરવી એ આપને પૂછવા આવ્યો છું." આવું સાંભળી શ્રીજી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા : "હવે ત્યાં સરસ બાગ થશે." પછી સમય જતાં તે સ્થાને સરસ બાગ થયો હતો.

## ૫૮

# સચ્ચિદાનંદ સ્વામીને સેવાનું અંગ

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર ઉનાળાના આકરા તાપમાં પ્રગટ પ્રભુ શ્રીહરિએ પાર્ષદ અલૈયા ભક્તને કહ્યું : ‘‘ગરમી બહુ થાય છે, માટે ટાઢું થાય એવું કાંઈક કરો.’’ (યાદ રાખજો કે અલૈયા નામના ત્રણ ભક્તો સંપ્રદાયમાં હતા. એક તો ઝીંઝાવદર ગામના અલૈયા ખાચર. બીજા હતા કુંડળ ગામના અલૈયા કહર. અને ત્રીજા હતા પાર્ષદ અલૈયા ભગત. આ ત્રણેય ભક્તો શ્રીજી મહારાજના સમકાલીન ભક્તો હતા.)

પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ પાર્ષદ અલૈયા ભક્તે માંડવા ઉપર બુંગણ નાખી રેતીમાં પાણી રેડાવી ચારેબાજુ રેતી ભીની કરી એટલે ઠંડી હવા આવવા લાગી ! પછી શ્રીજી મહારાજને બોલવી તે માંડવામાં બેસાડ્યા. ત્યાં બેસવાથી મહારાજના શરીરે ઠંડક થવા લાગી એટલે પ્રભુ અલૈયા ભક્ત ઉપર બહુ જ રાજી થયા.

બરાબર એ સમયે વાડીએથી સચ્ચિદાનંદ સ્વામી દાડમ, જામફળ, બદામ અને સાકરનું બુરુ (દળેલી સાકર) વગેરે સામગ્રી લાવ્યા. ઉપરોક્ત ફળ વગેરે

સ્વામી સ્વયં વાવીને ફળ પકવીને શ્રીજી મહારાજને જમાડી રાજીપો મેળવતા હતા. પછી  શ્રીજી પ્રભુને બાજોઠ ઉપર બેસાડીને સ્નાન કરાવ્યું અને શ્વેત વસ્ત્ર પહેરાવ્યાં. પછી પ્રભુનાં સર્વે અંગમાં ચંદનની અર્ચા કરીને ફૂલનો પોશાક પહેરાવ્યો. પછી જે સામગ્રી લાવ્યા હતા તે પ્રગટ પ્રભુને જમાડી છેલ્લે અગરબત્તીનો ધૂપ કરી કપુરની આરતી ઉતારી.

પછી સચ્ચિદાનંદ સ્વામીએ કેરીના મરવા, તાંદળજાની ભાજીની બે પુળી, ફુદીનો, આદુ, લીલા મરચાં અને મોગરી-મૂળા વગેરે મહારાજ આગળ મૂક્યાં. પછી તે બધું મહારાજે દરબારમાં મોકલાવ્યું. એટલે જીવુબા-લાડુબાએ તેમાંથી થાળ બનાવીને શ્રીજી મહારાજ પાસે મોકલાવ્યો, તેને મહારાજ પ્રેમથી જમ્યા.

હે ભક્તો ! સાંજના સમયે રાત્રિની ચાર ઘડી બાકી હતી ત્યારે સભામાં શ્રીજી મહારાજે વાત કરી જે, ''આ સચ્ચિદાનંદ સ્વામી સિવાયના જે સંતો છો એમને એમ સંકલ્પ થાય છે કે, 'આપણે પરમહંસ થવા આવ્યા હતા, પણ મહારાજે તો આપણને કાઠી દરબારના કારભારી બનાવી દીધા, પરંતુ આપણે જે ધાર્યું હતું તેમ ન થયું.' એવો વિચાર તમને આવે છે.'' આ રીતે કહીને સભામાં બેઠેલા સૌને સમાધિ કરાવીને જીવુબા, લાડુબા અને દાદા ખાચરનો મહિમા સમજાવ્યો. તેથી સૌને પસ્તાવો થયો અને માફી માગી. અંતે શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

# શ્રીહરિએ મહાદેવના દર્શન કરાવ્યાં

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર ચોમાસામાં ગઢપુરમાં ઘેલા નદીમાં અતિશય ઘોડાપુર આવ્યું હતું. તેના કારણે કોઈપણ તરવૈયો સામે કાંઠે જઈ શકતો નહિ. એ સમયે દાદા ખાચરના પિતા એભલ ખાચરને એવું નિયમ હતું કે, 'નદીના સામા કિનારે રહેલા નીલકંઠ મહાદેવનાં દર્શન કર્યાં પછી જ જમવું.' પરંતુ સાંજ પડી ગઈ તો પણ ઘેલામાં પાણી ઉતર્યું નહિ, તેના કારણે એભલ બાપુને આખો ઉપવાસ થયો.

સાંજ પડી ગઈ તોપણ એભલ બાપુ જમ્યા નહિ, તેથી જીવુબા અક્ષર ઓરડીએ ગયાં અને પ્રગટ પ્રભુ શ્રીહરિને કહેવા લાગ્યાં : ''હે મહારાજ ! મારા બાપુ સવારના જમ્યા નથી, એ ભુખ્યા-ભુખ્યા ડોલાં ખાય છે, તેથી આપ કંઈક કૃપા કરો એટલે જમવા આવે.''

જીવુબાની વાત સાંભળી શ્રીજી મહારાજે તરત જ એભલ ખાચરને બોલાવ્યા અને ન જમવાનું કારણ પૂછતા એભલ બાપુએ કહ્યું : ''હે મહારાજ ! શંકરનાં

દર્શનનું મારે નિયમ છે અને આજે ઘેલામાં પાણી ઉતર્યું નથી, તેના કારણે મારે દર્શન થયાં નથી, એટલે જમ્યો નથી.''

હે ભક્તો ! આવું સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણે દરબારગઢના આથમણા વગેરે દરેક બારના ઓરડા તથા બધા જ ઓરડાની ઓસરીએ અને કોરે ૧૦૦ (સો) શંકરના સ્વરૂપ દેખાડ્યાં. પછી શ્રીજી મહારાજે એભલ ખાચરને કહ્યું : ''બાપુ કરો દર્શન.'' આવું દૃશ્ય જોઈને એભલ ખાચરને શ્રીજી મહારાજ પ્રત્યે પાકો નિશ્ચય થઈ ગયો, તેથી મનોમન નિશ્ચય કરી લીધો કે, 'શ્રીજી મહારાજથી કોઈ મોટું નથી, માટે આજથી નિયમ લઉં છું કે શ્રીજી મહારાજના દર્શન કર્યા વગર જમવું નહિ.'

## ૬૧

# સ્વામીને જમાડ્યા, એટલે ચોરાશી પૂરી

હે વહાલા સંતો-ભક્તો ! ગઢપુરમાં એકવાર શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા. એ સમયે ભાદરવો મહિનો ચાલતો હોવાથી મહારાજે કહ્યું : "તમે બધા પોતપોતાનાં માતા-પિતાઓનું શ્રાદ્ધ કરો છો, એમ અમારે પણ આ શ્રાદ્ધપક્ષમાં અમારાં બા ભક્તિમાતાનું શ્રાદ્ધ કરવું છે." ત્યારે જીવુબા-લાડુબા અને દાદાખાચરે હાથ જોડીને કહ્યું : "હે મહારાજ ! આપની ઈચ્છા પ્રમાણે શ્રાદ્ધ કરો, અમે બધી સામગ્રી લાવી આપીશું."

ત્રણેય ભાઈ-બહેનોનો ભાવ જોઈ પ્રગટ ભગવાન તેમના ઉપર રાજી થયા. પછી જ્યારે ભાદરવા વદ નોમ આવી ત્યારે પચીશ (૨૫) મણ દૂધ ભેળું કરી એનો દૂધપાક કરાવ્યો અને સંતો પાસે સાત પડવાળી રોટલી કરાવી. પછી પવિત્ર બ્રાહ્મણને પ્રથમ જમાડવા માટે શોધ કરવા લાગ્યા, ત્યારે મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "હે મહારાજ ! મૂળજી બ્રહ્મચારી જેવો પવિત્ર બ્રાહ્મણ બીજો કોઈ નથી, માટે તેને પ્રથમ જમાડો."


હે ભક્તો ! ત્યારે પ્રગટ પ્રભુએ મૂળજી બ્રહ્મચારીને કહ્યું : “તમે પ્રથમ જમી લ્યો, પછી અમારે શ્રાદ્ધ નાખવું છે.” ત્યારે બ્રહ્મચારી કહે : “હું તો આપનો દાસ છું તેથી આપને જમાડ્યા વિના મારે જમાય જ નહિ.” ભગવાન અને ભક્ત બંને હઠે ચડ્યા ! ત્યારે મુક્તાનંદ સ્વામીએ તથા ગોપાળાનંદ સ્વામીએ મૂળજી બ્રહ્મચારીને સમજાવીને જમવા તૈયાર કર્યાં. ત્યારે વૈકુંઠ બ્રહ્મચારીએ પીરસ્યું, તેથી મૂળજી બ્રહ્મચારી બે ગ્રાસ (કોળીયા) જમ્યા.

પછી શ્રીજી મહારાજે સર્વે સંતો-પાર્ષદો અને હરિભક્તોને જાતે પીરસીને જમાડીને મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : “હે સ્વામી ! ભક્તિમાતાનું શ્રાદ્ધ પૂર્ણ થયુંને ?” ત્યારે દિલગીર થઈને સ્વામી બોલ્યા : “હે મહારાજ ! સમાજમાં કે ગામમાં ચોરાશી કરે, પણ એક બ્રાહ્મણ રહી જાય તો ચોરાશી અધૂરી કહેવાય.”

આવું સાંભળી શ્રીજીએ કહ્યું : “હે સ્વામી ! મોટા મોટા સંતો-ભક્તો જમ્યા છે, હવે કોણ બાકી છે ?” ત્યારે ગદ્‌ગદ્‌ કંઠે મુક્તાનંદ સ્વામી બોલ્યા : “હે દયાળુ ! આપશ્રીએ ત્રણ દિવસથી સચ્ચિદાનંદ સ્વામીને કાઢી મૂક્યા છે, તેથી તેઓ ભાદરવાના આ આકરા તાપમાં ઘેલા નદીમાં સામે કાંઠે પથ્થર ઉપર બેસી તમારું ધ્યાન-સ્મરણ કરે છે.”

સ્વામીની ઈચ્છા જાણી તુરંત મહારાજે મોનજી ભગતને મોકલ્યા. તેથી તેમણે જઈ સચ્ચિદાનંદ સ્વામીને સર્વે વાત કરી એટલે તુરંત ઉતાવળા-ઉતાવળા તેઓ

શ્રીજી મહારાજ પાસે આવ્યા અને મહારાજને ભેટવા માટે દોડ્યા એટલે મહારાજે એમને જમવા બેસાડી દીધા. પછી મહારાજે તેમની આગળ તાંસ મૂકી દૂધપાક પીરસ્યો અને રોટલીનો મોટો ખડકલો પણ તે તાંસમાં મૂક્યો. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : ‘‘હવે કેમ સ્વામી ?’’ ત્યારે સ્વામી રાજી થઈને બોલ્યા : ‘‘હે મહારાજ ! હવે ભક્તિમાતાની ચોરાશી પૂરી થઈ ગઈ.’’



૬૨

## સ્વામીનાં ૧૦૦ રૂપો થયાં !

હે વહાલા સંતો-ભક્તો ! દાદા ખાચરને અને ભડલીના ભાણ ખાચરને જમીન બાબત તકરાર થતાં વેર બંધાયું હતું, તેના કારણે ભાણ ખાચર શ્રીજી મહારાજ સાથે દ્વેષ રાખી પ્રભુને મારવા માટે લાગ ગોત્યા કરતો હતો.

એવા સમયમાં એક દિવસ શ્રીજી મહારાજ વીશ પાળા (પાર્ષદો)ને લઈ રાધાવાવે રાત્રીના સમયે ગયા અને કહેવા લાગ્યા : "આપણે રસોઈ કરવી છે, માટે દસ પાળા ગામમાં સીધું-સામાન લેવા જાઓ અને દસ પાર્ષદો કપાસના ખેતરમાં ચીભડાં લેવા જાઓ. અમારી સેવામાં ફક્ત સચ્ચિદાનંદ સ્વામી રહે."

ગુપ્તચરો દ્વારા આ વાત ભાણ ખાચરે જાણી, એટલે સો (૧૦૦) ઘોડેસ્વારો લઈને રાત્રીએ જ શ્રીજી મહારાજને મારવા માટે રાધાવાવે આવ્યો ! એ સમયે શ્રીજી મહારાજ મોટી કાંટાની વાડ કરાવી એની અંદર ગાડા ઉપર ઢોલિયો નંખાવીને બેઠા હતા અને મોટાભાઈ (સચ્ચિદાનંદ સ્વામી) પણ પાસે બેઠા હતા.

હે ભક્તો ! ભાણ ખાચરના સો (૧૦૦) ઘોડેસ્વારોએ આવીને ચારેકોરથી શ્રીજી મહારાજને ઘેરી લીધા ! ત્યારે સમર્થ હોવા છતાં નિર્બળ હોય એવી મનુષ્ય

લીલા કરતાં પ્રગટ પ્રભુએ બૂમ પાડી : ''મોટાભાઈ....! એ મોટાભાઈ.'' એટલે મારવા આવનારા દરેકને ઘોડે ઘોડે મોટાભાઈ દેખાણાં ! અર્થાત્ એક સાથે ૧૦૦ રૂપ સ્વામીએ ધારણ કર્યાં.

મોટાભાઈએ એક હાથમાં ખુલ્લી તલવાર અને એક હાથમાં સામેના વ્યક્તિઓનાં માથાના વાળ પકડી લીધા. પછી સૌનાં ગળા ઉપર તલવાર રાખી એક સાથે ૧૦૦ સ્વારોને પકડી લીધા. આવું દૃશ્ય જોઈ મારવા આવનારા કરગરતા કહેવા લાગ્યા : ''અમને જવા દો, હવે કોઈ દિવસ નહિ આવીએ. અમને આપા વિસામણના સોગંધ છે - આપા ગોરખાના સમ છે.''

એ સમયે ઢોલિયે બેઠાં બેઠાં જ શ્રીજી મહારાજ બોલ્યા : ''મોટાભાઈ ! જવા દો એ બધાને.'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ સૌની ચોટલી (માથાના વાળ) મૂકી દીધી એટલે સૌ જીવ લઈને ભાગી ગયા.

આવો શોર-બકોર થયો એનો અવાજ ચીભડાં લેવાં ગયેલા પાર્ષદોએ સાંભળ્યો, તેથી તેઓ દોડતા-દોડતા મહારાજ પાસે આવ્યા અને ગામમાં સીધું લેવા ગયેલા પાળાઓ પણ આવી પહોંચ્યા. ત્યારે ગભરાઈ ગયા હોય એમ મુખ કરીને શ્રીજી મહારાજ કહેવા લાગ્યા : ''અમને મારવા માટે ભાણ ખાચર સો માણસોને લઈને આવ્યો હતો, પણ આ મોટાભાઈએ અમને બચાવ્યા. તમે તો ગયા ત્યાં ને ત્યાં જ રહ્યા. આજે જો મોટાભાઈ ન હોત તો અમને મારી નાખત, આજે તો મોટાભાઈએ જ અમને જીવતા રાખ્યા છે.'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા : ''હે મહારાજ ! હું જ્યાં જોઉં ત્યાં હું જ દેખાતો હતો, આ તમારી સામર્થીનો પ્રતાપ છે.''

## ૬૩

# ઘોડીમાં પ્રવેશ કરી પછાડ્યા !

હે વહાલા સંતો-ભક્તો ! ગઢડાના ગરાસના ભાગીદાર પુંજા ખાચરના દીકરા જીવા ખાચર વ્યવહારે મોટા માણસ ગણાતા હતા. સમાજમાં તેઓ આગેવાન પણ હતા. પ્રગટ પ્રભુ શ્રીહરિ શરુઆતમાં જ્યારે ગઢડા આવ્યા ત્યારે સંતો સહિત જીવા ખાચરના દરબારગઢમાં પણ રોકાતા હતા. પરંતુ એભલ ખાચરે પોતાના દીકરા દાદા ખાચરની જવાબદારી શ્રીજી મહારાજને સોંપી, એટલે પછી પ્રભુ દાદા ખાચરના દરબારગઢમાં રહેવા લાગ્યા અને દાદા ખાચરના વ્યવહારની જવાબદારી પણ પોતે લઈને એનો વ્યવહાર ચલાવવા લાગ્યા.

આના કારણે જીવા ખાચરના પેટમાં તેલ રેડાયું હોય એવું એને દુઃખ થવા લાગ્યું, કારણ કે જીવા ખાચરે નક્કી કરી રાખ્યું હતું કે, ‘દાદો તો બાળક છે તેથી એનો વ્યવહાર કરીને અંતે એનો ગરાસ પડાવી લઈશ.’ પરંતુ શ્રીજી મહારાજે એની મેલી મુરાદ પૂરી થવા ન દીધી, તેના કારણે સ્વયં શ્રીજી મહારાજ સાથે દ્વેષની આંટી બંધાઈ ગઈ અને પડદા પાછળ રહીને દાદા ખાચરને હેરાન કરવા

લાગ્યા, પરંતુ સ્વયં પ્રગટ પ્રભુ જેની રક્ષામાં હોય એનો વાળ કોણ વાંકો કરી શકે ? તો પણ અવાર-નવાર હેરાન-પરેશાન કર્યા કરતા હતા.

જીવા ખાચરે દાદા ખાચરના ખળાં પણ રોકાવ્યાં હતાં. સ્વંય બહાના બનાવી ભાવનગર જઈ ત્યાંના રાજા વજેસિંહની કાન ભંભેરણી કરીને દાદા ખાચર અને શ્રીજી મહારાજનું વાંકું બોલી નિંદા કરતા હતા. સ્વયં પ્રગટ પ્રભુ શ્રીહરિને મારી નાખવા માટે એકવાર તો રામા ખાચરને મોકલ્યા હતા ! આવો ભયંકર દ્રોહ પણ તેમણે કર્યો હતો. તોપણ શ્રીજી પ્રભુ એમને માફ કરી દેતા હતા.

એકવાર જીવા ખાચર દાદા ખાચર વિરુદ્ધ ફરિયાદ કરવા ભાવનગર જઈ રહ્યા હતા. તેની સચ્ચિદાનંદ સ્વામીને ખબર પડી એટલે પોતાની શક્તિ દ્વારા સ્વામીએ જીવા ખાચરના ઘોડીમાં પ્રવેશ કરી એમને પછાડ્યા, તેથી તેઓ ઊંડી ખાઈમાં પડ્યા એટલે તેમના હાથ-પગ ભાંગી ગયા. તેથી લોકોને ખ્યાલ આવતા કપડાંની ઝોળીમાં સુવડાવી ગઢપુર લાવવામાં આવ્યા હતા. એ વખતે જીવા ખાચરને છ મહિના સુધી પથારીમાં સૂઈ રહેવું પડ્યું હતું ! આવી રીતે સદ્‌ગુરુ સચ્ચિદાનંદ સ્વામીએ દાદા ખાચરનો પક્ષ રાખવા માટે જીવા ખાચરને ઘોડી ઉપરથી પછાડ્યા હતા !

# ૬૪

## સ્વામી ધામમાં પધાર્યા

હે વહાલા સંતો-ભક્તો ! વિ. સંવત્ ૧૮૮૬ના જેઠ સુદ દશમે પ્રગટ પ્રભુ શ્રીહરિએ મનુષ્ય લીલાનો ત્યાગ કરવાનું નક્કી કર્યું. ત્યારે મહાપ્રેમી સચ્ચિદાનંદ સ્વામી પણ સ્વેચ્છાથી નાડી-પ્રાણ તોડી અક્ષરધામ પહોંચી ગયા. ત્યાં મુક્તોની રજા લઈ સિંહાસન પાછળ સંતાઈને બેસી ગયા ! એ સમયે જ પૃથ્વીલોકનો ત્યાગ કરી સ્વયં પુરુષોત્તમ નારાયણ અક્ષરધામમાં પધાર્યા અને ગુસ્સે થઈને કહેવા લાગ્યા : ‘‘પૃથ્વીલોકથી કોણ ચોર આવ્યો છે ? જે હોય તે બહાર આવો.’’

પ્રગટ પ્રભુની આજ્ઞા લોપીને નાડી-પ્રાણ તોડીને ધામમાં ગયેલા સચ્ચિદાનંદ સ્વામી સિંહાસન નીચેથી બહાર આવી બે હાથ જોડી શ્રીજી મહારાજની માફી માંગી. ત્યારે પ્રગટ પ્રભુ બોલ્યા, ‘‘તમે દેહમાં પાછા જાઓ. અમે તમને છ મહિના પછી ધામમાં તેડી જશું.’’ ત્યારે સ્વામીએ કહ્યું : ‘‘પણ હે મહારાજ ! હું હવે એ દેહમાં રહી શકું તેમ નથી; કારણ કે હું નાડી-પ્રાણ તોડીને આવ્યો છું.’’

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : ‘‘તમે તમારા તુટેલા દેહમાં રહેજો. જવામાં વાર ન લગાડશો. નહિતર તમારા દેહને જો બાળી દેશે તો

તમને અમે મોટા ડુંગરામાં કે મોટા સમુદ્રમાં મગરમચ્છ કરીશું. પણ ધામમાં નહિ રાખીએ; કારણ કે અમોએ ના કહી હતી તો પણ તમે નાડી-પ્રાણ તોડી ધામમાં આવ્યા છો. હે સ્વામી ! તમે લોહીવાળા દેહે કરીને જ દરબારગઢમાં જજો અને સૌને કહેજો કે આવતીકાલે એકાદશી છે, તેથી સૌ જમી લ્યે, પણ ભુખ્યા ન રહે.''

ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું : ''હે મહારાજ ! મને તરસ બહુ લાગી છે, માટે પાણી પાઓ.'' પછી મહાપ્રભુએ એક મુક્તને કહ્યું : ''તમે એમને વિરજા નદીએ લઈ જાવ અને એનું પાણી પાઈને ફૂટલા બ્રહ્માંડમાં એના તૂટેલા દેહમાં મૂકી આવો !'' પછી મુક્તે એ પ્રમાણે કર્યું. આ બાજુ લક્ષ્મીવાડીમાં સચ્ચિદાનંદ સ્વામીનો દેહ પડ્યો હતો. તેમાં પ્રવેશ કરીને રૂધિરવાળાં વસ્ત્રો સહિત દરબારગઢમાં આવ્યા અને સર્વે હકીકત જણાવી.

હે ભક્તો ! પછી તો સચ્ચિદાનંદ સ્વામીને શ્રીજી મહારાજના વિયોગને કારણે આ લોકમાં ખાવા-પીવાનું કાંઈ ભાવતું ન હતું. વળી વિરજા નદીનું જળ પીધું હોવાથી આ લોકનું પાણી પેશાબ જેવું લાગતું હતું ! છ મહિના દેહની પીડા સહન કરીને મહારાજને બહુ પ્રાર્થના કરી તેના કારણે દયાળુ પ્રભુ દિવ્ય વિમાન લઈ મુક્તો સહિત પધાર્યા અને સંવત્ ૧૮૮૭ માગસર સુદ દશમના દિવસે અક્ષરધામમાં તેડી ગયા.

હે ભક્તો ! આ વિરલ વિભૂતિનું જીવન અનેક મુમુક્ષુઓને પ્રેરણાનાં પીયૂષ પાય છે. તેમનું આ દિવ્ય જીવન આપણા જીવનને ઉજાળે એ જ અભ્યર્થના સાથે તેમના પાવનકારી ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે દંડવત પ્રણામ....

હે વ્હાલા વાચક સંતો-ભક્તો ! મેં વડતાલધામમાં આ પુસ્તકનું લેખનકાર્ય કરેલ છે. તેના ફળ સ્વરૂપે વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા વડતાલધામના સર્વે દેવો તેમજ આચાર્ય મહારાજશ્રી, સંતો-પાર્ષદો અને હરિભક્તો મારા ઉપર રાજી થાય એ જ શુભભાવના સાથે સૌ વાચકોને વડતાલધામથી લિખિતંગ સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

**: લેખન પ્રારંભ :**

**તા. ૦૧-૦૧-૨૦૨૨**

**માગસર વદ ચૌદશ : સંવત્ ૨૦૭૮**

**: લેખન સમાપ્ત :**

**તા. ૦૧-૦૩-૨૦૨૨**

**સદ્ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીનું જીવન ચરિત્ર સમાપ્ત**

## પૂ.સ્વામીનો પરિચય

હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સં. ૨૦૪૩, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ; આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. આ સિવાય સ્વામીએ વચનામૃતના ૧૦૮ પાઠ પણ કર્યા છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને ''સત્સંગિજીવન સાગર મંથન'' નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિકા 'શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ' માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેઓ હાલમાં છેલ્લાં છ વર્ષથી વડતાલધામમાં રહીને દરરોજ સભામંડપમાં કથા-વાર્તા કરી રહ્યા છે, તેનું લાઈવ પ્રસારણ રોજ સવારે ૬-૧૫ થી ૭-૧૫ કલાક સુધી વડતાલધામ યુ ટ્યૂબ-ફેસબુક, કર્તવ્ય ટી.વી તેમજ લોકલ ટીવી દ્વારા થઈ રહ્યું છે. તેમણે બનાવેલ કીર્તનોનું 'પ્રગટના ગુણગાન' નામે પુસ્તક પણ પ્રકાશિત કરેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૨૯ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે.

### પૂ. સ્વામી દ્વારા લખાયેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | પ્રગટના ગુણગાન | ઈ.સ. ૧૯૯૪ |
| (૨) | જ્ઞાનસરિતા | ઈ.સ. ૧૯૯૫ |
| (૩) | સત્સંગિજીવન સાગરમંથન | ઈ.સ. ૧૯૯૭ |
| (૪) | મોહનજીને મળવાને | ઈ.સ. ૧૯૯૭ |

| | | |
|---|---|---|
| (૫) | જીવન-યાત્રા | ઈ.સ. ૨૦૦૪ |
| (૬) | માનવતાના દીવડા | ઈ.સ. ૨૦૦૪ |
| (૭) | વાણી વિવેક | ઈ.સ. ૨૦૦૪ |
| (૮) | જીવન એક સ્નેહ ઝરણું | ઈ.સ. ૨૦૦૪ |
| (૯) | અમાનવીય ક્રૂરતા | ઈ.સ. ૨૦૦૪ |
| (૧૦) | શીલવંતા સંતો સાંભળજો | ઈ.સ. ૨૦૦૯ |
| (૧૧) | કીધો યજ્ઞ ડભાણમાં | ઈ.સ. ૨૦૧૦ |
| (૧૨) | માંગરોળમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૧૧ |
| (૧૩) | આત્મબોધ | ઈ.સ. ૨૦૧૨ |
| (૧૪) | લોજધામની લીલા | ઈ.સ. ૨૦૧૩ |
| (૧૫) | કૃપા-મુક્તિ | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૬) | મુક્તિના ઉપાયો | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૭) | લીલા લોયાધામની | ઈ.સ. ૨૦૧૬ |
| (૧૮) | ધરગામનો મહિમા | ઈ.સ. ૨૦૧૯ |
| (૧૯) | આદર્શ જીવન પ્રસંગો | ઈ.સ. ૨૦૧૯ |
| (૨૦) | આપણું વડતાલધામ | ઈ.સ. ૨૦૧૯ |
| (૨૧) | ચાર સદ્.શ્રીનાં જીવન દર્શન | ઈ.સ. ૨૦૨૦ |
| (૨૨) | કાલવાણીમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૨૨ |
| (૨૩) | નિષ્કુળાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૨ |
| (૨૪) | અધ્યાત્મનાં પગથિયાં | ઈ.સ. ૨૦૨૩ |
| (૨૫) | મમતાની મૂર્તિ મા | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૬) | ગુણાતીતાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૭) | અક્ષરાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૮) | સચ્ચિદાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૯) | માતૃદેવો ભવ પિતૃદેવો ભવ | ઈ.સ. ૨૦૨૪ |

# ધ્યાન ચિંતામણિ

## પદ-૧

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ...૧
સમરું પ્રગટરૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ,
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ...૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ,
જેને શેષ સહસ્ત્રમુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ...૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ,
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ...૪

## પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ...૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતિલા જોઉં ખાંતમાં રે લોલ.૨
વ્હાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ,
વ્હાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ.૩
વ્હાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.૪

### પદ-૩

વ્હાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ...૧
વ્હાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ...૨
વ્હાલા તારા દંત દાડમના બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ,
વ્હાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ...૩
વ્હાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારું પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ...૪

### પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ,
વ્હાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ...૧
વ્હાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ,
વ્હાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ...૨
વ્હાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ,
વ્હાલા તેતો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ...૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિકજન ઘેલડા રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ...૪

## પદ-૫

વ્હાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ,
કરના લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ...૧
વ્હાલા તારી આંગળીયોની રેખા, નખમણિ જોઈને રે લોલ,
વ્હાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ...૨
વ્હાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ,
વ્હાલા મારે હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ...૩
વ્હાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ...૪

## પદ-૬

વ્હાલા તારી મૂરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ,
વ્હાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ...૧
વ્હાલા મારે સુખ સંપત્ત તમે શ્યામ, મોહન મન ભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ...૨
વ્હાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ,
વ્હાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ...૩
આવો મારા રસિયા રાજીવનેણ, મરમ કરી બોલતા રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ...૪

## પદ-૭

વ્હાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોવું સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ...૧
વ્હાલા તારી નાભી નૌત્તમ રુપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ...૨
વ્હાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ,
વ્હાલા નિત્ય નિરખું પીંડીને પાની, કોઈને નવ કહું રે લોલ...૩
વ્હાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ...૪

## પદ-૮

વ્હાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ,
વ્હાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ...૧
વ્હાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ,
વ્હાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ...૨
વ્હાલા તારા નખની અરુણતા જોઈ, શશિકળા ક્ષીણ છે રે લોલ,
વ્હાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ...૩
વ્હાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ,
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ...૪

## જનમંગલ નામાવલિ

ૐ શ્રી કૃષ્ણાય નમઃ
ૐ શ્રી વાસુદેવાય નમઃ
ૐ શ્રી નરનારાયણાય નમઃ
ૐ શ્રી પ્રભવે નમઃ
ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ
ૐ શ્રી અજન્મે નમઃ
ૐ શ્રી કૃષ્ણાય નમઃ
ૐ શ્રી નારાયણાય નમઃ
ૐ શ્રી હરયે નમઃ
ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ
ૐ શ્રી ઘનશ્યામાય નમઃ
ૐ શ્રી ધાર્મિકાય નમઃ
ૐ શ્રી ભક્તિનંદનાય નમઃ
ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ
ૐ શ્રી શુદ્ધાય નમઃ
ૐ શ્રી રાધાકૃષ્ણદેવતાય નમઃ
ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ

ૐ શ્રી કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ
ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ
ૐ શ્રી જીતાહારાય નમઃ.
ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ
ૐ શ્રી આસ્તિકાય નમઃ
ૐ શ્રી યોગેશ્વરાય નમઃ
ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ
ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ
ૐ શ્રી જ્ઞાનિને નમઃ
ૐ શ્રી પરમહંસાય નમઃ
ૐ શ્રી તિર્થકૃતે નમઃ
ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ
ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ
ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ
ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ
ૐ શ્રી તપઃ પ્રિયાય નમઃ
ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ

ૐ શ્રી સ્વતંત્રાય નમઃ
ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ
ૐ શ્રી પાષડોચ્છેદનપટવે નમઃ
ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ
ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ
ૐ શ્રી નિર્દોષાય નમઃ
ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ
ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ
ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ
ૐ શ્રી મહાવ્રતાય નમઃ
ૐ શ્રી સાધુશીલાય નમઃ
ૐ શ્રી સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ
ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ
ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ
ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ
ૐ શ્રી સ્વામિને નમઃ
ૐ શ્રી કાલદોષનિવારકાય નમઃ
ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ
ૐ શ્રી સદ્યસમાધિ સ્થિતિકારકાય નમઃ
ૐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ
ૐ શ્રી કૌલદ્વિષે નમઃ
ૐ શ્રી કલિતારકાય નમઃ
ૐ શ્રી પ્રકાશરૂપાય નમઃ
ૐ શ્રી નિર્દંભાય નમઃ
ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ
ૐ શ્રી ભક્તિસંપોષકાય નમઃ
ૐ શ્રી વાગ્મીને નમઃ
ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ
ૐ શ્રી નિર્મત્સરાય નમઃ
ૐ શ્રી ભક્તવર્મણે નમઃ
ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ
ૐ શ્રી અતિપાવનાય નમઃ
ૐ શ્રી અબુદ્ધિહૃતે નમઃ
ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ
ૐ શ્રી અપરાજીતાય નમઃ
ૐ શ્રી આસમુદ્રાંન્તસત્કીર્તયે નમઃ
ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ
ૐ શ્રી ઉદારાય નમઃ

ૐ શ્રી સહજાનંદાય નમઃ
ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
ૐ શ્રી કંદર્પદર્પદલનાય નમઃ
ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ
ૐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ
ૐ શ્રી નૈષ્ઠિક્વ્રતપોષકાય નમઃ
ૐ શ્રી પ્રગલ્ભાય નમઃ
ૐ શ્રી નિઃસ્પૃહાય નમઃ
ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ
ૐ શ્રી ભક્તવત્સલાય નમઃ
ૐ શ્રી અરોષણાય નમઃ
ૐ શ્રી દીર્ધદર્શિને નમઃ
ૐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ
ૐ શ્રી નિરહંકૃતયે નમઃ
ૐ શ્રી અદ્રોહાય નમઃ
ૐ શ્રી ઋજવે નમઃ
ૐ શ્રી સર્વોપકારકાય નમઃ
ૐ શ્રી નિયામકાય નમઃ
ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ
ૐ શ્રી વિનયવતે નમઃ
ૐ શ્રી ગુરવે નમઃ
ૐ શ્રી અજાતવૈરિણે નમઃ
ૐ શ્રી નિર્લોભાય નમઃ
ૐ શ્રી મહાપુરુષાય નમઃ
ૐ શ્રી આત્મદાય નમઃ
ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ
ૐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ
ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ
ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ
ૐ શ્રી પુર્ણકામાય નમઃ
ૐ શ્રી સત્યવાદિને નમઃ
ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ
ૐ શ્રી ગતસ્મયાય નમઃ
ૐ શ્રી સદાચારપ્રિયતરાય નમઃ
ૐ શ્રી પુણ્યશ્રવણકીર્તનાય નમઃ

સર્વમંગલસદ્રુપનાના ગુણવિચેષ્ટિતાય નમઃ

ઈતિ શ્રી જનમંગલનામાવલિ સંપૂર્ણ

**નોંધ :**



મહાપ્રતાપી શ્રી રણછોડરાયજી, શ્રી લક્ષ્મીનારાયણ દેવ
વડતાલધામ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
આયોજીત

# 200

શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ
संवत १८८१ से २०८१

# દ્વિશતાબ્દી મહોત્સવ

7 to 15 Nov. 2024


**-: પ્રકાશક :-**

વડતાલ ટેમ્પલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડ વતી,

**મુખ્ય કોઠારીશ્રી ડો.શાસ્ત્રી સંતવલ્લભદાસજી સ્વામી** (Ph.D., D.Lit.)

મુ.પો. વડતાલ. તા. નડિયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫(ગુજરાત)

Email : vadtaldhamvikas@gmail.com • Website : www.vadtalmandir.org